ISBN-978-81-971187-3-9
First Edition



**Dr. Varsha C. Brahmbhatt** is the Associate Professor of the Maniben M. P. Shah Mahila Arts College, Kadi Since 1993. She has done her Graduation in Gujarati from St. Xavier's College, Gujarat University, Ahmedabad. Further there after she has completed her Master's Degree in Gujarati from School of Languages, Gujarat University, Ahmedabad. She has been Awarded Ph.D. Degree in Gujarati by Gujarat University, Ahmedabad.

She has Actively Involved in her Teaching Profession. She has having 30 years of experience at graduation level and 15 years of experience at post graduation level. She has depth knowledge in Literature. she has interest in reading, writing, music and travelling. She is also involve with cultural activities at college. She has Published many Research Paper / Articles in Reputed Educational Journals. She is working as a NAAC and IQAC Coordinator in the College.

*Publisher*

Maniben M. P. Shah Mahila Arts College,
Opp. N.C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist. : Mehsana
Gujarat, India
Ph. : (02764) 242072
Email : hina639@gmail.com

ISBN 978-81-971187-3-9
9 788197 118739

# Raju, Kumud & Rohini

Author

Dr. Varsha C. Brahmbhatt

ISBN-978-81-971187-3-9
First Edition

# Raju, Kumud & Rohini

**Dr. Varsha C. Brahmbhatt**

**Maniben M. P. Shah Mahila Arts College**

**Publisher**

ISBN-978-81-971187-3-9
First Edition

Published by:
**MANIBEN M. P. SHAH MAHILA ARTS COLLEGE,**
Opp. N. C. Desai Petrol Pump,
Kadi - 382715, Dist - Mehsana,
Gujarat, India
Ph.: (02764) 242072
E-Mail: hina639@gmail.com

Published - 2024

© Reserved

ISBN: 978-81-971187-3-9

All rights reserved. No part of this book may be reproduced in any form or by any mean without permission in writing from the publisher.

**Published at:** Kadi

ISBN-978-81-971187-3-9
First Edition

## પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યના સમર્થ નવલકથાકારો પૈકી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી, પન્નાલાલ પટેલઅને મનુભાઈ પંચોળી ‘દર્શક’ પાસેથી ક્રમશ: ‘સરસ્વતીચંદ્ર’, ‘માનવીની ભવાઈ’ અને ‘ઝેર તો પીધા છે જાણી જાણી’ નવલકથાઓ પ્રાપ્ત થયા છે.

આભિજાત્યની મૂર્તિ એવી કુમુદસુંદરી, વિલક્ષણ નારીપાત્ર રાજુ અને ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ રોહિણી. આ ત્રણેય નાયિકાઓ જુદો-જુદો યુગસંદર્ભ ધરાવતી હોવા છતાં સામાજિક રૂઢીને વશ વર્તીને ચાલનારી બતાવી છે. ત્રણેય નાયિકાઓ પ્રણયવૈફલ્યનો ભોગ બનેલી છે. ત્રણેય નાયિકાઓ અન્ય પાત્ર સાથે લગ્ન થવા છતાં પોતાના પ્રિયપાત્રને ભૂલતી નથી છતાં પોતાના પતિને સંપૂર્ણ વફાદાર રહેવાનો ગુણ ધરાવે છે. કુમુદ, રાજુ અને રોહિણીના આદર્શ જીવનમાં ભારતીય હિંદુ નારીનાં દર્શન થાય છે. ત્રણેય નાયિકાઓ સર્વગુણસંપન્ન અને દેખાવડી છે. કુમુદની પ્રકૃતિ અંતર્મુખી છે. જયારે રાજુ અને રોહિણી બહિર્મુખી પ્રકૃતિ ધરાવે છે.

પ્રસ્તુત પુસ્તકમાં જુદો-જુદો યુગસંદર્ભ ધરાવતા સમર્થ સર્જકો ગોવર્ધનરામ, પન્નાલાલ પટેલ અને મનુભાઈ પંચોળી, ‘દર્શક’ આ ત્રણેય સર્જકોએ ભારતીય આદર્શો અને પરંપરાને જાણે-અજાણ્યે વશ વર્તીને ચાલવાનું સ્વીકાર્યું છે. કલેવરભેદે એક જ પ્રકારની આદર્શ નાયિકાનું નિર્માણ કર્યું છે. આદર્શ નારીપાત્રની વિપરીત પરિસ્થિતિમાં પણ પોતાનું આભિજાત્ય અને સંસ્કારો છોડતી નથી અને ત્યાગ અને બલિદાનની મૂર્તિ બની રહે છે. પંડિતયુગ અને ગાંધીયુગની ની વિભાવના પ્રસ્તુત પુસ્તક દ્વારા જ કરાઈ છે.

**ડૉ. વર્ષા સી. બ્રહ્મભટ્ટ**

ISBN-978-81-971187-3-9
First Edition

## અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પાના નંબર |
|---|---|---|
| ૧ | નાયિકાની વિભાવના | ૧ |
| ૨ | કુમુદસુંદરી – આભિજાત્યની મૂર્તિ | ૧૦ |
| ૩ | રાજુ – વિલક્ષણ નારીપાત્ર | ૨૬ |
| ૪ | રોહિણી – ત્યાગ અને સહનશીલતાની મૂતિ | ૪૫ |
| ૫ | કુમુદ, રાજુ અને રોહિણીના પાત્રોની તુલના | ૫૯ |
| ૬ | પરિશિષ્ટ : સંદર્ભ સૂચિ | ૬૫ |

ISBN-978-81-971187-3-9
First Edition

## પ્રકરણ – ૧

## નાયિકાની વિભાવના

આદિકાળથી પુરુષ અને પ્રકૃતિ પરસ્પર પૂરક છે. પુરુષ વિના સ્ત્રી અપૂર્ણ છે અને સ્ત્રી વિના પુરુષ અધુરો છે. આથી જ તો સ્ત્રી અને પુરુષને સંસારરથનાં બે પૈંડા કહયાં છે. તેમ છતાં સમાજ એકંદરે પુરુષપ્રધાન હોઈ સમાજમાં સ્ત્રી કરતાં પુરુષને વધુ મહત્વ આપવામાં આવે છે.

આપણાં પ્રાચીન શાસ્ત્રકારોએ એક તરફ સ્ત્રીઓને ઊંચે આસને બેસાડી આદભાવ પ્રગટ કર્યો છે. તો બીજી તરફ એમને સમાજમાં ગૌણ ગણી એમની અવમાનના થાય એ પ્રકારના વિધાનો પણ કર્યા છે. જેમ કે મનુસ્મૃતિમાં મનુએ એક તરફ નારીની પ્રશિસ્ત ઉચ્ચારતાં 'यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता:|' અર્થાત જયાં નારીની પૂજા થાય છે ત્યાં દેવો નિવાસ કરે છે. તો અન્યત્ર એ જ મનુસ્મૃતિમાં न तु स्त्रीस्वातन्त्र्यमर्हति અર્થાત સ્ત્રીને સ્વાતંત્ર્ય ન આપવું જોઈએ.

તુલસીદાસે એક તરફ રામાયણમાં સીતાનો આદર કરી એક ઉચ્ચ આદર્શ નારીનું ચરિત્ર પ્રસ્થાપિત કર્યુ છે, એ જ તુલસીદાસ અન્ય સંદર્ભમાં કહે છે :–

"ઢોલ, ગઁવાર, શુદ્ર, પશુ, નારી,
યે સબ તાડન કે અધિકારી."

આપણી વેદકાલીન વ્યવસ્થામાં જીવનના ચાર આશ્રમો નકકી કરેલા છે, જેવા કે – બ્રહમચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમ – આ ચાર આશ્રમમાંથી શાસ્ત્રોએ "ગૃહસ્થાશ્રમ" ને શ્રેષ્ઠ કહયો છે. કેમ કે અન્ય આશ્રમો "ગૃહસ્થાશ્રમ" થકી છે. અને ગૃહસ્થાશ્રમ સ્ત્રી અને પુરુષથી બને છે. માટે સમાજમાં સ્ત્રી અને પુરુષ બંનેનું સ્થાન મહત્વનું હોઈ સમાન હોવું જોઈએ.

गृहिणी गृहमुच्यत् અર્થાત "ગૃહિણીથી જ ઘર કહેવાય છે." ગૃહિણી વિનાનું ઘર સ્મશાન તૂલ્ય છે.

સંસ્કૃત સાહિત્ય વધારે શૃંગારપ્રધાન હોવાથી તેમાં નાયિકાને વધુ મહત્વ અપાયું છે. ભરતમુનિએ "નાટયશાસ્ત્ર" માં નાયકવિચારની સાથે સાથે નાયિકાવિચાર પણ વિગતે ચર્ચ્યો છે. તો અંગ્રેજી સાહિત્યમાં એરિસ્ટોટલે માત્રનાયકનો જ વિચાર કર્યો છે.

કથાસાહિત્યમાં માત્રનાયક જ મહત્વનો નથી પણ, સાહિત્યમાં સમતુલા ઊભી કરવા માટે નાયકની સાથે સાથે નાયિકાનું પણ મહત્વ છે. કેમકે બંને પરસ્પર પૂરક હોવાથી એકબીજા વિનાં અધૂરાં છે.

ગુજરાતી સાહિત્યમાં નાયિકાની વિભાવના વિશે કોઈ ચોકકસ મત બાંધી શકાય તેમ નથી, જયારે સંસ્કૃત સાહિત્યમાં નાયિકા – વિભાવનાની, નાયિકાવિચારની એક ચોકકસ રૂપરેખા આપણને જોવા મળે છે. આથી આપણે ગુજરાતી કથાસાહિત્યની નાયિકાઓ વિશે વાત કરીએ તે પહેલાં આપણે સંસ્કૃત સાહિત્યના નાયિકાવિચાર તેમજ નાયિકાઓના પ્રકાર વિશે જોઈશું.

સંસ્કૃત વાઙગમયમાં નાયક અને નાયિકા વિશે વિગતે વિચારનારા ગ્રંથોમાં મુખ્યત્વે કામશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર અને નાટયશાસ્ત્રમાં આ વિષયનું નિરૂપણ છે. વાત્સ્યાયનના "કામસૂત્ર" અને કકોકના "રતિરહસ્ય"માં રુદ્રટ, વિશ્વનાથ, ભોજ, ભાનુમિશ્ર અને રૂપગોસ્વામીના અનુક્રમે "કાવ્યાલંકાર", "સાહિત્યદર્પણ", "સરસ્વતી કંઠાભરણ", "રસમંજરી" અને "ઉજજવલ નીલમણિ" માં તથા ભરતમુનિના "નાટયશાસ્ત્ર" અને ધનંજયના "દશરૂપક"માં આની ચર્ચા જોવા મળે છે. પ્રસ્તુત ચર્ચામાં ભરતના "નાટયશાસ્ત્ર" અને ધનંજયના "દશરૂપક" ને આધારે નાયિકાવિચાર જોઈશું.

નાટયશાસ્ત્રીય ગ્રંથોમાં નાયકવિચારને એક ચોકકસ સંદર્ભમાં સ્થાન આપવામાં આવ્યું છે. વસ્તુ, નેતા અને રસને આધારે નાટક, પ્રકરણાદિ રૂપકોના ભેદ પાડવામાં આવે છે. જેમ કે, નાટક પ્રકારના રૂપકમાં ધીરોદાત નાયક હોય છે અને પ્રકરણ પ્રકારના

ISBN-978-81-971187-3-9
First Edition

રૂપકમાં ધીરપ્રશાંત નાયક હોય છે. આમ, દશરૂપકના ત્રણ ભેદક તત્વોમાંથી નાયકવિચારનું સ્થાન અનિવાર્ય છે. છતાં નાયકવિચારની અપેક્ષાએ નાયિકાવિચાર વધુ વિસ્તારથી રજૂ થયો છે. આથી નાટયશાસ્ત્રીય ગ્રંથોમાં નાયિકાવિચાર કેવી રીતે પ્રસ્તુત બન્યો તે જોઈએ.

ભરતમુનિએ "નાટયશાસ્ત્ર" માં શીલને આધારે નાયિકાના દેવશીલા, અસુરશીલા, ગંધર્વશીલા ઈત્યાદિ ભેદો પાડતાં જણાવ્યું છે કે :– मुयिष्टमेव लोकोऽयं शुकमिच्छति सर्वदा ।

सुख हि स्त्री मूलं नानाशिलाश्च तत् पुनः ।

"આ લોક સર્વદા સુખની શોધમાં ફરે છે અને સુખનું મૂળ સ્ત્રીઓ છે. આ સ્ત્રીઓ વિવિધ શીલવાળી હોય છે." આથી નાયિકાઓ વિશે સ્વતંત્ર–વિચારણા કરવાનુ પ્રાપ્ત થાય છે, પરંતુ નાટયશાસ્ત્રીય ગ્રંથોમાં નાયિકાવિચારનું સવિશેષ મહત્વ છે, કારણ કે નવ રસોમાં શૃંગારરસ પ્રધાન છે અને સ્ત્રીઓ : નાયિકા : આ શૃંગારરસના આલંબન વિભાવરૂપ છે. ઉપરાંત, નાટિકા પ્રકારના એક મુખ્ય ઉપરૂપકમાં નાયિકાનું વિશેષ મહત્વ છે.

ભરત મુનિએ "નાટયશાસ્ત્ર" ના પ્રથમ અધ્યાયમાં જણાવ્યું છે કે કૈશિકીવૃતિના નિર્માતા વિષ્ણુ છે અને તેના આદિ અભિનેતા શિવ છે. આમ કૈશિકીવૃતિ સાથે બે પુરુષો જ પહેલા જોડાયેલા છે, પરંતુ શૃંગારરસસંભવા એવી આ કૈશિકીવૃતિ સ્ત્રીજનો વિના કેવળ પુરુષો દ્વારા આ લોકમાં પ્રયોજવી અશકય છે. આથી ભરતમુનિએ બ્રહમા પાસે સ્ત્રીરૂપ–દ્રવ્યની માંગણી કરી. પરિણામે મંજુકેશી, સુકેશી, મિશ્રકેશી, સુલોચના વગેરે ચોવીસ અપ્સારાઓનું બ્રહમાએ નિર્માણ કર્યુ છે."[૧] આ જ અધ્યાયમાં આગળ નોંધ્યું છે કે "ઈન્દ્ર નાયકની રક્ષા કરે છે અને સરસ્વતી નાયિકાની રક્ષા કરે છે. नायक रक्षतिन्द्रस्तु नायिका च सरस्वती ।

રૂપકમાં નાયકના જેટલું જ નાયિકાનું મહત્વ છે. સામાન્ય રીતે જે તે રૂપકના મુખ્ય સ્ત્રીપાત્રને નાયિકા કહેવાય છે. આ નાયિકાના સ્વરૂપ વિશે જુદા જુદા દ્રષ્ટિકોણથી વિચારાયું છે. જેમ કે, શૃંગારરસના આલંબનવિભાવરૂપે જે સ્ત્રીનું વર્ણન કરવામાં આવ્યું હોય તેને "નાયિકા" કહે છે. તો :અથવાઃ નાટયાભિનયનું ફળ જેને મળે તેને "નાયક" કહેવાય છે. અર્થાત નાયક તે ફલભોકતા છે અને સામે પક્ષે જે ભોગ્યા બનીને ફળસ્વરૂપે ઉપસ્થિત થાય છે તેને નાયિકા કહે છે. મહદઅંશે નાયિકા એ એવું સ્ત્રીપાત્ર છે કે જે નાટકને અંતે નાયકને ફળરૂપે પ્રાપ્ત થાય છે. કેટલાક રૂપકોમાં શત્રુવિજય કે રાજયપ્રાપ્તિ એ જ નાયકના પુરુષાર્થનું ફળ હોય છે, પણ શૃંગારપ્રધાન રૂપકોમાં કોઈ સ્ત્રીની પ્રાપ્તિ જ નાયકનું અંતિમ ફળ હોય છે. આવી સ્ત્રીને "નાયિકા" કહેવામાં આવે છે.

ભરતમુનિએ "નાટયશાસ્ત્ર"માં લગભગ સાત રીતે નાયિકાના ભેદો પાડી બતાવ્યા છે.

૧. દિવ્ય અને મર્ત્ય જાતિઓને આધારે
૨. સામાજિક દ્રષ્ટિકોણથી
૩. નાયકના સંયોગ–વિયોગથી પ્રાપ્ત થતી દશાઓને આધારે
૪. નાયક પ્રત્યેના પ્રેમને આધારે
૫. પ્રકૃતિને આધારે
૬. યૌવનના આધારે
૭. ગુણોને આધારે

નાયિકાઓ વિભિન્ન પ્રકારની છે.

ધનંજયે "દશરૂપક"ના દ્વિતીય પ્રકાશમાં નાયિકાભેદ વિશે વિચારણા કરી છે. નાયકના સામાન્ય ગુણોથી યુકત એવી નાયિકા સ્વસ્ત્રી, પરસ્ત્રી અને સાધારણસ્ત્રી એવા મુખ્ય વિભાગોથી

ISBN-978-81-971187-3-9
First Edition

૧. સ્વકીયા નાયિકા ૨. પરકીયા નાયિકા ૩. સાધારણ :ગણિકાઃ આ ત્રણ પ્રકાર પાડયા છે.

ભરતમુનિએ ''નાટયશાસ્ત્ર'' માં વાસકસજ્જા, વિરહોત્કંઠિતા, સ્વાધીનભર્તુકા, કલહાન્તરિતા, ખંડિતા, વિપ્રલબ્ધા, પ્રોષિતભર્તુકા અને અભિસારિકા એમ આઠ પ્રકારની નાયિકાઓ વર્ણવી છે. નાયિકાકાઓના આ પ્રકાર તેમની અવસ્થાઓને વર્ણવનારા છે. આમ, નાયિકાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રકાર પાડવામાં આવ્યા છે.

**૧. વાસકસજ્જા :–**

ભરતમુનિએ જણાવ્યું છે કે જે વાસકના પ્રસંગે રતિની અભિલાષાવાળી અને દુષ્ટમાનસ નાયિકાને સુશોભન કરે છે તેને વાસકસજ્જા કહે છે.

**૨. વિરહોત્કંઠિતા :–**

અનેક કાર્યોના વ્યાસંગને કારણે જેનો પ્રિય આવી શકતો નથી અને પરિણામે જે નાયિકા દુઃખથી આર્ત બની જાય છે તેને વિરહોત્કંઠિતા કહે છે.

**૩. સ્વાધીનભતૃંકા :–**

નાયક સુરતના આનંદથી નાયિકાની પાસે બંધાયેલો હોય અને પરિણામે નાયિકા હર્ષયુકત થઈને સૌભાગ્યનો અભિનય કરતી હોય તેને ''સ્વાધીનભતૃંકા'' કહે છે. ''અનર્ઘરાઘવ'' અને ''પ્રસન્નરાઘવ'' ની સીતા આ પ્રકારની નાયિકા છે.

**૪. કલહાન્તરિતા :–**

ઈર્ષ્યા અને કલહને કારણે ચાલ્યો ગયેલો પ્રિય પાછો નથી આવતો ત્યારે પ્રશ્ચાતાપને કારણે દુઃખી થતી નાયિકાને '' કલહાન્તરિતા'' કહે છે. ''માલવિકાઅગ્નિમિત્ર''ની ઈરાવતી આ પ્રકારની નાયિકા છે.

**૫. ખંડિતા :–**

વ્યાસંગ અર્થાત અન્ય નારી સાથેના સંબંધને કારણે જેનો પ્રિય ઉચિત વાસક :રતિગૃહઃ માં આવતો નથી અને પરિણામે દુઃખથી આર્ત થયેલી નાયિકાને ''ખંડિતા'' કહે છે. ''માલવિકાગ્નિમિત્ર'' ની ઈરાવતી આ પ્રકારની નાયિકા છે.

**૬. વિપ્રલબ્ધા :–**

નાયિકાની પાસે દૂતી મોકલીને અથવા સંકેત આપીને કોઈક કારણથી પ્રિય આવતો નથી ત્યારે તેને 'વિપ્રલબ્ધા'' કહે છે.

**૭. પ્રોષિતભતૃંકા :–**

અનેક કાર્યોના અનુસંધાનમાં જેનો પ્રિય બહારગામ ગયો હોય ત્યારે એક વેણીભૂત લાંબા અલકવાળી નાયિકાને ''પ્રોષિતભતૃંકા '' કહે છે.

**૮. અભિસારિકા :–**

લજ્જાનો ત્યાગ કરીને મદ અને મદનથી સમાકૃષ્ટ થયેલી જે નાયિકા કાન્તની પાસે અભિસાર કરે છે તેને ''અભિસારિકા'' કહે છે.

નાયકની સાથે સંયોગ કે વિયોગ થતાં નાયિકાની જે માનસિક અવસ્થા હોય છે તેને આધારે નાયિકાના ઉપર્યુકત આઠ ભેદો છે.

સંસ્કૃત સાહિત્યમાં નાયિકાના લક્ષણોને આધારે નાયિકાના પ્રકારો પ્રાપ્ત થાય છે. આ પ્રકારો મુજબની જ નાયિકાઓ સંસ્કૃત સાહિત્યમાં જોવા મળે છે. જેમ કે ''અભિજ્ઞાન શાકુન્તલમ''ની શકુંતલા અને ''પ્રતિનાટક''ની સીતા – આ બંને દેવશીલા પ્રકારની નાયિકા છે. ''માલવિકાગ્નિમિત્ર' ની ધારિણી ઉત્તમ પ્રકારની નાયિકા છે.

ISBN-978-81-971187-3-9
First Edition

''માલવિકાગ્નિમિત્ર'' ની ઈરાવતી એ મધ્યમ પ્રકારની નાયિકા છે. ''અનર્ઘરાઘવ'' અને ''પ્રસન્નરાઘવ''ની સીતા ''સ્વાધીનભર્તુકા'' પ્રકારની નાયિકા, તો ''માલિવિકાગ્નિમિત્રમ્'' ની ઈરાવતી, ''કલહાન્તરિતા'' તેમજ ખંડિતા નાયિકા છે. ''માલતીમાધવ'' માં માલતી કુલીન અને કન્યારૂપ પરકીયા નાયિકા છે. ''મૃચ્છકટિકમ્''ની ગણિકા વસંતસેના સાધારણ પ્રકારની નાયિકા છે.

ઉપરાંત મોટેભાગે સંસ્કૃત સાહિત્યમાં નાયિકાઓ રાજકન્યા, પ્રધાનપુત્રી કે સ્વર્ગની અપ્સરારૂપે આવે છે. કોઈવાર અપવાદરૂપે નાયિકા ગણિકા તરીકે પણ આવે છે. દા.ત. ''મૃચ્છકટિકમ્''ની વસંતસેના

આપણા આદિ મહાકાવ્ય રામાયણમાં સીતાનું ચરિત્ર એ માત્ર ચરિત્ર નથી, પંરતુ અનેક ભાવિકો માટે આરાધ્ય દેવી છે. પુણ્યશ્લોકા વૈદેહીની કારુણ્યમૂર્તિ ઊપસે છે. સીતા ધરતીપુત્રી હોવાથી તે ધરતીના જેવી જ ક્ષમાશીલ છે. સીતાજીના જીવનમાં પણ પારાવાર કરુણતા છે. વનવાસનું દુઃખ, રામે કરેલો પોતાનો ત્યાગ અને અંતે ધરતીમાં વિલીન થતી છબી. આમ, સીતાજીએ પોતાની ઉપર આવી પડેલા દુઃખ શાંતિથી સહયા અને અંતે પોતાની શુધ્ધતાનું પ્રમાણ આપતા ધરતીમાં સમાઈ ગયા. રામના વ્યવહાર સામે વિદ્રોહ નથી કરતા, સત્યાગ્રહીનો આ શાંત વિદ્રોહ યુગયુગથી પ્રતિઘોષિત થયા કરે છે.

બીજા મહાકાવ્ય મહાભારતની સમ્રગ રચનામાં દ્રૌપદીનું નારીચરિત્ર કેન્દ્રસ્થાને છે. દ્રૌપદી સ્વયંવરસભામાં नाई वरयामि शुतम्। સૂતપૂત્ર કરણને પરણવાની અસંમતિનો અવાજ પ્રકટ કરતી ઉકિતમાં તેની મનસ્વિતા, પ્રગલ્ભતા પ્રગટ થાય છે. પાંચ ભર્તા છતાં પતિવ્રતા એવી દ્રૌપદીના વસ્ત્રાવહરણ અને કુરુવંશની ભરી સભામાં તેણે પૂછેલો પ્રશ્ન – આજની પરિભાષામાં કહીએ તો એની અસ્મિતાની કટોકટીની ક્ષણ સમગ્રપણે ભારતીય ચેતના પર છવાઈ ગયેલાં છે.

આમ, આપણા બંને સંસ્કૃત મહાકાવ્યોમાં ''રામાયણ''ની સીત સીતા દુઃખને સહી લેવાનો સ્વભાવ ધરાવે છે, જયારે ''મહાભારત'ની દ્રૌપદી પરિસ્થિતિનો પ્રતિકાર કરાવમાં માને છે. ભરી સભામાં દુઃશાસને કરેલા અપમાનનો બદલો દ્રૌપદી મહાભારતના યુધ્ધથી લે છે.

આ ઉપરાંત મહાભારતનાં ઉપાખ્યાનોમાં આપણને શકુંન્તલા, સાવિત્રી, દમયંતી જેવા પ્રસિધ્ધ નારીપાત્રો મળે છે.

સંસ્કૃત સાહિત્યનાં નારીપાત્રોની વાત કર્યા પછી આપણે પશ્ચિમના નાટયકાર શેકસપિયરે આપેલાં કેટલાંક વિલક્ષણ નારીપાત્રો વિશે જોઈએ.

''નારીપાત્રોનું જ વૈવિધ્ય શેકસપિયરનાં સર્જનમાં છે તે કદાચ જગતના કોઈપણ સાહિત્યમાં દુર્લભ છે. ત્યાં દુરિતને વરેલી લેડી મેકબેથ છે, તો નરી નિર્દોષતા સમાં ઓફિલિયા, ડેઝડિમોના કે મિરાન્ડા પણ છે. ત્યાં કિલચોપેટ્રાની વાસનાની નાગચૂડ છે, તો બિયાટ્રીસ,પોર્શિયા કે રોઝેલિન્ડની ચાતુરી છે. એક તરફ વઢકણી કેથરિન છે તો બીજી તરફ વિનમ્ર, ઉદાત, સત્યપ્રિય ઈઝાબેલા કે કોર્ડીલિયા છે.''[૩] શેકસપિયરનાં નારીપાત્રોનું વૈવિધ્ય આપણને આશ્ચર્ચ પમાડે છે. ઈલિઝાબેથ યુગની નારીની જે છબિ એમનાં નાટકોમાં ઝિલાઈ છે તે પરંપરાગત પુરુષપ્રધાન સમાજની નારીની છબી છે. જો કે શેકસપિયરે નારચિત્રણમાં પોતાનાં નારીપાત્રોને એક આગવી વ્યકિતમતા અવશ્ય આપી છે.

સંસ્કૃત સાહિત્યમાં નાયિકાની વિભાવના પરંપરાગત અને નિશ્ચિત થયેલી છે. જયારે ગુજરાતી સાહિત્યમાં આવી કોઈ પરંપરા નિશ્ચિત થઈ નથી. ગુજરાતી સાહિત્યમાં સર્જકો પોતાના જીવનદૃષ્ટિકોણને અનુરૂપ નાયિકાનું સર્જન કરતા હોય છે. અને પોતાના જીવનના આદર્શો તેમનામાં નિરૂપીને સમાજદર્શન કરાવે છે. ''Literature is the mirror of the society” – ''સાહિત્ય સમાજનું દર્પણ છે. '' આથી કોઈપણ સાહિત્યમાં જે તે સમાજનું, યુગનું પ્રતિબિંબ પડતું હોય છે. તેથી જ સાહિત્યમાં નાયક–નાયિકા મુખ્ય પરંપરા કે પોતાના સમયના સમાજનું પ્રતિનિધિત્વ કરતાં હોય છે. સમકાલીન પ્રવાહોનું અને સાહિત્ય જે યુગમાં

રચાયું છે તે સમયનું પ્રતિબિંબ તથા તે સમયના સ્ત્રીસમાજનું કથાનાયિકા પ્રતિનિધિત્વ કરે છે. સર્જક આપણને તત્કાલીન સમાજમાં સ્ત્રીનું સ્થાન, તેનો મોભો કેવો હતો તેનો ખ્યાલ પોતાની નાયિકાના સર્જન દ્વારા આપે છે.

સર્જક સમાજ સુધારક, પુરુષસમોવડી બની શકે તેવી બહાદુર અને શિક્ષિત નાયિકાના ચરિત્રનિર્માણ દ્વારા આદર્શ પાત્ર તરતું મૂકે છે. સર્જક આદર્શ અને સર્વગુણસંપન્ન નાયિકાના સર્જન દ્વારા સમાજપરિવર્તન કરવાની નેમ રાખતા હોય છે. સમાજમાં નારીનું સ્થાન અને તેના મોભા માટેની સર્જકની પોતાની માન્યતા શી છે તે તેમના નાયિકાસર્જન દ્વારા વ્યકત થાય છે.

પ્રાચીન ભારતીય કાવ્યસાહિત્યમાં તેમજ અંગ્રેજી નાટયસાહિત્યના નારીચરિત્રો પર દૃષ્ટિપાત કર્યા પછી આપણે ગુજરાતી સાહિત્યનાં નારીચરિત્રો વિશે જોઈએ.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પ્રેમાનંદના ''દશમસ્કંધ'ની યશોદા કે ''નળાખ્યાન''ની દમયંતી કે ''રણયજ્ઞ''ની મંદોદરી. તો ''કુંવરબાઈનું મામેરુ'' માં કુંવરબાઈનું ચિત્ર મળે છે. ''સુદામાચરિત્ર''માં સુદામાપત્નીમાં એક યથાર્થવાદી ગૃહિણીનું ચિત્ર છે.

અર્વાચીન ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ નવલકથા ''કરણઘેલો'' છે. પરંતુ આ નવલકથા નાયકપ્રધાન હોવાથી આપણી નાયિકા વિશેની ચર્ચામાં આ નવલકથાની વાત અપ્રસ્તુત છે. આ જ અરસામાં મહિતપરામ નીલકંઠની ''સાસુવહુની લડાઈ'' નવલકથા પ્રગટી, આમાં બે સ્ત્રીપાત્રો – સાસુ અને વહુ – કેન્દ્રસ્થાને છે. એક શોષણ કરે છે, એક શોષિત છે.

પરંતુ જેને આપણે પૂરેપુરું સર્વગ્રાહી ચરિત્ર, જીવંત નારીપાત્ર કહી શકીએ તેવું ચરિત્ર ગોવર્ધનરામની નવલકથા ''સરસ્વતીચંદ્ર''ની નાયિકા કુમુદમાં .

આપણા ગુજરાતી કથાસાહિત્યમાં આવતી મહત્વની નાયિકાઓનો અભ્યાસ કરતાં આપણને ખ્યાલ આવશે કે એક આદર્શ નારીપાત્ર કેવું હોઈ શકે ? તેમ છતાં પુરુષપ્રધાન સમાજના સાહિત્યમાં સર્જક કોઈપણ નારીપાત્રને મહાન બતાવે પણ તેને પુરુષપાત્ર કરતાં ચઢિયાતું તો નથી જ બતાવતા. ગુજરાતી સાહિત્યના કેટલાક સમર્થ સર્જકોની મહત્વની નાયિકાઓ વિશે જોઈએ. સર્જકની નાયિકા તેમજ તેમના અન્ય સ્ત્રીપાત્રોનું અવલોકન કરતાં આપણને સર્જકના દૃષ્ટિબિંદુનો ખ્યાલ આવશે.

''કરણઘેલો' નવલકથા પછી આપણા ગુજરાતી સાહિત્યના પ્રતિભાસંપન્ન સર્જક ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીની ''સરસ્વતીચંદ્ર'' મહાનવલ : ચાર ભાગમાં : પ્રાગટય પામે છે. ગોવર્ધનરામની નાયિકા સામાજિક વ્યવસ્થાને વશવર્તીને ચાલનારી છે. તેમની નાયિકા સર્વગુણસંપન્ન, દેખાવડી અને શિક્ષિત છે. આ નાયિકા સમાજની પરંપરાગત રૂઢિ સામે વિદ્રોહનું તત્વ હૃદયમાં જ શમાવીને જીવનારી છે. ગોવર્ધનરામે કુમુદસુંદરીમાં શુચિતા, સાત્વિકતા અને પવિત્રતાનો ત્રિવેણીસંગમ બતાવ્યો છે. તે પોતાના હૃદયને તથા અંતઃકરણના ભાવોને પતિવ્રતાધર્મમાં સમર્પિત કરનારી એક હિંદુ નારી છે. કુમુદનું સમગ્ર વ્યકિતત્વ જોતાં તે મહદઅંશે સંસ્કૃત સાહિત્યમાં જોવા મળતી પશ્ચિમી સ્ત્રીનાં લક્ષણો ધરાવતી નાયિકા છે. જે ધાતુમાંથી ભવભૂતિની સીતા બનેલી છે એ જ ધાતુમાંથી જાણે કુમુદ બનેલી છે. ભવભૂતિએ સીતા માટે પ્રયોજેલું ''કરુણસ્ય મૂર્તિ'' વિશેષણ કુમુદ માટે પણ પ્રયોજી શકાય.

ગોવર્ધનરામે ''સરસ્વતીચંદ્ર'' નવલકથામાં સર્જેલાં અન્ય સ્ત્રીપાત્રો નાયિકા કુમુદસુંદરીથી જુદાં જ તરી આવે છે. કુમુદની માતા ગુણસુંદરી ''સરસ્વતીચંદ્ર ભાગ–ર''ની નાયિકા છે. ગોવર્ધનરામે ગુણસુંદરીમાં એક આદર્શ ગૃહિણી અને પતિવ્રતા નારીના દર્શન કરાવ્યા છે. વળી, ગુણસુંદરી સાચી કૃતાર્થતા આત્મવિલોપનાં જ છે એમ માનનારી છે. જયારે કુમુદની બહેન કુસુમ વીસમી સદીના ઉંબર પર ઊભેલી કિશોરી છે. કુમુદની જેમ સંસ્કૃત અને અંગ્રેજી ભણેલી છે. સાથે સાથે મુકત વિચાર ધરાવતી કન્યા છે. કુસુમ ચંચળ, નટખટ, સ્વમાની અને હાજરજવાબી છે. જયારે કુમુદની નણંદ અલકકિશોરીને રૂઆબાર, પ્રતાપી હાવભાવવાળી તેમજ અમલ ચલાવવાની આદતવાળી બતાવી છે. સાધ્વી ચંદ્રાવલીમેયાને શાંત, પવિત્ર અને સાત્વિક આભા ફેલાવનાર બતાવ્યાં છે.

આમ, ગોવર્ધનરામની નવલકથામાં નાયિકા તેમજ અન્ય સ્ત્રીપાત્રો વિશે જોતાં આપણને જણાય છે કે આપણા સર્જકની કોઈ એક નવકલથામાં પણ પોતાનું કેટલું વૈવિધ્ય છે. પ્રત્યેક સર્જક પોતાના એક જ સર્જનમાં પણ પાત્રોની વિવિધતા લાવી શકે છે.

ISBN-978-81-971187-3-9
First Edition

ગોવર્ધનરામની નવલકથા "સરસ્વતીચંદ્ર" પંડિતયુગની નવલકથા છે. ગોવર્ધનરામે પંડિતયુગમાં પણ પોતાની નાયિકા કુમુદને શિક્ષિત બતાવીને સ્ત્રી–કેળવણી વિશેનો પોતાનો પક્ષપાત રજૂ કર્યો છે. પણ સાથે સાથે આવી શિક્ષિત નાયિકા હોવા છતાં કુમુદને અન્યાય સહન કરતી બતાવી છે. ગોવર્ધનરામની આ નાયિકા પોતાની તરફ થતા અન્યાય સામે બંડખોર વલણ અપનાવતી નથી પરંતુ તે અન્યાયોને સહન કરીને પોતાને સમાજે જે જીવન આપ્યું છે તેને વશવર્તીને નિભાવે છે. આમ, કુમુદને તત્કાલીન સમાજવ્યવસ્થાને વશવર્તીને ચાલનારી બતાવી છે.

આપણે આધુનિક દૃષ્ટિએ જોતાં કહી શકીએ કે કુમુદનો આ સ્વભાવ એક શિક્ષિત નારીમાં અપેક્ષિત નથી લાગતો. ગોવર્ધનરામે કુમુદ જેવા શિક્ષિત પાત્રને આટલી હદે સમાજના પ્રસ્થાપિત રીતરિવાજને તાબે થવું બતાવવા બદલ ભાવિ સમાજ કુમુદના આવા પાત્રસર્જન માટે લેખકને કોઈ દોષ ન આપે તે માટે લેખકે સભાનપણે કુમુદને આધ્યાત્મિકતા તરફ વાળી અને સરસ્વતીચંદ્ર સાથે "કલ્યાણગ્રામ યોજના"માં પ્રવૃત બનાવીને કુમુદના પાત્રનું ઊર્ધ્વીકરણ કર્યુ છે. ગોવર્ધનરામના સમયની સમાજવ્યવસ્થામાં "વિધવા વિવાહ" હજી પૂરેપૂરા સ્વીકારાયા ન હતા. આથી, ગોવર્ધનરામ પોતે પણ એક સર્જક તરીકે આ રીતરિવાજને વશવર્તીને ચાલ્યા છે અને પોતાના નાયકા–નાયિકાને પુનર્લગ્ન કરતા બતાવી શકયા નથી.

"ગોવર્ધનરામે આપેલાં આદર્શ નારીનાં મોડેલ આજે પણ સમાજજીવનમાં તેમજ વાર્તા, નાટક, ફિલ્મ વગેરેના સર્જનમાં પ્રચલિત અને લોકપ્રિય રહયાં છે..... ગૃહવાસી દેવદૂત એ ઘરની દેવી તથા આત્મસમર્પણ કરી આહુતિ આપતી હુતાત્મા સ્ત્રી આજે પણ સન્માન અને સ્વીકૃતિ પામતાં સ્ત્રીપાત્રો છે. મધ્યમવર્ગમાં સ્ત્રીશિક્ષણ અને સ્ત્રીઓએ નોકરી કરવાનો ચાલ ફેલાયા પછી આજે પણ રોજબરોજની જિંદગીમાં સ્ત્રીઓ પાસે કયાંક ને કયાંક ગુણસુંદરી કે કુમુદસુંદરી જેવા બનવાની અપેક્ષા રખાય છે. આ સર્વનું કારણ માત્ર એ નથી કે ગોવર્ધનરામે સ્ત્રીની નવી આદર્શ મૂર્તિ આટલી બધી અસરકારક રીતે ઘડી હતી. કારણ એ છે કે ૧૯ મી અને ૨૦ મી સદીમાં ઉપલા વર્ગના પુરુષોનો જે નવો વર્ગ સમાજમાં સત્તા પર આવી રહયો હતો તેમની આવશ્યકતાઓને પરિપૂર્ણ કરે તેવા નવા મોડેલની ખોટ ગોવર્ધનરામે સ્ત્રીની નવી આદર્શમૂર્તિ ઘડીને એવાં બાહોશી અને કૌશલ્યથી પૂરી કરી આપી છે."[૪]

ગુજરાતી નવલકથાક્ષેત્રે કનૈયાલાલ માણેકલાલ મુનશી એમના પુરોગામી ગોવર્ધનરામથી કંઈક જુદી સાહિત્યભાવના અને વિચારસરણી લઈને પ્રવેશે છે. તેમનાં નારીપાત્રો સ્વતંત્રતાની હવામાં વિહરે છે. તેમની નારી ગોવર્ધનરામની કુમુદની જેમ પડયું પાનું નિભાવી લેવામાં નહિ પણ પ્રણાલિઓને તોડી પોતાના વ્યકિતત્વના વિકાસને માર્ગે આગળ વધવાનું પસંદ કરે છે. મુનશીના કથાસાહિત્યની નાયિકાઓ મહદઅંશે સમાન હોય છે. તેમની નાયિકાઓ ગર્વિષ્ઠ, ખુમારીવાળી અને પ્રગલ્ભ હોય છે. બધી નાયિકાઓને મુનશી એક ચોકકસ રૂપમાં રજૂ કરતા હોવાથી તેમની નાયિકામાં વિવિધતા ઓછી જોવા મળે છે.

મુનશી બધે જ પુરુષપાત્રો :નાયકોઃ ના જ પ્રભાવ પ્રસ્થાપિત કરતાં દેખાય છે. મુનશી નાયિકાઓને શરૂઆતમાં ગર્વિષ્ઠ, પુરુષોથી ચઢિયાતી બતાવે પણ અંતે તો આ માનિનીઓને પુરુષના ચરણે ઝૂકી જતી બતાવે છે. જેમ કે "ગુજરાતનો નાથ" ની મંજરી, "પૃથ્વીવલ્લભ" ની નાયિકા મૃણાલવતી, "વેરની વસૂલાત"ની તનમન, "તપસ્વિની"ની રાજબા કે "કાકાની શશી" નાટકની શશિકલા હોય.

આમ, મુનશીની નાયિકાઓ જોતાં તેમાંથી નારીમહિમાની આભા ઊભી થાય છે, પણ વાસ્તવમાં તો તે નાયિકાને ગૌણ માને છે અને નવલકથાને અંતે નાયિકાને ગૃહિણી કે પતિની સેવિકારૂપે દર્શાવે છે.

રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથાઓમાં ગાંધીયુગીન ભાવના "ગ્રામલક્ષ્મી" કે "દિવ્યચક્ષુ" જેવી નવલકથાઓમાં સ્ફૂટ થઈ છે. રમણલાલ ગાંધીજીના રંગે રંગાયેલા સર્જક હોવાથી નાયિકાઓ આદર્શઘેલી, ભાવુક અને લાગણીપ્રધાન છે. બધી જ નાયિકાઓમાં "દિવ્યચક્ષુ"ની નાયિકા રંજનનું પાત્ર વધારે ઉઠાવ પામે છે. મોટેભાગે ર.વ.દેસાઈની અન્ય નાયિકાઓ "દિવ્યચક્ષુ"ની નાયિકા રંજનની જ બીજી આવૃતિઓ લાગે છે.

ISBN-978-81-971187-3-9
First Edition

લોકકથાકાર ઝવેરચંદ મેઘાણીની નાયિકાઓ પ્રતાપી તેમજ ગમે તે પરિસ્થિતિ સામે ઝૂઝનારી બતાવી છે. તેમની નારી સ્વમાની હોય અને સાથે સાથે રંગદર્શી પણ છે. મેઘાણીને મન વ્યકિતગત ચરિત્રો ગૌણ હતા. તેમનું લક્ષ્ય સામૂહિક પ્રજાચેતના હોવાથી કોઈસ્મરણીય સ્ત્રીપાત્ર મળતું નથી.

જાનપદી નવલકથાકાર પન્નાલાલ પટેલે પોતાના કથાસાહિત્યમાં સ્મરણીય પાત્રો આપ્યાં છે. પન્નાલાલની નાયિકાઓ બાહોશ છે, સાથે સાથે સામાજિક અન્યાય સામે વિદ્રોહની ભાવના પણ છે. તેમ છતાં આવી ભાવના ક્ષણવાર માટે પ્રગટે છે પણ પછી દબાવી દે છે. ''માનવીની ભવાઈ'' નવલત્રયી અને ''મળેલા જીવ'' ની નાયિકાઓ અનુક્રમે રાજુ અને જીવ પ્રેમ કરીને તેને નિભાવી જાણે છે. રાજુમાં મજાકવૃતિ છે તો એટલી જ ગંભીર પ્રકૃતિ પણ છે. પન્નાલાલની ''માનવીની ભવાઈ''ની રાજુને જોતા આપણે કહી શકીએ કે રાજુમાં સ્વસ્થતા, ઠરેલપણું તેમજ વ્યવહારિકતા ''મળેલા જીવ'' ની જીવીના પ્રમાણમાં વધુ છે. જીવીના ચરિત્રનો વિસ્તાર, વધુ યોગ્ય રીતે રાજુમાં પ્રગટે છે.

રાજુ જરૂર પડે છે ત્યારે જ્ઞાતિના, રિવાજનાં બંધન તોડી શકવાની હિંમત પણ ધરાવે છે. જયારે જીવી રાજુના પ્રમાણમાં વધુ રંગદર્શી છે. ''રાજુને પોતાના સ્તને પોતાના પ્રેમીને લઈને ''અમૃત'' પિવડાવતી બતાવી પન્નાલાલે નારીના વિરાટ રૂપનો એક રીતે મહિમા કર્યો છે.''[૫]

વળી, પન્નાલાલે પોતાની નાયિકાઓને ગામડાની રહેવાસી બતાવી છે. આથી, અહીં ગ્રામજીવનના ચિતાર દ્વારા પન્નાલાલ ગાંધીયુગની પરંપરાને અનુસર્યા છે.

પન્નાલાલે પોતાની નવલત્રયી ''માનવીની ભવાઈ'' ની નાયિકા રાજુને નિરક્ષર બતાવી હોવા છતાં તે પાત્રમાં પરિસ્થિતિનો સામનો કરવાની તાકાત બતાવી છે. તત્કાલીન સમાજના પ્રચલિત રીતરિવાજમાં, એ સમયમાં વિધવા–વિવાહ થઈ શકતા હતા આથી, જ રાજુને વિધવા થયા પછી કાળુ સાથે પુનર્લગ્ન કરતી બતાવી છે.

દર્શક મનુભાઈ પંચોલીનાં પાત્રો તેમની અડગ સિધ્ધાંતનિષ્ઠાથી અને બુધ્ધિની તેજસ્વિતાને કારણે આપણું ધ્યાન ખેંચે છે. ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' નવલકથાની નાયિકા રોહિણીમાં એક આદર્શનારીપાત્રનું ચરિત્રાંકન થયું છે. રોહિણી સીતા અને કુમુદના કુળની નારી છે – કરુણાની મૂર્તિ છે. રોહિણી ત્યાગભાવનાની મૂર્તિ છે. દર્શકના પાત્રોનું સંવિદ :જીવનઃ લાગણી–ભાવનાથી ઘડાયેલું દર્શાવ્યું છે. અન્યને મદદરૂપ થઈને ''સ્વ''ને ભૂલી જવાની ભાવના દર્શકે નાયિકા રોહિણીના પાત્રમાં ચરિતાર્થ કરી છે. દર્શક ના સર્જકકર્મમાં ગાંધીજી, ટાગોર અને શરદચંદ્ર છે, ઉપરાંત વિશાળ સૃષ્ટિ ઈતિહાસ છે. આ બધી જુદી જુદી પંચધાતુઓમાંથી એમની રોહિણી ઘડાઈ છે.

રોહિણીમાં સેવા–સમર્પણ છે, તો વિનમ્રતા, સહનશીલતાના ગુણો છે. તે જીવનના આઘાતો સહી ''પૂણ્યમૂર્તિ'' રૂપે બહાર આવે છે. સત્યકામના મૃત્યુના સમાચાર સાંભળી લગભગ ભાંગી પડેલી તે રચનાત્મક કાર્યો, સ્ત્રી ઉન્નતિના પ્રશ્નોની પ્રવૃતિઓમાં જોડાઈ બહારની દુનિયામાં પ્રવેશે છે. દર્શકે રોહિણીને ગાંધીજીના સાબરમતી આશ્રમમાં, વર્ધા સેવાશ્રમમાં અને પછી યુધ્ધ દરમિયાન તો દીમાપુરની હોસ્પિટલ સુધી જઈ જનસેવામાં કલ્યાણયાત્રામાં જીવન ગાળતી બતાવી છે. દર્શક ગોવર્ધનરામથી એક ડગલું આગળ વધીને નવલકથાને અંતે વૃક્ષપલ્લીમાં રોહિણી અને સત્યકામને હાથમાં હાથ મૂકી પ્રસન્ન ચિતે બેઠેલાં બતાવ્યાં છે.

આમ, દરેક સર્જકમાં પોતાનાં પાત્રોનાં સર્જન બાબતે ''મુકત ઉડાન'' જોવા મળે છે. દરેક સર્જકની પોતાની આગવી નારી વિભાવના છે.

આપણા સાહિત્યમાં મહાન સર્જકોએ નાયિકાને આદર્શ રૂપ માં રજૂ કરી છે. આધુનિક દૃષ્ટિએ જોતાં આપણને જણાય છે કે આપણા સમાજ તેમજ સાહિત્યમાં આદર્શના અંચળા નીચે સ્ત્રીનું શોષણ જ કરાયું છે. એક આદર્શ નારીપાત્રનું ઉદાહરણ પુરુ પાડીને સ્ત્રીને તેના જેવી આદર્શ બનવા માટે કહેવામાં આવે છે. આપણા પુરુષપ્રધાન સમાજમાં પુરુષસર્જકે રચેલા સાહિત્યમાં કોઈ

સ્ત્રીસ્વાતંત્ર્યની વાત કરવામાં આવે પરંતુ અંતે તો સ્ત્રીને પુરુષની જ શરણાગતિ સ્વીકારતી બતાવે છે. ગોવર્ધનરામે સરસ્વતીચંદ્ર શીર્ષક આપ્યું તેમાં જ સૂચિત થઈ ગયું કે પુરુષ જ પ્રધાન છે, નારી તો સદગુણ–દુર્ગણોનું પ્રતીક છે, નમૂનારૂપ છે, કે સુધારા–કુધારાનું નિમિત છે."[૬]

આધુનિક સમયમાં સ્ત્રીસમાજ પોતાના હકકો વિશે જાગૃત થયો છે. નારીઓના અધિકારોની અને તેમની પુરુષો સાથેની સામાજિક, રાજકીય અને આર્થિક સમાનતાની હિમાયત કરતી ચળવળ નારીવાદ તરીકે જાણીતી છે. પુરુષસમાજ નારી પોતાનાથી ઉતરતી કક્ષાની છે એમ માનીને નારીઓના વિચારો તેમજ તેની સંવેદનાઓ પર વર્ચસ્વ ભોગવે છે. આથી જ નારીના વ્યકિત તરીકેનાં તેમજ પોતાનું ભાવિ જાતે નકકી કરવાના તેના અધિકારને આ સમાજ સતત કચડતો રહયો છે.

પરંતુ ૧૯૭૦ પછી સદીઓની પુરુષપ્રધાન શૃંખલાને તોડતી એક નવી નારીનો જન્મ થયો છે. આ નવી નારીનું જોમ, એનો આક્રમક મિજાજ નારીવાદી ઝૂંબેશમાં પરિણમ્યો છે.

આ સદીના સાતમા દાયકામાં પાશ્ચાત્ય આધુનિકતાવાદી સાહિત્યના પ્રભાવે કથાસાહિત્યમાં એક મોટો વળાંક જોવા મળે છે. ચરિત્રોની સામાજિકતા ઓછી થતી જાય છે. પાશ્ચાત્ય વિચારધારાઓના અનુષંગે સાંપ્રત :આધુનિકઃ ગુજરાતી કથાસાહિત્યમાં પ્રગટતી નારીની છબીને તપાસીએ,

સાંપ્રત યુગની નારી સ્વતંત્રતા, મુકતતા ઈચ્છે છે. પોતે પોતાની રીતે જીવવા માંગે છે અને પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માંગે છે. જેમ કે સુરેશ જોશીની વિદુલા સંક્રાન્તિકાળની આધુનિક નારીનું યથાર્થ ચરિત્ર લઈને આવે છે. વિદુલા એક ત્યકતા છે, છતાં રૂઢિવાદી સમાજમાં મુકતપણે વિહરે છે. પણ તે જીવનમાં સ્થિર થઈ શકતી નથી. અહીં રૂઢિગત સમાજ અને મુકત આધુનિક નારી એ બે વચ્ચેનો તનાવ છે. પરંપરાગતતા સ્વીકારી તત્સમ બનવાનો એનો સ્વભાવ નથી, તો સમાજ સ્ત્રીની આવી મુકતતાને સ્વીકારવા તૈયાર નથી. વિદુલા એ રીતે સમકાલીન નારીની અગ્રેસર છે.

સર્જકના સંવિતમાં સ્ત્રી વિશે જે ભાવ હોય તેનું જ પ્રતિબિંધ તેના સર્જનમાં પડે છે. જેમ કે કોઈ સર્જક સ્ત્રીપાત્ર શિક્ષિત છે એવું ચિત્રણ કરે પણ શિક્ષણને લીધે તે સ્ત્રીપાત્રનો મનોવિકાસ થાય એવું ન સ્વીકારે. દા.ત. ચંદ્રકાંત બક્ષીની "પેરેલિસિસ"માં તેનો નાયક અરામ તેની પુત્રી મારીશાને ભણાવે છે. પણ દીકરી લગ્નવિષયક પસંદગી કરી લાવે છે તે સ્વીકારી શકતો નથી. આવો સ્ત્રીના ભણતરનો સ્વીકાર અને તેના મનોવિકાસ તેમજ વિચારણાનો અનાદર અનેક નવલકથાઓમાં જોવા મળે છે. ઘણીવાર સ્ત્રીપાત્ર અભણ હોય કે વિદુષી તેને નાયકો મારઝૂડ કરતા જણાય છે. દા.ત. રાધેશ્યામ શર્માની "ફેરો"માં પત્નીને તમાચો મારતો પતિ.

રઘુવીર ચૌધરીની ત્રણ નવલકથાનો "અમૃતા", "વેણુવત્સલા" અને "લાવણ્ય" માં નારી કેન્દ્રમાં છે. "અમૃતા" માં અનિકેત અને ઉદયન એ બંનેના પ્રેમ પામતી અમૃતા પોતાના વ્યકિતત્વને શોધે છે. એક સ્વતંત્ર રહેવા ઈચ્છતી નારીની વાત છે. "લાવણ્ય" ની નાયિકા લાવણ્ય અમૃતાની સહોદરા છે. એ આધુનિક છે, પણ પરંપરા લઈને આવે છે; એ સ્ત્રીમુકિતને બિરદાવે છે, પણ સ્ત્રીસહજ ભાવુકતા, સહનશીલતાને પ્રાધાન્ય આપે છે.

સરોજ પાઠકની "નાઈટમેર" નવલકથાની નાયિકા નિયતિને દ્વિધા, એકલતા, વ્યથા સહેવાની છે. મધુરાયની "કામિની" ની કામિની જેવી નાયિકાઓ પુરુષસમાજનાં બંધનમાંથી મુકત થવા મથામણ કરે છે. સ્ત્રી વ્યકિત છે, તેને પોતાના આગવા વિચારો, વલણ, ભાવ, પ્રતિભાવ હોઈ શકે છે તેનો સ્વીકાર નારીવાદના મૂળમાં છે.

ધીરુબહેન પટેલ, કુન્દનિકા કાપડિયા, ઈલા આરબ મહેતા, વર્ષા અડાલજા – આ બધી કથાલેખિકાઓએ સ્ત્રીકેન્દ્રી નવકલથાઓ આપી છે, અલબત, સ્ત્રીને પોતાની એક અંતદૃષ્ટિથી અંતરંગરૂપે ઓળખવાનો પ્રયત્ન થયો છે.

સાંપ્રત નાયિકા વિભાવનામાં પણ આપણે ચોકકસ પ્રકારે કોઈ નાયિકાનાં લક્ષણોની રૂપરેખા આપી શકતા નથી. સ્ત્રીની પોતાના સ્વાતંત્ર્ય માટેની મથામણ હજુ પણ ચાલુ છે. એક યા બીજી રીતે સ્ત્રી આજે પણ પરતંત્ર છે.

આ રૂપરેખાને આધારે આપણે જોઈ શકીએ છીએ કે સમાજમાં અને સાહિત્યકારોના મનમાં કેટલાક અપવાદોને બાદ કરતાં નારીસન્માનની કે નારી પ્રત્યેના આદરની ભાવના ઝાઝી જોવા મળતી નથી અને એને ગૌણ સ્થાન જ આપ્યું હોવાની છાપ પડે છે. જયાં સમાનતા જ નથી અપાઈ ત્યાં નારીના ચરિત્રની સંકુલતાઓને સ્વીકારવા, સમજવા, ઓળખવા કે ઉકેલવાની તો આશા જ કયાંથી રાખવી ? આવા જ પરિપ્રક્ષેયમાં મેં આપણા ત્રણ સમર્થ નવલકથાકારોની ત્રણ નાયિકાઓનો અભ્યાસ કરવાનો ઉપક્રમ હવે પછીનાં ત્રણ પ્રકરણોમાં રાખ્યો છે.

## <u>સંદર્ભનોંધ</u>

૧. નાટકશાસ્ત્ર – અધ્યાય – ૧, પૃ. ૪૪–૫૦

૨. નાટયશાસ્ત્ર, ૧–૬૯–અ નાટયશાસ્ત્ર, ભાગ – ૧ દ્વિતીયઆવૃતિ અને ભાગ–૨, અધિસંપાદક જી.કે.ભટ્ટ, ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝ, ઓરિએન્ટલ ઈન્સ્ટીટયૂટ, વડોદરા, ૧૯૫૬, ૧૯૫૪.

૩. "માનુષી : સાહિત્યમાં નારી" – અનિલા દલાલ, પ્રથમ આવૃતિ : ઓગષ્ટ ૧૯૯૨, સમ્યક પ્રકાશન, ક્રમ–નારી : શેકસપિયરમાં અને ઈબ્સનમાં, પૃ.૩૭.

૪. ગોવર્ધનરામ : કેટલાંક સમાજશાસ્ત્રીય પાસાંઓ, : સરસસ્વતીચંદ્ર ભાગ–૧ ની શતાબ્દી નિમિતે આયોજિત પરિસંવાદ : લેખ–ગોવર્ધનરામની નારી વિભાવના – સોનલ શુકલ, પ્રકાશ–સેન્ટર ફોર સોશયલ સ્ટડીઝ, સુરત, પૃ.૪૧.

૫. "માનુષી : સાહિત્યમાં નારી" – અનિલા દલાલ, પ્રથમ આવૃતિ : ઓગષ્ટ ૧૯૯૨, સમ્યક પ્રકાશન, ક્રમ–આધુનિક બંગાળી અને ગુજરાતી સાહિત્યમાં નારી, પૃ.૮૯.

૬. "પરબ–નારીવાદ વિશેષાંક", સંપાદક – ચંદ્રકાન્ત ટોપીવાળા, વર્ષઃ૩૧, અંકઃ૭, ૧૯૯૦ જુલાઈ, પ્રકાશન–ગુજરાત સાહિત્ય પરિષદ, લેખ–મધ્યકાળથી આધુનિકકાળ સુધી ગુજરાતી સાહિત્યમાં બદલાતું આવતું નારી નિરૂપણ – જયા મહેતા, પૃ.૩૦.

ISBN-978-81-971187-3-9
First Edition

## પ્રકરણ – ૨

## કુમુદસુંદરી – આભિજાત્યની મૂર્તિ

### ગોવર્ધનરામ : જીવન અને કવન :–

મહાનવલ 'સરસ્વતીચંદ્ર'ના કર્તા, સાક્ષરવર્ય શ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનો જન્મ ઈ.સ. ૧૮૫૫ના ઓકટોબરની ૨૦ મી તારીખે નડિયાદમાં થયો હતો. તેમના પિતાનું નામ માધવરામ તથા માતાનું નામ શિવકાશી હતું.

ગોવર્ધનરામના પિતા સાચા ભકત અને ઊંડી ધાર્મિક વૃતિવાળા હતા. જયારે તેમનાં માતા જબરાં વ્યવહારકુશળ હતાં. ગોવર્ધનરામને નાનપણથી જ કથાઓ સાંભળવાનો ઘણો શોખ હતો. બાળપણથી જ રામ, કૃષ્ણ, યુધિષ્ઠિર આદિનાં ઉત્તમ ચરિત્રો દ્વારા ઉચ્ચસંસ્કાર ગોવર્ધનરામને સાંપડયા અને તે સાથે બુધ્ધિ કસાઈ અને કલ્પનાશકિતને વિકસવાનો પૂર્ણ અવકાશ મલ્યો હતો.

ઈ.સ. ૧૮૬૮માં ગોવર્ધનરામનું પ્રથમ લગ્ન હરિલક્ષ્મી સાથે થયું હતું. આ લગ્નથી ગોવર્ધનરામના જીવનમાં પ્રીતિ અને માધુર્યના ઝરા વહેવા લાગ્યા હતા. પરંતુ હરિલક્ષ્મીનું કુમળી વયે અવસાન થતાં ગોવર્ધનરામના સુકુમાર, રસિક હૃદયને મર્માઘાત થયો. લગ્ન પછી ૧૩ વર્ષની વયે તેઓ અંગ્રેજીના અભ્યાસ માટે મુંબઈની એલિફન્સ્ટન  હાઈસ્કૂલમાં દાખલ થયા. ઈ.સ.૧૮૭૨ની શરૂઆતમાં ગોવર્ધનરામ એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થયા.

ગોર્વધનરામે કોલેજકાળ દરમિયાન સાહિત્ય, કવિતા, રોમનો ઈતિહાસ વગેરેનો ઘણો સારો અભ્યાસ કર્યો હતો. ગોવર્ધનરામની લેખનપ્રવૃતિનો અંકુરકાળ પણ આ જ કોલેજકાળ હતો. કવિતાનું ઝરણું તો ગુપ્તપણે વહેતું જ હતું.

ગોવર્ધનરામ ગુજરાતીમાં કવિતા રચવાની સાથે સાથે સંસ્કૃત શ્લોકો પણ રચતા. કાલિદાસના 'મેઘદૂત'ના અનુકરણરૂપે એમણે 'મનોદૂત' સંસ્કૃતમા લખવા માંડયું હતું. આ ઉપરાંત તેમણે ઈ.સ. ૧૮૭૫માં ''હૃદયરુદિતશતક'' તથા ''વિધિકુંઠિત'' નામની બે મહત્વની રચનાઓ સંસ્કૃતમાં કરી. ''વિધિકુંઠિત'' ની રચના માટે તો ગોવર્ધનરામને પારિતોષિક પણ મળ્યું હતું.

બી.એ. થયા પછી તરત ગોવર્ધનરામે સંકલ્પ કર્યો કે ૧. એલ.એલ.બી. ની પરીક્ષામાં પાસ થવું  ૨. મુંબઈમાં વકીલાતનો સ્વતંત્ર ધંધો માંડવો, કોઈની નોકરી કરવી નહિ અને ૩. લગભગ ચાલીસમે વર્ષે ધંધામાંથી નિવૃત થઈ, બાકીની જિંદગી સાહિત્યસેવામાં ને તે સાહિત્ય દ્વારા જનસમાજની સેવામાં ગુજારવી. ખરેખર, '' આ ત્રણ સંકલ્પ ગોવર્ધનરામના વીસ વર્ષના આંતરમંથનનું નવનીત છે. અને એમના જીવનની ખરી કૂંચી છે.'' ગોવર્ધનરામના ચિંતનનો તાર પહેલેથી કેટલો મજબૂત છે ને સળંગ છે, જીવનવ્યાપી છે તે આ પરથી જણાય છે.

ઈ.સ.૧૮૭૬ થી ઈ.સ.૧૮૮૩ સુધીનું ગોવર્ધનરામનું જીવન ચંદનવૃક્ષ પર એક પછી એક પડતા ઘા ના જેવું છે. ઈ.સ.૧૮૭૬થી ગોવર્ધનરામે પહેલી એલ.એલ.બી. નો અને એમ.એ. નો અભ્યાસ શરૂ કર્યો. અંગ્રેજીમાં બટલર, બર્ક, લોક, લૂઈ અને ઝેલર વગેરેના ગ્રંથો તેમજ સંસ્કૃતમાં ''રૂગ્વેદ'', ''નિરુકત'', ''રત્નાવલી'', ''મુકતાવલિ'' વગેરે વાંચ્યાં.

ગોવર્ધનરામની એકવીસ વર્ષની ઉંમરે તેમનાં લગ્ન લલિતાગૌરી સામે બીજીવાર થયાં. સંસાર, ગૃહ, ધર્મ અને રાજયના અનેક પ્રશ્નોનું તુમુલ મંથન જયારે થઈ રહયું હતું. ઉચ્છેદક અને ઉરછુંખલવૃતિનો મધ્યાનહનકાળ જયારે તપી રહયો હતો ત્યારે ભારતના ઉધ્ધાર માટે નિષ્કામ પરંતુ પ્રવૃતિપૂર્ણ વૈરાગ્યની ગોવર્ધનરામે કરેલી ઉદઘોષણાનું મહત્વ સહેજે અસાધારણ બની રહે છે. આ ભાવના અનુસાર પોતાનું સમગ્ર જીવન ઘડવામાં ગોવર્ધનરામની કૃતિનું તથા કીર્તિનું ખરુ રહસ્ય છે.

### કવન :–

સાહિત્યસર્જનમાં ગોવર્ધનરામે ગુજરાતીમાં કવિતા, નિબંધો, રોજનીશી અને નવલકથા લખ્યાં છે. તેમજ સંસ્કૃત સાહિત્યમાં પણ શ્લોકો તથા મહત્વની રચનાઓ કરી છે. ઈ.સ. ૧૮૮૭માં ''સરસ્વતીચંદ્ર ભાગ–૧'' બહાર પડયો. તે ઘડીથી જ ગુજરાતી

સાહિત્યમાં એક નવો જ પ્રતિભાવંત પ્રવાહ વહેવા લાગ્યો. ત્યારપછી બે વર્ષે ગોવર્ધનરામે 'સ્નેહમુદ્રા' પ્રગટ કરી. આ કાવ્યની ભાવાશૈલી, વિચારો બધું પાંડિત્યના સંભારથી ભરેલું છે. ૧૮૯૧માં ગોવર્ધનરામે 'નવલરામ લક્ષ્મીરામની જીવનકથા' લખી.

'સરસ્વતીચંદ્ર' નો બીજો ભાગ ૧૮૯૨માં, ત્રીજો ભાગ ૧૮૯૮માં અને ચોથો ભાગ ઈ.સ. ૧૯૦૧ માં પ્રગટ થયો. ત્યારબાદ ૧૯૦૩માં પોતાની પુત્રી લીલાવતીના જીવન વિશે 'લીલાવતી જીવનકલા' લખવાનો પ્રારંભ કર્યો.

## 'સરસ્વતીચંદ્ર' :–

ગુજરાતી સાહિત્યના અસાધારણ પ્રતિભાસંપન્ન સર્જક અને મહાન ચિંતક ગોવર્ધનરામ 'સરસ્વતીચંદ્ર' લખીને આજ સુધીના સાહિત્યપ્રકારોમાં 'સર્વોચ્ચ' એવું માનપદ પામ્યાં છે. ''સરસ્વતીચંદ્ર'' એ આપણાં સાહિત્યનો બહુમૂલ્ય ગ્રંથમણિ છે. ''સરસ્વતીચંદ્ર'' એ ગોવર્ધનરામના સાક્ષરજીવનની સિધ્ધિરૂપ ગ્રંથ છે. ગુજરાતી નવલકથાના 'નાનામોટાં ગિરિશૃંગો વચ્ચે ઉભરી આવતો નગાધિરાજ' છે. ''સરસ્વતીચંદ્ર'' એક એવા સર્જકની કૃતિ છે, જે સાક્ષર છે, ચિંતક છે, ગોવર્ધનરામનું માનસ જગતના ઉત્તમોતમ સાહિત્યવારસા પર નિરંતર મનન કરતું રહયું છે, અને એના રસકસ એમની કૃતિમાં ઊતર્યા પણ છે. છેલ્લાં સો વર્ષની ગુજરાતી સાહિત્યની સિધ્ધિ તે 'સરસ્વતીચંદ્ર'. સરસ્વતીચંદ્ર એ ''રામાયણ કે મહાભારત સમું મહાકાવ્ય છે. માત્ર એનો અવતાર ગદ્યમાં થયો છે.''

ગુજરાતી નવલકથાના સર્વોચ્ચ ઉન્મેષરૂપ કૃતિ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી કૃત ''સરસ્વતીચંદ્ર'' ચાર ભાગોમાં લખાયેલી આ અસાધારણ એવી મહાનવલનો પ્રથમ ભાગ પ્રસિધ્ધ થયો ઈ.સ. ૧૮૮૭માં, બીજો ભાગ ૧૮૯૨માં, ત્રીજો ભાગ ઈ.સ. ૧૮૯૮માં અને ચોથો ભાગ ઈ.સ. ૧૯૦૧માં પ્રગટ થયો છે. ''સરસ્વતીચંદ્ર''ને ''સંસ્કૃતિના સમન્વયથની કથા'' તરીકે ઓળખવામાં આવે છે. ''પ્રેમકથા નિમિતે સંસ્કૃતિકથા'' નિરૂપતી આ નવલકથા તેના વિશાળ કથાપદ અને વિવિધ કોટિના ઊંડા જીવનપર્યેષણને કારણે ''મહાનવલ''નું બિરુદ પામી છે. ગોવર્ધનરામે આ નવલકથા દ્વારા ''જિજ્ઞાસારસને દ્રવતો કરી મિષ્ટ વાર્તા ભેગો ઉપદેશ પાઈ દેવો''[૧] એવો ઉદેશ રાખ્યો છે. એ કાળે પ્રાચીન પૂર્વ, અર્વાચીન પૂવે અને અર્વાચીન પશ્ચિમ એ સંસ્કૃતિસંઘર્ષ આપણે ત્યાં ચાલી રહયો હતો એનું તટસ્થ આદર્શરંગી ચિત્ર આપવા માટે કર્તાએ આ ગ્રંથની રચના કરી હતી. એનું વિવેચન કરતાં કોઈ વિવેચકે એને ''બૃહન્નવલ'' કહી છે, કોઈએ એને ''પંડિતયુગનું મહાકાવ્ય'' કહી છે તો કોઈએ એને ''પુરાણ''નું બિરુદ આપ્યું છે. ન્હાનાલાલે 'સરસ્વતીચંદ્ર' ને 'જગત કાદંબરી' કહી છે.

સંસ્કૃતિના આ ત્રિવેણીસંગમની કથાના પ્રથમ ભાગમાં કર્તાએ ''બુધ્ધિધનના કારભાર'' નું ચિત્ર આપ્યું છે, બીજા ભાગમાં ''ગુણસુંદરીનું કુટુંબજાળ'' વર્ણવ્યું છે, ત્રીજા ભાગમાં ''રત્નનગરીના રાજયતંત્ર''નો ચિતાર આપ્યો છે. અને છેલ્લા ચોથા ભાગમાં ''સરસ્વતીચંદ્રનું મનોરાજય'' આલેખી પૂર્ણાહૂતિ કરી છે, આમ, આ કૃતિમાં ગોવર્ધનરામે આપણા ગૃહ, કુટુંબ, સમાજ, રાજય અને ધર્મ વિશેના પ્રશ્નો વિગતે આલેખ્યા છે. રાજકીય અને સાંસ્કૃતિક પ્રશ્નોની મૂલગામી અને વિશદ આલોચના કરતી નવલકથા ગુજરાતી નવલકથાનું ચરમશિખર છે.

વસ્તુસંકલના, પાત્રાલેખન, માનસવિશ્લેષણ, પ્રસંગવર્ણન, જીવનદર્શન એ સર્વમાં ગોવર્ધનરામ અસાધારણ રસપ્રભુતા અને કલાનૈપુણ્ય દર્શાવ્યાં છે.

## ગોવર્ધનરામની પાત્રાલેખન કલા :–

સ્વ. ગોવર્ધનરામની સાક્ષરપ્રતિભાની સાક્ષીરૂપ આ મહાનવલની ખરી ખૂબી તો ચાર–ચાર ભાગના બૃહદ્પટમાં વહેચાયેલી સ્ત્રી – પુરુષપાત્રોની વિશાળ અને વૈવિધ્યભરી પાત્રસૃષ્ટિ છે. તેમની આ મહાનવલમાં જાણે કે માનવમહેરામણ છલકે છે. ગોવર્ધનરામ અદભુત કલાકાર છે. ગોવર્ધનરામની પાત્રસૃષ્ટિ રંગબેરંગી અને નિરાળી છે.

સરસ્વતીચંદ્ર ની વિશાળ પાત્રસૃષ્ટિમાં પુરુષપાત્રોની સરખામણીમાં સ્ત્રીપાત્રોની સંખ્યા પણ ઓછી નથી. લગભગ પચાસથી વધારે સ્ત્રીપાત્રોનું સુંદર આલેખન આ મહાગ્રંથમાં જોવા મળે છે. ચિત્રકારની વિવિધરંગી કલાત્મક સૃષ્ટિની જેમ નવલકથાકારની

ISBN-978-81-971187-3-9
First Edition

વૈવિધ્યપૂર્ણ પાત્રસૃષ્ટિમાં પણ તેનાં વિચારો, ભાવનાઓ, આદર્શો પાત્રોના વાણી અને વર્તનમાં, તેમનાં વ્યવહારમાં વ્યકત થતા હોય છે. સરસ્વતીચંદ્રની પાત્રસૃષ્ટિનાં કલ્પિત અને વાણીની પીંછી વડે ચીતરેલાં પાત્રોનાં પણ આ ધોરણે કુદરતી, કલ્પનામય અને ભાવનારંગે તેજસ્વી એમ ત્રણ ભાગ પડે છે.''[૨]

શ્રી બ.ક.ઠાકોરના મત મુજબ ''સ્ત્રીરત્નોમાં ગણાય એવી સ્ત્રીઓ સરસ્વતીચંદ્રમાં બધી મળીને પંદરથી વધારે નથી. પહેલા ભાગમાં પાંચ છે – બુધ્ધિધનની માતા, સૌભાગ્યદેવી, અલકકિશોરી, કુમુદસુંદરી અને ચંદ્રલક્ષ્મી. બીજા ભાગમાં ધર્મલક્ષ્મી, ગુણસુંદરી અને સુંદરગૌરી એ ત્રણને ગણાવી શકાય. ત્રીજા ભાગમાં બે છે – ચેનારાણી અને કમળારાણી. અને બાકીની મુખ્યત્વે ચોથા ભાગમાં જોઈએ છીએ – ગંગા, કુમુદસુંદરી, ચંદ્રાવલી, મોહની અને બિન્દુમતી. આ પંદરમાંથી આખા અને વિગતે ભરપૂર ચિત્રો ચાર છે : ગુણસુંદરી અને તેની બે પુત્રીઓ : કુમુદસુંદરી અને કુસુમસુંદરી : અને અલકકિશોરી.''[૩]

સમાજમાં માનનીય અને વંદનીય સ્ત્રીઓ કેવી હોય, સમાજ કેવી સ્ત્રીઓને દેવીની જેમ પૂજનને યોગ્ય માને છે તે વિશે કર્તાએ પોતાના વિચારોને કલાત્મક રીતે રજૂ કર્યા છે.

પાત્રોના ગુણ પ્રમાણે ગુણદર્શક નામો લેખકે આપ્યાં છે. દરેકે દરેક પાત્ર આ નવલસૃષ્ટિમાં પોતપોતાને ભાગે આવેલું કાર્ય તેમનાં વ્યકિતત્વને સુસંગત રહીને બજાવી જાય છે. દરેક ક્ષેત્રોના પ્રતિનિધિરૂપ પાત્રો તેમણે સજર્યા છે. ટોલસ્ટોયની નવલકથાની જેમ અહીં પણ પાત્રોની વણથંભી વણઝાર છે.

કુમુદસુંદરી અને કુસુમસુંદરીની માતા ગુણસુંદરી કુટુંબવત્સલ કુલવધુ છે. ગુણસુંદરીને પતિના ગુણોનું સંકિર્તન કરતી સીતાની પેઠે जन्मान्तरे त्वमेव माता। ની અભિલાષિણી બતાવી છે. ઉદાત, નિર્મળ, ચારિત્ર્યવાળી ગુણિયલમાં ઉત્તમ સ્ત્રીનો મંગલ આદર્શ સિધ્ધ થયો છે. તો કુમુદની નાની બહેન કુસુમ ચંચળ, બટકબોલી અને નટખટ છે. કુસુમ સ્વમાની, હાજરજવાબી અને અન્યાયનો સામનો કરનારી છે. જયારે બુધ્ધિધનની પુત્રી અલકકિશોરી ચંચળ, પ્રબળ અને પ્રતાપી હાવભાવવાળી છે. તેને અમલ ચલાવવાની આદત છે. જયારે બુધ્ધિધનની પત્ની સૌભાગ્યદેવી સ્વભાવે અંત્યત શીળી, સંવેદનશીલ અને બાળક સમી નિર્દોષ ભાસે છે. ''સરસ્વતીચંદ્ર'' ના મુખ્ય – મુખ્ય સ્ત્રીપાત્રોમાં કુમુદસુંદરી પોતાના સ્વભાવ, સંસ્કાર અને વર્તનથી જુદી જ તરી આવે છે.

## કુમુદસંદુરી

છેલ્લા સો વર્ષની ગુજરાતી સાહિત્યની સિધ્ધિરૂપ એવી મહાનવલ 'સરસ્વતીચંદ્ર' ની નાયિકા કુમુદસુંદરી – સર્જકનું ઉત્કૃષ્ટ આલેખન છે. કુમુદમાં નામ પ્રમાણે જ ગુણો રહેલાં છે. કુમુદ એટલે 'કમળ' અને કુમુદમાં કમળ જેવી કોમળતા, શુચિતા અને સુગંધ રહેલાં છે.

શરીરનો ગૌર વર્ણ, નાજુક–નમણી દેહયષ્ટિ, હરિણીશી ચંચળ અને નિર્દોષ આંખોવાળી, અર્ધખીલી પોયણી શી મુગ્ધા – એવી કુમુદને જોતાં જ 'નાની શી નાર ને નાકે રે મોતી' વાળી પંકિત યથાર્થ લાગે છે. ચૌદ–પંદર વર્ષની મુગ્ધાવસ્થાએ સાસરવાસી બનેલી આ કુમુદ :મુગ્ધાઃ જુવાનીના મળસકાના ઉજાસમાં, મદનની શીતળ લહેરો પર સવાર થઈને હંસગતિએ સંસારસાગરમાં સરતી આ નિર્દોષ બાલા બુધ્ધિધનની કુલવધુ છે. કોમળ અને મનોહર ચંદ્રિકા સમી તે શ્વસુરગૃહને મધુર અને શીતલ કિરણો વડે શૈત્ય અર્પે છે.

શરદઋતુનાં નાનાં વાદળાં ઉપર ચંદ્રલેખા જણાય તેમ તેનું આછા સ્મિતવાળું મુખ દેખાતું. તેનો સ્વર રૂપાની નાની ઘંટડીના જેવો સુંદર મધુર છે. વિદ્યાપ્રિય અને સંસ્કારી પિતા તરફથી ઉચ્ચ વિદ્યાવૈભવ અને સંસ્કારવારસો પામેલી કુમુદસુંદરી વિદ્યાવ્યાસંગી છે. અંગ્રેજી અને સંસ્કૃતની જ્ઞાત છે. તેને સંસારધર્મ,રસજ્ઞતા, રસિકતા, વ્યવહારકુશળતા,ધૈર્ય અને ક્ષમા જેવા ગુણો માતા ગુણસુંદરી તરફથી વારસામાં મલ્યાં છે. તેના માતા–પિતા આવી સુશીલ દીકરીને જોતાં જીવનને સ્વર્ગ સમું માનતા હતા.

બુધ્ધિધન અને વિદ્યાચતુરના કુટુંબના સંસ્કારો અને વાતાવરણની ભિન્નતાને લીધે કુમુદસુંદરી એની નણંદ અલકકિશોરી કરતાં દેખાવમાં, વાણીમાં અને વર્તનમાં તદન ભિન્ન છે. બુધ્ધિધન રાજકારણનો જીવ છે અને તેની પત્ની સૌભાગ્યદેવી બાળકોના ઉછેરમાં તદન સીધી – સાદી હોવાથી નિષ્ફળ નીવડી છે. ચાકરોના હાથે ઉછરેલો, કોઈનીય દેખરેખ વગર બાળકો કેવાં દૂષણોનાં ભોગ બની જાય છે તે સર્જકે પ્રમાદધન અને અલકનાં પાત્ર દ્વારા દર્શાવ્યું છે. જાજરમાન અલક સામે કુમુદ અત્યંત નાજુક અને શીળા સ્વભાવની આલેખાઈ છે. કેટલાંક તેને ગરીબ ગાય જેવી તો કેટલાક તેને સાવ નિર્માલ્ય ગણે છે. કુમુદનો સ્વભાવ 'પડયું પાન નિભાવી' લેવાનો છે.

તેની નજાકત, સૌંદર્ય, ચબરાકી, લાવણ્ય અને લજજા પ્રશંસનીય છે. કુમુદસુંદરીના શીળા સ્વભાવને લીધે તે અબાલવૃધ્ધ સૌની પ્રિય છે. બાળકો રમત છોડી તેને વીંટળાઈ વળે છે, તો વડીલોનાં અંતરમાંથી એને જોતાં જ આશિર્વાદની ઊર્મિઓ ઉછળે છે. એનો સહવાસ બધાને માટે આનંદકર બની રહે છે. કુમુદે પોતાના સારા સંસ્કાર અને સદવર્તનથી સાસરીયામાં સારી રીતે સમાસ કરી લીધો છે. કુમુદની નણંદ અલકકિશોરીને અમલ ચલાવવાની ટેવ હતી તો કુમુદને નાનપણથી આજ્ઞા માનવાની ટેવ હતી.

કુમુદસુંદરીનો વિવાહ પ્રથમ તો મુંબઈનગરીના એક ધનાઢય અને પ્રખ્યાત વેપારી લક્ષ્મીનંદનના વિદ્વાન પુત્ર સરસ્વતીચંદ્ર સાથે થયો હતો : પરંતુ સંજોગોવસાત તેની સાથે લગ્ન થઈ શકતા નથી : પરંતુ સરસ્વતીચંદ્રને પિતા લક્ષ્મીનંદન સાથે મનદુઃખ થતાં સરસ્વતીચંદ્ર ગૃહત્યાગ કરે છે. પરિણામે વિદ્યાચતુર તેમની પુત્રી કુમુદને સુવર્ણપુરના અમાત્ય બુધ્ધિધનના પુત્ર પ્રમાદધન સાથે પરણાવે છે. બુધ્ધિધનનું ઘર સારું ગણાતું હોવાથી વર :પ્રમાદધન : પણ સારો હશે જ એમ માનીને કુમુદસુંદરીને પરણાવે છે. પરંતુ પ્રમાદધન લંપટ અને છીછરા પાણીનો જીવ છે. જયારે સરસ્વતીચંદ્રે તરછોડેલી કુમુદ અસંસ્કારી એવા પ્રમાદધનને પરણે છે. અને આવા પતિ સાથે લગ્નસંબંધ બાંધી કુમુદને દ્વિધાયુકત જીવન જીવવું પડે છે. કુમુદના હૃદયમાં બુધ્ધિ અને હૃદય વચ્ચેનો ભીષણ જંગ હરદમ ચાલે છે અને તેમાં બંને રીતે વિશુધ્ધ રહેવા માટે તેણે કેવી કાતિલ ટકકર ઝીલી હશે.''[૪]

પ્રમાદધન સાથેનાં લગ્ન પછી પણ કુમુદ પોતાના વાગ્દત સરસ્વતીચંદ્રને ભૂલી શકતી નથી. શરૂઆતમાં કોઈપણ કાર્યમાં તે શૂન્ય હૃદયથી ભાગ લેતી. ફીકા હાસ્યથી મર્મશોક પર ઢાંકપિછોડો કરતી આ મુગ્ધાના હૃદયદર્દને સમજનાર કોઈ ન હતું. પોતાના પતિ પ્રમાદધન સાથે મન મેળવવા તે હંમેશ : હરદમઃ પ્રયાસ કરતી અને પરપુરુષ બનેલા હૃદયના સ્વામીને ભૂલવા પ્રયત્નશીલ બનતી. આ બાળાએ પરપુરુષ બનેલાની કલ્પનાને પતિવ્રતાધર્મની વિરુધ્ધ માનીને મનને ધીરે – ધીરે સ્વાધીન કરી લીધું.

કુમુદને પિતાને ઘેરથી મળેલા સંસ્કારવારસાને સંવર્ધિત : નવસિંચનઃ કરે એવું કોઈ એની સાસરીમાં નથી. વિદ્યામાં નિર્ધન એવો પરોપજીવી પ્રમાદધન તેને હંમેશા વ્યથિત બનાવે છે. સંપતિને અચળ માનનાર, અસંસ્કારી પ્રમાદધનમાં દેવયોગે પ્રાપ્ત થયેલી કુલીન વધૂની રસવૃતિ પોષવાની શકિત જ નથી. આત્મનિંદા, પરસ્ત્રીગમન, પરનિંદા અને સ્વછંદવિહાર–વ્યાપારોમાં મગ્ન રહેતો આ અમાત્ય પુત્ર સરસ્વતીચંદ્રથી તદન ભિન્ન પ્રકૃતિનો છે. કુમુદના સર્વ અભિલષ સંતોષવાની ઈચ્છાવાળો પ્રમાદધન કુમુદની વિદ્યાની સ્તુતિ કરે છે. પણ તેની વિદ્યાને સંસ્કારવા કે પોષવા માટે તે અસમર્થ નીવડે છે.

સરસ્વતીચંદ્રનાં પત્ર ઉપરથી તેનાં વિચારવૈભવ અને સંસ્કારવારસાને પામી જનાર આ ચતુરાને ફકકડ, ઉછાંછળા, કાંતિમાન છતાં સંસ્કારહીન ભોગી પતિ પ્રત્યે અસંતોષ રહે તે સ્વાભાવિક લાગે છે. વિદ્યા, બુધ્ધિ, ડહાપણ અને ચતુરાઈમાં પોતાનાથી ઊતરતાં પતિને ચાહવાનો પ્રયાસ કરવા છતાં ચાહી શકતી નથી, તેના પર સ્નેહસિંચન કરી શકતી નથી. છતાં કુલીનવધૂ પોતાના પતિને તથા કુટુંબને ચાહે છે. પાણી વગર હવામાં તરફડતી માછલીની જેમ વિદ્યા વગરના ઘરમાં મૂંઝાતી વિચારચતુરની આ બાળકીની સળગતી ચિતવૃતિ અદમ્ય બને છે. સરસ્વતીચંદ્રે ગૃહત્યાગ કરતાં પહેલાં લખેલા પત્રમાં કુમુદને શ્લોક લખીને મોકલ્યો હતો, જે કુમુદે પોતાની પાસે સંભાળીને રાખી મૂકયો હતો. શ્લોક આ પ્રમાણે હતો –

"શશી જતાં, પ્રિય રમ્ય વિભાવરી,

થઈ રખે જતી અંધ વિયોગથી;

દિનરૂપે સુભગા બની રહે, ગ્રહી

કર પ્રભાકરના મનમાનીતા."[૫]

સરસ્વતીચંદ્ર જેવા વિદ્વાને પણ આવી સલાહ કુમુદને આપીને ભયંકર ભૂલ કરી છે. વિદ્યાની અભ્યાસી કુમુદ વિદ્યા વિનાના ઘરમાં કેવી રીતે જીવી શકે ? એવી કુમુદે સરસ્વતીચંદ્ર શ્લોક દ્વારા મોકલેલ સંદેશ તો પાળ્યો પણ તે બિચારી ન પામી શકી પ્રભાકરને કે ન બની શકી શુભગા. સૌભાગ્ય તો તે પામી તે પણ દુર્ભાગ્યને આધીન થવા જ. આમ, સરસ્વતીચંદ્રને દિવસ–રાત યાદ કરીને તે તડપ્યા કરે છે અને સરસ્વતીચંદ્ર તરફથી "આશાભંગ" થયેલી કુમુદનો માનસિક વિષાદ તેના આ ઉદગારોમાં પ્રગટે છે.

"ગયો ચંદ્ર ક્ષિતિજ તજી કયાંય ?

પડયું તિમિરે કુમુદ મીંચાય.

સૂઝયું ભ્રમર તને શાથી આવું રે ?

કેમ કમળ તજી દઈ જવાયું રે ?"[૬]

કેવી ઘેરી વેદના તેની ઉકિતમાં પ્રગટે છે. સાસરિયાનો પ્રેમ અને અમીવૃષ્ટિ  તેના હૃદયને શાતા આપવા અસમર્થ નીવડયાં છે. ચંદ્રની ચાંદનીનો સથવારો ઝંખવા તેનું ચકોર મન અગમ્ય તડપન અનુભવે છે. એ જ સમયે સરસ્વતીચંદ્ર 'નવીનચંદ્ર' નામે સુવર્ણપુરમાં આવે છે. અને કુમુદસુંદરીના ઘરમાં જ અતિથિરૂપે રહે છે. નવીનચંદ્રને જોતાં જ કુમુદસુંદરીને તે જ સરસ્વતીચંદ્ર છે એમ લાગે છે. કુમુદ વિચારે છે કે "નવીનચંદ્ર જ સરસ્વતીચંદ્ર હોય તોયે મારે એની સાથે શો સંબંધ." "ઈશ્વરે જેની સાથે પાનું પાડયું તે ખરાં, બીજા સૌ ખોટા" તો બીજી તરફ સરસ્વતીચંદ્રની સંસ્કારી વાણી સાંભળવા મળશે એ વિચારે પ્રસન્ન થાય છે. તેમ છતાં નવીનચંદ્રનું પોતાને ત્યાં રહેવું કુમુદસુંદરીની ચિતવૃતિને ગમ્યું, તેની પતિવ્રતાવૃતિને ન ગમ્યું. કુમુદના પતિવ્રતાધર્મનું એ સૂચક છે.

કુમુદને પુસ્તકોના વાચન તરફ વિશેષ લગાવ છે અને સાસરીમાં આવ્યા પછી તો પુસ્તકો જ તેનું જીવન બની રહયા છે. કુમુદ સારા પુસ્તકો વાંચીને તેની નણંદ અલકકિશોરીને તેનો અર્થ સમજાવે છે.–

"આમ, નાની વયે રસિકતા, જ્ઞાનગાંભીર્ય, શીલ અને

સંસ્કારની સમૃધ્ધિ દાખવતી અને તેને લીધે સાસરિયાં વડે

દેવી માફક પૂજાતી કુમુદસુંદરીનું પાત્ર ભાવનાસૃષ્ટ લાગે તેવું છે."[૭]

કુમુદના સાસરિયામાંની રાજકીય ખટપટને જોતાં નવીનચંદ્રરૂપે તેના ઘરમાં રહેલા સરસ્વતીચંદ્રને બધા માણસો કુમુદ અગાળ ક્ષુદ્ર લાગે છે. વિદ્યાવિહોણા ઘરમાં કુમુદની અવદશા જોઈને ત્રાસ પામેલો સરસ્વતીચંદ્ર મનોમન કહે છે :–

"રાજહંસિની! તારા દિવસ અહીં કેમ જાય છે ?

વિશુધ્ધ પવિત્ર સુંદરી! મલિન અપવિત્ર દેશમાં તું!

અરેરે! દિવ્ય ઉત્કર્ષભરી રાજહંસિની! અરેરે!

સ્વાર્થમાં પરમાર્થ ડૂબ્યો. નહોતી ખબર કે આમ થશે –

સરસ્વતીચંદ્ર! બહું ખોટું કર્યુ! ધૂળ પડી તારી સરસ્વતી પર ।."[૮]

સરસ્વતીચંદ્રના ઉપર્યુકત પશ્ચાતાપ પરથી આપણે કુમુદસુંદરીની અવદશાને કલ્પી શકીએ છીએ.

કુમુદની નણંદ અલકકિશોરીની આબરૂ બચાવવા જતાં નવીનચંદ્ર ઘવાય છે. ઘવાયેલા નવીનચંદ્રના ઘા ઉપર પાટો બાંધવા પોતાની સાડી ફાડીને કપડું : ચીંદરડુ : આપે છે. હજી નવીનચંદ્ર એ જ સરસ્વતીચંદ્ર છે કે બીજો તેની ખાતરી થઈ ન હતી. તેમ છતાં કુમુદ તેની મદદ કરે છે. કુમુદસુંદરીએ અહીં દ્રૌપદીનું કામ કર્યુ.

સરસ્વતીચંદ્ર તરફનો સ્નેહ સર્વ આયુધો સહિત આક્રમણ કરીને કુમુદને વશ કરી દે છે. કુમુદ પોતાના પતિને વફાદાર રહેવા પૂરો પ્રયત્ન કરે છે તેમ છતાં તેના મન–હૃદય પર સરસ્વતીચંદ્ર સાથેની પૂર્વલાગણીની પકડ પણ ઘણી મજબૂત છે. આથી તેનું હૃદય તેના હાથમાં રહેતું નથી. કુમુદની પતિભકિત આયાસસિધ્ધ છે. કુમુદ હજી પણ સરસ્વતીચંદ્રને ભૂલી શકી નથી. કુમુદ સરસ્વતીચંદ્રને પૂજે છે. આથી કુમુદ સરસ્વતીચંદ્રનું દુઃખ જોઈ શકતી નથી.

અલકકિશોરી અને સરસ્વતીચંદ્ર વચ્ચેની એક વિકારની ક્ષણે કુમુદ જ સરસ્વતીચંદ્રને ઉગારી લે છે. સરસ્વતીચંદ્રને અલકકિશોરી સાથે જોતાં જ કુમુદ જાણે કે પોતાન જ પતિને પરકીયા સાથે જોયો હોય – જાણે કે પોતે જ ખંડિત થઈ હોય એમ પુષ્કળ રડે છે અને મોનમન નિર્ણય કર છે કે –

''સરસ્વતીચંદ્ર, તને આ રસ્તે નહીં ચડવા દઉ. હશે, ભૂલ
થઈ હશે – પણ તારા પવિત્ર સંસ્કારને જગાડું એટલે તું
જાગવાનો જ. આ કુમાર્ગે તું ચડયો તો બાપડા જગની શી
વલે થવાની ? બીજા લોકોને તો કાંઈ કહેવાશે નહિં
તને આ રસ્તે જોતાં મારું કાળજું કહયું કેમ કરે – મારું
કાળજું કેમ રહેશે.''[૯]

કુમુદના આ મનોમંથનમાં એનો સરસ્વતીચંદ્ર તરફનો પ્રેમ જ પ્રગટે છે. અને પ્રેમ સાચો હોય ત્યારે જ એક વ્યકિત બીજી વ્યકિતની અધોગતિ જોઈ શકતી નથી. તેવી જ રીતે કુમુદ પણ પોતાના પ્રેમી સરસ્વતીચંદ્રને આ પડતીના માર્ગે જતો બચાવી લેવાનો નિર્ણય કરે છે અને તરત જ તે સારંગી સામે ઝીણા કંઠે ગાવા લાગે છે :–

''શુભ સ્વર્ગમાં વસનારી તે ચળી પડી હરિશિરે,
પડવા માંડેલી પડી પાછી । ટકી ન હર । હર શિર.... શુભ....
ભ્રષ્ટ થયું જરી તેનો શતમુખ વિનિપાત જ નિમેલો ।–
ભ્રષ્ટ થઈ મતિ તેનો શતમુખ વિનિપાત જ નિર્મેલો ।''[૧૦]

કુમુદનું આ ગીત સાંભળીને જ સરસ્વતીચંદ્ર એકાએક સ્વપ્નાવસ્થામાંથી જાગે છે અને મનોમન પોતાને આ પતનમાંથી બચાવ્યા બદલ કુમુદનો ઉપકાર માની રહયો. સરસ્વતીચંદ્ર કુમુદની મહાનતાને મનોમન વંદી રહેતાં વિચારે છે :–

''સરસ્વતીચંદ્ર, સરસ્વતીચંદ્ર, કાંઈ સૂઝે છે ? આ શું
કર્યુ ? મહાપતિવ્રતા – પત્ની સ્વચ્છન્દ મૂર્ખતાની વેદી
પર હોમાયેલી પતિવ્રતા । નવા અવતારમાં પાછલો
અવતાર ન ભૂલનારી પતિવ્રતા । મનને વરેલો પતિ મનથી
છૂટો નથી પડતો – વરેલા પતિને છોડી મન વ્યભિચારી
નથી થતું – શરીરે વરેલા પતિને છોડી શરીર અન્યત્ર
નથી રમવું । આહ! બળવાન બાળકી । મનના પતિ પર
આટલો આવેશ છતાં તેના ભણી પાંપણનો પલકારો પણ

નહિં! કેવા બળવાળી ? પુરુષ । તું સ્ત્રી છે. અને સ્ત્રી ।

તું પુરૂષ છે । ......''[૧૧]

સરસ્વતીચંદ્ર આ ઉકિતઓમાં આપણને કુમુદના સ્વભાવ અને તેની મહાનતાનો પરિચય મળી રહે છે. પ્રમાધ્ધન સાથેના લગ્ન પછી પણ તે પોતાના ભૂતકાળના વાગ્દત સરસ્વતીચંદ્રને ભૂલી શકતી નથી. તેમ છતાં તે પોતાના હૃદયને મારીને પણ પોતાના પતિવ્રતાધર્મને ભૂલતી નથી.

અલકના પ્રસંગે સરસ્વતીચંદ્રને બચાવનાર કુમુદ જ છે. કુમુદ જ તેને સંસ્કાર વિતરણ તથા સેવાના પુણ્યપંથે મૂકી આપે છે. કુમુદનું બાહય તેમજ આંતરિક સૌંદર્ય અલક સાથેની તેની વાતચીતમાં પ્રગટ થાય છે. કુમુદ અને અલકના રસસંવાદમાં અલકની રસની વણછીપી તરસ અને કુમુદની રસજ્ઞતાનો આપણને ખ્યાલ આવે છે. કુમુદ તેની રસજ્ઞતા, સુકુમારતા, પતિવ્રતાધર્મ અને વિદ્યાને કારણે જાજરમાન એવી અલકથી જુદી તરી આવે છે.

ગણિકા પદ્મા સાથેના પ્રમાદધનના સંબંધની જયારે કુમુદને જાણ થાય છે ત્યારે પણ તેપ્રમાદધનનો દોષ જોતી નથી પરંતુ એમ માને છે કે જો આજ સુધી સરસ્વતીચંદ્ર મારા મનમાં પણ ન હોત તો પ્રમાદધન આવો વ્યભિચાર ન કરત. આમ કુમુદ કોઈનો દોષ જોતી નથી. પરંતુ એ દોષ : વાંકઃ પોતાને માથે લઈ લે છે.

કુમુદસુંદરી વયમાં આવી અને વધારે ભણી તેમ તેમ સરસ્વતીચંદ્રની વાતો માતા–પિતાને મોંએ સાંભળવાની રસિયણ બને છે. સરસ્વતીચંદ્ર પ્રત્યેની પ્રીતિનું સંવર્ધન કરનાર કુમુદના માતા–પિતા છે. કુમુદનો વિવાહ સરસ્વતીચંદ્ર સાથે થયો હોવાથી કુમુદના પિતા ઈચ્છતા હતા કેસરસ્વતીચંદ્ર વિશેની વાતો સાંભળીને કુમુદનો પતિપ્રેમ ગાઢ થાય. પિતા પર આવેલા સરસ્વતીચંદ્રના પત્રને કુમુદ ચોરી–છૂપીથી વાંચે છે. પિતા દ્વારા થતી સરસ્વતીચંદ્રની સ્તુતિ સાંભળીને નાનકડી બાળકી એવી કુમુદ કેટલાય ગુપ્ત મનોવિકાર અનુભવતી હતી. કુમુદે સરસ્વતીચંદ્ર પર લખેલા રસિક છતાં સંયમી પત્રે વિરકત વિચારોવાળા સરસ્વતીચંદ્રની રસજ્ઞતાને ચેતનવંતી બનાવી છે. સરસ્વતીચંદ્રના માનસિક વૈરાગ્યનો લોપ કરાવાનાર આ રસિકાની સ્નેહાળ રસવૃતિ આગળ તેના જ્ઞાનની પ્રોઢતા ઝૂકી ગઈ હતી. આવા ભૂતકાળના વજ્રલેપસમ દૃઢ બનેલ સ્નેહને તોડવાની તાકાત ગભરૂ એવી કુમુદમાં નથી. તેમ છતાં તે વરઘેલી બની રહેવા પ્રયત્ન કરે છે. કેમ કે કુમુદ માને છે કે જે સ્ત્રી : પોતાના વરને માટે ઘેલી : વરઘેલી નથી તે ઈશ્વરના ઘરની અપરાધી છે. આથી, તે પોતાના ચિતને માત્ર પ્રમાદધન તરફ જ કેન્દ્રિત કરે છે. અને તેને વફાદાર રહેવા પૂરેપૂરો પ્રયત્ન કરે છે.

જેનું સરસ્વતીચંદ્ર તફરથી ચિત પ્રયત્ન કરવા છતાં ખસતું નથી એવી કુમુદસુંદરીનો પ્રમાદધન જેવો સ્વામી તેને માટે સર્જીને સર્જકે માનસિક કજોડાની કરુણતા દર્શાવી છે. ભણેલી પત્ની તરફ આદર રાખનાર અભણ પતિ સ્ત્રીની ઉચ્ચ પ્રકારની રસવૃતિથી સંતોષ પામે છે પણ સ્ત્રીની સાથે વિલાસને બદલે વિદ્યાની વાતો તેને અપ્રિય થઈ પડે છે. પશુવૃતિમાં રાચનાર પ્રમાદધન પોતાને મળેલ આ અણમોલ રત્નને મૂલવવા અશકત છે તે તેનું દુર્ભાગ્ય છે. કુમુદની દલીલો સામે અનુત્તર બનતા પતિને તેથી જ તેની ગેરહાજરીમાં નિરાંતનો અનુભવ થાય તે સ્વાભાવિક છે. કુલવધુની મર્યાદાને સમજનારી આ અબળા વેશ્યાગામી પતિને દેવ માનીને પૂજવાનો પ્રયાસ આદરે છે.

જયારે કુમુદ પોતાની બહેન કુસુમનો આવેલો પત્ર વાંચે છે ત્યારે તેને સરસ્વતીચંદ્રના ગૃહત્યાગ કરવાનું કારણ જાણવા માળે છે. અને પોતાને માટે થઈને જ સરસ્વતીચંદ્રે ઘર છોડયું છે એ જાણે છે ત્યારે તે વધુ દુઃખી બને છે અને વિચારવા લાગે છે :

''શું,પ્રિય ચંદ્ર આ બધું મારે સારુ, સોસવું પડયું ?

શું તમને હવે પ્રિય કહી શકું નહી ? મૃતપત્નીને સંભારનાર

પતિ શું મરનારીને પ્રિય નહીં કહેતો હોય ? તમે મારા

વીતી ગયા ભવમાં પ્રિય હતા – ઈશ્વરને પ્રિય કહું છું –

પિતાને પ્રિય કહું છું તેમ સરસ્વતીચંદ્રને પ્રિય કહેતાં શો

બાધ ? ...... સરસ્વતીચંદ્ર, તમારું રટણ કરું તેમાં અયોગ્ય

શું ? મારે સારું તમે આટલું ખમો છો – એક સમય આવો સંબંધ હતો.''૧૨

આમ વિચારતાં તેની ચિત્તવૃતિ સરસ્વતીચંદ્ર પાછળ દોડવા લાગી.

કુમુદ જયારે પ્રમાદધનના કુષ્ણકલિકા સાથેના સંબંધ વિશે નજરે જુએ છે ત્યારે તો તેને પ્રમાદધન તરફ જાણે કે તિરસ્કાર જેવું થાય છે. અને મનોમન વિચારે છે કે : ''શું જે કારભારીના દીકરા હોય તે સૌને લંપટ થવાનું સરજેલું હશે ?''૧૩ અને પ્રમાદધન ના આ વર્તનથી દુઃખી થયેલી કુમુદને પ્રમાદધન સાંત્વન પણ આપતો નથી ત્યારે તો કુમુદનું દુઃખ ઓર વધી જાય છે. અને મનોમન દુઃખી થતી બોલે છે :–

'' હે ઈશ્વર, આમને સુધારવા એ વાત મારા હાથમાંથી

તે સમૂળગી લઈ લીધી જ ? શું મર્યાદા તૂટી જ ? શું

છેક આમ જ કે હું અહીંયાં ઊભી છતે પેલીના સામું

જોયા કરે છે અને મને તો બોલાવતા જ નથી । છેવટે

બે આંખની શરમ પણ નરહી. હવે સુધારવાનું બારું બંધ. ''૧૪

અને પછી સરસ્વતીચંદ્ર અને પ્રમાદધન વિશે એક જ મત રજૂ કરતાં કહે છે :

''ભણેલાએ પરણ્યા પહેલાં છોડી – વગર ભણ્યાએ પરણીને છોડી ।''૧૫

કુમુદના આ વિધાનમાં એના જીવનની કેટલી કરુણતા ટપકે છે.

પ્રમાદધન જયારે કુમુદને મનાવે છે ત્યારે કુમુદ એની વાતોમાં ભોળવાઈ જાય છે અને બોલી ઉઠે છે : ''ના, એ તો એ રાંડનાં જ વાનાં, મારા પતિ તો બિચારા ભોળા છે.''૧૬ આમ, કુમુદ સ્વભાવે ભોળી છે, ગભરૂ છે, સાથે સાથે તે જિંદગી સાથે સમાધાન કરીને જીવનારી છે. એના જીવનમાં કોઈ આનંદ–ઉત્સાહ રહયો નથી.

પતિનો કોઈ દોષ પતિવ્રતા એવી કુમુદના મનમાં વસતો નથી. પતિના દોષ ભૂલી તેના ગુણને જ સંભારી પ્રમાદધનના બની જાય છે.

''પ્રમાદધન મુજ સ્વામી વહાલા ।

એ વણ અપ્રિય સર્વ બીજું ।''૧૭

અહીં રજૂ થયેલું કુમુદનું મનોમંથન તેના ચિત્તની ઘેલારૂઢતા સુંદર રીતે અભિવ્યકત કરે છે. પ્રમાધ્ધનનું નામસ્મરણ કરતી એ પોતાના પતિવ્રતને દ્રઢ કરે છે.

અહીં કુમુદ પ્રયત્નપૂર્વક પોતાના હૃદયને પ્રમાદધનમય બનાવે છે. તેમ છતાં પ્રમાધ્ધનમય બનેલું જીવન સરસ્વતીચંદ્રહીન થઈ શકતું નથી. એક ભવની પતિવ્રતા એવી તે બીજા ભવના પતિને ભૂલી શકતી નથી. સત્યને અર્થે દશરથે રામનો ત્યાગ કર્યો, પ્રજાને અર્થે રામે સીતાનો ત્યાગ કર્યો, અને તે છતાં દશરથનું જીવન રામમય રહયુ અને રામ સીતામય રહયા. તે જ રીતે અબળા પતિવ્રતા કુમુદસુંદરી મૂર્ખ અને દૂષિત પતિને મનનો સ્વામી બનાવવાવ, પોતાની હૃદય જાળમાં પતિને વણી દેવા મથે છે. તેમ છતાં તે સરસ્વતીચંદ્રમય મટી જતી નથી. આજ કુમુદના જીવનની કરુણતા છે કે પ્રમાદધનને સંપૂર્ણપણે અપનાવી નથી શકતી અને સરસ્વતીચંદ્રને ભૂલી શકતી નથી.

એકાંતમાં કુમુદ જયારે સરસ્વતીચંદ્રની છબી જુએ છે ત્યારે, ત્યાગ કર્યા પછી ઘણે વર્ષે રામને જોતી સીતાનું હૃદય થયુ હતું તેવું જ કુમુદનું હૃદય ઉપરાઉપરી નિશ્વાસ નાખે છે. અને તે સરસ્વતીચંદ્રમય બને છે. કુમુદ કાગળમાં આંસુ અને અક્ષર સાથે લખે છેઃ

"શશી ગયો ઊગશે ગણીને ભલે

ટકતી અંધ નિશા; મુજ ચિત્તમાં

પ્રલયકાળ રચી શશી આથમ્યો

નીરખીને ધિક જીવવું જીવનું ।"૧૮

અબળા એવી કુમુદના જીવનની આકરી કસોટી થઈ રહી છે. એના મન અને હૃદય વચ્ચેની દોલાયમાન પરિસ્થિતિમાં રહીને તે થાકી ગઈ છે, હારી ગઈ છે. આથી જ તો તે ભગવાનની સહાય માંગે છે. કુમુદના મનમાં ખાતરી થઈ હતી કે નવીનચંદ્ર જ સરસ્વતીચંદ્ર છે. તે મનોમન સરસ્વતીચંદ્રને ઉદેશે છે :

"સરસ્વતીચંદ્ર । – નવીનચંદ્ર–સરસ્વતીચંદ્ર આપણો

આવો સંબંધ તે ઈશ્વરે શું કરવા ઘડયો હશે ?

– અરેરે! દુષ્ટ હૃદય । બાહયસંસ્કારને અનૂકૂળ થઈ

જતાં તે તને શા ઘા વાગે છે ? હે ભગવાન । મારા

ઉપર તે આ શો કોપ ?"૧૯

કહેતા તેનું મુખ ગરીબડું બની જાય છે :

" આ મારા સરસ્વતીચંદ્ર – મારે તમારે બોલવા

વ્યવહાર સરખો પણ નહીં – હાય! હાય! એ તે કેમ ખમાય ?"૨૦

અહીં કુમુદનો વલોપાત હૃદયદ્રાવક છે. તે અબળા માટે સરસ્વતીચંદ્ર વગરનું જીવન જીવન જ નથી. અને આ વિચારોમાં કુમુદસુંદરી ઉપર મદનનું :કામદેવનુંઃ સામ્રાજય છવાય છે. તેના મસ્તિકમાં, હૃદયમાં અને શરીરમાં કામની આણ વર્તાય છે.

બુધ્ધિ અને હૃદય વચ્ચે સંઘર્ષ અનુભવતી આ અબળા આખરે તો સ્ત્રી છે ને ? કયાં સુધી આવી તંગ પરિસ્થિતિમાં તે ટકી શકે ? એથી જ કુમુદનું મન એક અસાવધ પળે એક રાત્રિએ વિકાર અનુભવે છે. તેની આસપાસ સર્જાયેલી ઉન્માદક પરિસ્થિતિ તેને સરસ્વતીચંદ્ર તરફ કામવિવશ બનાવે છે. મદનાંધા કુમુદ સરસ્વતીચંદ્રની મેડીમાં જવા તૈયાર થાય છે અને પવિત્રતા ધર્મને કલંકિત કરવાની અણી પર હોય છે ત્યાં જ બારણા પર પોતાની જ છાયામાં પવિત્ર માતૃમૂર્તિ નિહાળતાં જ તે થંભી જાય છે. અને વિશુધ્ધ એવી કુમુદની શુધ્ધિ અખંડિત રહે છે. કુમુદ મનોમન માતાનો ઉપકાર માનતા બોલે છે :

"ઓ મારી માવડી । અહીંયાં પણ મારી

વિશુધ્ધિ તેં સાચવી ? હે । "૨૧

અને માતા તરફનો ઉપકારનો ઊભરો શમતાં તેમાં પશ્ચાતાપનો પ્રવાહ ભળે છે :

"મેં શું કર્યુ – હું શું કરવા જતી હતી ? પવિત્ર

સરસ્વતીચંદ્ર, આવી અપવિત્ર સ્ત્રીથી તારી જોડ

ન બંધાત – મારા જેવી ભ્રષ્ટાનો ત્યાગ તે કર્યો તે

ઉચિત જ થયું છે ।" – હે ઈશ્વર । આવી જ રીતે

મને સદેવ પવિત્ર રાખજે । "૨૨

કુમુદના આ પશ્ચાતાપમાં તેના મનના સર્વે પાપ, વિકારો ધોવાઈ જાય છે. અને તેના મનમાં પુનઃ પવિત્રતતાના વિચારો પ્રગટે છે. પોતાના પતિવ્રતાધર્મમાં ન્યૂનતા આવી જાણી પોતાને વારંવાર ધિકકારે છે.

ISBN-978-81-971187-3-9
First Edition

કુમુદનું આ વાસ્તવિક રૂપ પણ સ્પૃહણીય છે. અશ્રુસ્નાનથી શુધ્ધ બનેલી,હૃદય પશ્ચાતાપ વડે દુર્બળતાને ખંખેરી પવિત્રતાનું દર્શન કરનારી કુમુદ સાચે જ તપસ્વિની છે.

કુમુદ મનોમન નિર્ણય કરે છે :

''સરસ્વતીચંદ્રની સાથે મારે હવે સંબંધ નથી એ વાત
આજથી સિધ્ધ, ઈશ્વર, હવે એ પવિત્ર પુરુષને મારા ભ્રષ્ટ
હૃદયમાં આણી અપવિત્ર ન કરીશ – મને મારા યોગ્ય
મારા પતિમાં જ રમમાણ રાખજે, એટલો પતિ મને
છાજે તો ઘણું છે.....''[૨૩]

મદનને પતિવ્રતાના તેજથી ડારનાર કુમુદ સરસ્વતીચંદ્રને સમસ્ત ચિત્તતંત્રમાંથી હડસેલી દે છે. પરંતુ તે સુખી થાય તે માટે તેને શિખામણ આપવા ''પર થયેલા સ્વજન ।'' એવા સંબોધને પત્રમાં લખે છે :–

''અવનિ  પરથી નભ ચડયું વારિ પડે જ પાછું ત્યાં ને ત્યાં
..........પણ ઊંચા નભના સંચારી પક્ષીરાજ, તું આવ્યો આ
ધરતી પર ત્યાંથી ઊડ પાછો, પક્ષહીનનો દેશ જ આ....
.........નહીં ઊડાયે પોતાથી – પણ પ્રિયની વિમાનગતિ જોઈ
રાચવું એટલું રહયું ભાગ્ય તે રાખ । નીકર રહીશું રોઈ.''[૨૪]

આમ, ચતુર કુમુદ સરસ્વતીચંદ્રને તેના ઘેર પાછા જવા માટે તેનું ઈષ્ટ ઈચ્છીને તેને શીખ આપે છે.

કુમુદ આ પત્ર સરસ્વતીચંદ્રને આપવા તેની મેડીમાં જાય છે. ત્યાં કુમુદ સૂતેલા સરસ્વતીચંદ્રની છાતી પર પત્ર જુએ છે. અને સાથે સાથે કૃશ શરીરવાળા સરસ્વતીચંદ્રને પણ એક લક્ષાધિપતિનો બાળક, ઘરબાર તજી, પરદેશમાં, પરગૃહમાં, આમ અનાથ જેવો પોતાને વાસ્તે જ ભમે છે – એ વિચારે જ કુમુદસુંદરી વધુ દુ:ખી થાય છે.

સરસ્વતીચંદ્રનો પત્ર વાંચતાં જ તેની પોતાના તરફની નિર્મળ અને અનિવાર્ય પ્રીતિ અને ગુરૂકાર્ય અર્થે કરેલો ત્યાગ, ત્યાગ કરવા છતાં અભેય રહેલી હૃદયપ્રીતિ જાણીને કુમુદને પારાવાર દુ:ખ થાય છે. અને તે મૂર્છા પામે છે. મૂર્છામાંથી જાગૃત થતાં તે સરસ્વતીચંદ્રને કહે છે :

''તમારી સાથે બોલવાનો મારો અધિકાર તમે જ નષ્ટ
કર્યો છે તે છતાં કોણ જાણે સાથી હું આજ બોલું છું –
પણ તે છેલવેલ્લું જ બોલું છું....''
''...... એટલું જ કહું છું કે ભૂલેચૂકે બીજી કોઈ ભાગ્યહીનની એ
અવસ્થા ન કરશો ।...... સરસ્વતીચંદ્ર । કૃપા કરી. દયા
આણી, મુંબઈ જાઓ. શું ભણેલાઓ સર્વ તમારા જેવા હશે ?
શું ક્રૂરતા વિદ્યાની અંગભૂત જ હશે ? મુંબઈ જાઓ કે મારા
પિતાને મળો પણ આમ ક્રૂર ન થશો ।.....''
''જીવતી છતાં ચિતા વચ્ચે બેઠેલી, તેને કંઈ નાસવાનું છે ?
તમે છૂટયા પણ મારાથી કંઈ છૂટાયું ? – બળીશું, ઝંખીશું,
રોઈશું કે મરીશું – વજ્ર જેવું આ કાળજું ફાટશે તે સહીશું –

થશે તે થવા દઈશું – તેમાં તમારે શું ? તમારે તમારી

સ્વતંત્રતા અખંડ રહી – એટલ થયું. ''[૨૫]

કુમુદના આ વાકયોમાં સરસ્વતીચંદ્ર તરફનો કુમુદનો આક્રોશ અને ઠપકો પ્રગટે છે. સાથે સાથે કુમુદના હૃદયને લાગેલો આઘાતનો કારી ઘા પણ પ્રગટે છે. કુમુદની આ ઉકિત દ્વારા કુમુદની મહાનતાનો પરિચય મળે છે, તે સહનશીલતાની મૂર્તિ અને પ્રેમની સાક્ષાત પ્રતિમા છે.

કુમુદે સરસ્વતીચંદ્રના સર્વ પત્રોનો નાશ કરવાનો નિશ્ચય કર્યો. ભારે હૃદયે સર્વ પત્રોને બાળી તેની ભસ્મ એકઠી કરીને એક સુંદર શીશીમાં ભરે છે અને તેને ''મર્મદારક ભસ્મ'' એવું નામ આપે છે.

સરસ્વતીચંદ્રને મળી તે સમયે તેનો સંયમ જોઈને સરસ્વતીચંદ્ર પોતે જ કુમુદને ''સતી'' કહે છે. સરસ્વતીચંદ્રના આ મૂલ્યાંકનમાં પૂરેપૂરી સત્યતા રહેલી છે. કુમુદ પોતાનો નિષ્કારણ ત્યાગ કરનાર સરસ્વતીચંદ્રને ચાહવા છતાં તેને પૂરેપૂરી ક્ષમા આપતી નથી. ત્યાગ ચંદ્રથી જ ખીલવા સર્જાયેલું આ કુમુદ પ્રમાદધનરૂપી પ્રભાકરના પ્રખર કિરણોમાં કરમાઈ ચૂકયું છે. કુમુદ અને સરસ્વતીચંદ્રનો પ્રેમ અશારીરિક છે એ તે બંનેના દિવ્યપ્રેમથી સત્ય પુરવાર થાય છે.

સરસ્વતીચંદ્રના દેશોધ્ધારના, દુનિયાદર્શનના કાર્ય માટે, ભાવિનું અતિસુંદર, માંગલ્યકારી અને ભાવનાલક્ષી ચિત્ર આલેખવા કુમુદને બલિ બનાવી દે છે. તો ગુણીયલની ત્યાગભાવનાથી સિંચાયેલી, પિતાના વિશુધ્ધ સુસંસ્કારોથી સુસંસ્કૃત બનેલી, સાસુ–સસરાની કુળલક્ષ્મી :ગૃહલક્ષ્મીઃ નીવડેલી કુમુદે સર્વસ્ય ભૂલીને પતિને ચરણે સર્વસ્વ ધરી દીધું તેમ છતાં તે અંતે પામે છે દુઃખોની પરંપરા જ. : અવહેલના : તેની વિશુધ્ધ પ્રેમયાત્રા કંટકછાયી નીવડે છે. તેની પતિવ્રતા, નિર્દોષતા, આર્ય સ્ત્રીત્વની ઉચ્ચ અને સનાતન ભાવના તેના સંસારસ્વામી પ્રમાદધનને રુચ્યાં નહીં તેમાં કુમુદના ભાગ્યની કઠિનાઈ જ છે.

કુમુદ પોતાની માતા ગુણસુંદરીને મળવા ભદ્રેશ્વર જવા નીકળે છે. પણ રસ્તામાં તે વિચારે છે કે જયારે પ્રમાદધન પોતાનામાંથી મુકિત ઈચ્છે છે તો શા માટે હું તેમના જીવનથી દૂર ન થઈ જાઉં ? અંતે જીવનથી ત્રાસેલી આવા વિચારોમાં જ તે પગ લપસી જવાથી કે જાણી જોઈને નદીમાં ડૂબે છે. પણ મૃત્યુની ઈચ્છા રાખનાર કુમુદથી મોત ઘણું છેટું છે. ભગવાન તેને જીવાડવા માંગે છે. આથી, દેવકુપાએ કુમુદને સાધ્વી ચંદ્રાવલીમૈયાએ બચાવી લઈને નવજીવન બક્ષે છે.

કુમુદસુંદરીના મૃત્યુના સમાચારથી તેના પિયર તથા સાસરામાં શોકનું વાતાવરણ ઘેરાયું, પ્રમાદધને કુમુદ અને સરસ્વતીચંદ્રના સંબંધ વિશે કુમુદ પર અનેક આરોપ મૂકયા પણ અલકકિશોરીએ કુમુદનો જ પક્ષ લીધો. કુમુદ સુશીલ અને રંક સ્વભાવની હતી. કુમુદ વિશે અલકકિશોરી કહે છે કે : ''મારામાં ને ભાભીનામાં ફેર છે. મારે નાકે તો માખી બેસવા આવે કની તો હું મસળી નાંખુ ને ભાભીની પાસે તો ભમરો આવે તોયે હળવે રહીને લૂગડું આડું ધરે કે રખેને ભમરાને ઝાપટ વાગે ।''[૨૬] કુમુદના સ્વભાવની કોમળતા અને તેનાથી કોઈ જીવને હાની પહોંચે તેમ નથી.

અલકકિશોરીના મુખે કુમુદસુંદરીના વખાણ સાંભળીને બુધ્ધિધન કહે છે : ''હે ઈશ્વર, આ જગતનાથી ઊલટો માર્ગ કે ભાઈનું સગપણ મૂકી ભાભીની વકીલાત કરવા બહેન આવી. કુમુદસુંદરી । મારા ઘરની લક્ષ્મી । આ સૌ તમારી પવિત્રતાનો પ્રતાપ.''[૨૭] બુધ્ધિધનના મુખે બોલાયેલા આ ઉદગારોમાં કુમુદસુંદરીના સમગ્ર વ્યકિતત્વની છાપ ઉપસે છે કુમુદ સાસરામાં લક્ષ્મીજીની જેમ પૂજાતી હતી.

સંસારથી છૂટકારો મેળવવા માંગતી કુમુદને મૃત્યુ વહાલું લાગ્યું પણ ક્રૂર વિધાતાએ તેને જીવવાની ફરજ પાડી અને યદુશૃંગ પર પહોંચેલી કુમુદનું ચંદ્રાવલીમેયાએ મધુર એવું મધુરીમૈયા નામ આપ્યું. કુમુદનું મધુર, પ્રસન્ન વ્યકિતત્વ, બાળક શી નિર્દોષતા અને કુલીન સંસ્કારોએ તેને સર્વ સાધુજનોમાં પ્રિય બનાવી અને ચંદ્રાવલીમૈયાની શીતળછાયામાં કુમુદને પરમ શાંતિ અને અદભૂત વાત્સલ્ય સાંપડે છે. ચંદ્રાવલીમૈયા તેની વાતનો વિસામો બનીને તેને માતૃવત સ્નેહ આપે છે. જો કે અલકનો ભગિનીપ્રેમ, સૌભાગ્યદેવીની શીળી

ISBN-978-81-971187-3-9
First Edition

છાયા, પિતાના સંસ્કાર અને માતાની મમતાની યાદ તેને આવે છે. પોતાના આ કૃત્યથી તે હવે કોઈને મ્હો દેખાડવાને લાયક નથી એમ માનીને તે ફરી આપઘાત કરવા તૈયાર થાય છે. પરંતુ ચંદ્રાવલીમૈયા તેની રક્ષક બને છે. તેમની હૂંફ અને પ્રેરણા કુમુદને નવો માર્ગ ચીંધે છે.

કુમુદ અને સરસ્વતીચંદ્રનું સુંદરગિરિના માર્ગે અચાનક મિલન થાય છે. સરસ્વતીચંદ્રને સાધુવેશમાં જોઈને કુમુદને આઘાત લાગે છે. કુમુદના દુઃખને જાણનાર સર્વ સાધ્વીઓ તેના ઔષધ માટે પ્રયત્નશીલ બની રહે છે. ત્યારે જ સરસ્વતીચંદ્ર અને કુમુદના તારામૈત્રકની સાક્ષીરૂપ બનેલી સાધ્વીઓ વિષ્ણુદાસ બાવાના મઠમાં આવેલા નવીનચંદ્રને જ સરસ્વતીચંદ્ર છે એ જાણીને સાધ્વીવર્ગ તે બંનેના એકાંતમિલનની યોજના ઘડે છે જયારે સાધ્વીઓ તેને સરસ્વતીચંદ્રની વાત કરે છે ત્યારે તે બોલે છે : "બહેના પતિવ્રતાનો ધર્મ તો સર્વ માર્ગમાં એક જ છે અને તેમાંથી ચળવું નહીં એવો મારો નિશ્ચય છે."[૨૮] હજી પણ કુમુદ પોતાના પતિ પ્રમાદધનને વફાદાર જ રહે છે. યદુશૃંગની સાધ્વીઓને મન પ્રમાદધન કુમુદનો પતિ હોવા છતાં તે "જાર" છે જયારે તેના હૃદયના સ્વામી સરસ્વતીચંદ્ર સાથે તેના મિલનનો પ્રસંગ યોજે છે ત્યારે કુમુદ પ્રમાદધનને જ પતિ તરીકે પ્રમાણીને સાધ્વીઓને કહે છે :–

"ચંદ્રાવલીમૈયા। સક્ષમ પ્રીતિને માટે પણ અભિસરણ કરું એવી હું નથી –" મારે પતિત્ નથી થવું"[૨૯]

આમ, કુમુદ જેમ ચંદ્રને દૂરથી જ જોઈ કુમુદ પ્રફુલ્લ થાય તેવી જ રીતે કુમુદ સરસ્વતીચંદ્રને પામવા ઈચ્છે છે, તેથી વધારે નહિં.

સોમનસ્યગુહામાં સુંદરગિરિના પવિત્ર આશ્રયધામમાં કુમુદ અને સરસ્વતીચંદ્રની મુલાકાત યોજાય છે. પ્રથમ તો એકાંતમિલન તેમને વિવશ બનાવે છે. પરંતુ બંનેના સ્થૂળ કામ પર તેમની સૂક્ષ્મ પ્રીતિ વિજયી થાય છે. કુમુદને પવિત્ર માતા ગુણિયલની છાયા ડરાવી ગઈ, સૌભાગ્યદેવીની પ્રેમાળ મૂર્તિએ તેને કૂલવધુનો ધર્મ યાદ અપાવ્યો અને આર્યસંસ્કૃતિની આણ આપીને તેના વિકારને ઘડીમાં ઝાકળની જેમ ઉડાડી મૂકયો. તે વિશુધ્ધ એવી કુમુદને સરસ્વતીચંદ્ર સાથેના સ્વપ્નદર્શનનું દિવ્ય ફળ પ્રાપ્ત થાય છે. બંનેના આત્મા સૂક્ષ્મ પ્રીતિયોગે બંધાય છે.

સરસ્વતીચંદ્ર કુમુદને કહે છે કે પોતે કુમુદનો ત્યાગ કરવાનો વિચાર કર્યો ત્યારે સરસ્વતીચંદ્રના મનમાં એટલો વિચાર હતો કે રત્નનગરી જઈને કુમુદના મનની ઈચ્છા જાણવી. ત્યારે કુમુદ કહે છે કે "જાણીને શું કરવું હતું ?" ત્યારે સરસ્વતીચંદ્ર કહે છે કે જો તમારા મનમાં મારા માટે પ્રીતિ હોત તો હું સીતાને રામ લઈ ગયા અને દમયંતીને નળ લઈ ગયો તેમ હું તમને સાથે લઈ જાત. આ સાંભળતાં જ કુમુદ બોલી ઉઠે છે :–

"હા ....શ! આજ મારા હૃદયનું મહાશલ્ય દૂર થયું. મને હાનિ કરનાર તમે ન નવીડયા – વિધાતા નીવડયો."[૩૦]

કુમુદના જેવા જ ઉદગારો, જયારે સીતા પોતાનો ત્યાગ કર્યા પછી પણ રામને પોતાની તરફ પ્રેમ છે એ જાણે છે. ત્યારે સીતાજી બોલી ઉઠે છે उत्पतमिव मे हृदयशल्यम्। એવા જ ઉદગારો કુમુદના છે. સ્ત્રી ગમે તેટલું દુઃખ સહન કરે પણ જયારે પતિને પોતાની તરફ પ્રેમ છે તો એ તેને મન મહાસાંત્વન છે. અને આજ સંદર્ભમાં કુમુદના ઉપર્યુકત ઉદગાર છે. અહીં કુમુદના ઉદારશીલ અને ક્ષમાશીલ હૃદયનાં દર્શન થાય છે.

ત્યારપછી જયારે સરસ્વતીચંદ્ર કુમુદને પ્રમાદધન અને સૌભાગ્યદેવીના મૃત્યુના સમાચાર જણાવે છે ત્યારે કુમુદ દુઃખી થાય છે. પોતાની સાસુ માટેનો શોક વિશેષ છે, તો સાથે સાથે પ્રમાદધન માટેનો શોક પણ ઘણો છે. તે પ્રમાદધન ને સ્વભાવે સુશીલ અને સદગુણી કહે છે. અને પ્રમાદધનમાં વિદ્યા ન હતી પણ હૃદય હતું. આમ તે પ્રમાધ્ધનના ગુણ સંભારે છે. આ દ્વારા તે મૃત પ્રમાદધનને ક્ષમા આપે છે. અહીં કુમુદમાં હિંદુનારીનાં દર્શન થાય છે.

વિધવા બનેલી કુમુદ કન્થા ધારણ કરીને સાધ્વી બને છે. સ્વ આનંદશંકર ધ્રુવને મતે "ભગવી ચૂંદડીએ શોભતી "મધુરીમૈયા" માં મૂર્તિમંત થતું સ્ત્રીનું મહાત્મ્ય–પુરુષને શરમાવનાર અને નારીપ્રતિષ્ઠાને ઉચ્ચતર કરનાર સ્ત્રીનું દેવી લક્ષણ વ્યકત કર્યુ છે."[૩૧]

કુમુદ અને સરસ્વતીચંદ્રના સુંદરગિરિ પરના આશ્રયને જાણીને પશ્ચિમી સંસ્કૃતિના તેજબિંબોને ઝીલતો પ્રેમાળ પિતા કોઈપણ ભોગે બે અતૃપ્ત હૈયાઓને જોડવાની તમન્ના સેવે છે. કુમુદના હૃદયમાં સરસ્વતીચંદ્રનું અમીટ એવું સ્થાન છે તેમ છતાં લોકલજજાના ભાર નીચે દબાયેલી પતિવ્રતા, તપસ્વીજનની માતા ગુણસુંદરીના હૃદયને સમજનારી કુમુદ પુનર્લગ્ન માટે તૈયાર નથી. કુમુદે તો માન્યું છે કે સૂક્ષ્મ પ્રીતિને દેહના બંધનની આવશ્યકતા નથી. આવું સમજનાર કુમુદ સાચે જ મહાન નારી છે.

આપના સ્વપ્નમાં મારો હાથ આપને આપની માતાનો લાગ્યો હતો તે જ પ્રમાણે હવે હું આપના જાગૃત સ્વપ્નની માતા થઈ છું એવું કહેનાર કુમુદ સરસ્વતીચંદ્રની જનનીની જેમ સંભાળ રાખવાનું કબૂલે છે.

લગ્નના સ્વામીએ આપેલ વૈધવ્યવેશને જ યોગ્ય માની ભગવી કંથામાં શોભતું કુમુદનું પતિતપાવન, નિર્મળરૂપ વંદનીય લાગે એવું છે. હૃદયના સ્વામી સરસ્વતીચંદ્રની લોકકલ્યાણની ભાવનાને પૂર્ણ કરવા, તેને યોગ્ય અને ઉત્તમ સહધર્મચારિણી શોધી આપવાની જવાબદારી પોતે હાથમાં લે છે. અને પોતાની નાની બહેન કુસુમને સરસ્વતીચંદ્ર સાથે પરણાવીને આ જવાબદારી પૂર્ણ કરવા કુસુમને સમજાવતાં કહે છે કે :–

"કુસુમ । એ વાદળાંને વિખેરનારી પવનલહરી થઈ
મારી કુસુમ શું એની કુમુદને પ્રફુલ્લિત નહીં કરે ?
કુસુમ । તારી કુમુદ સંસારની દૃષ્ટિએ કલંકિતા થઈ
છે, એ ફૂલ નિર્માલ્ય થયું છે, એની સુગંધ એમાંથી
લેવાઈ ગઈ છે. બીજા દેવને એક વાર ધરાવેલું નેવેય
આ મહાત્મા ધરશે તો લોકની દૃષ્ટિમાંથી એ
મહાત્માનું મહાત્મ્ય ઉતરી જશે. કુસુમ । તું દોષહીન
અણસૂંધ્યું એ મહાત્માનું મહાત્મ્ય સુરક્ષિત રાખવાને સમર્થ છે."[૩૨]

અહીં કુમુદની નિખાલસતા તથા તેનો ભગિનીપ્રેમ જ પ્રગટે છે. સરસ્વતીચંદ્ર જેવા મહાત્મા સામે તે પોતાની જાતને તુચ્છ ગણે છે આ જ તેના સંસ્કારોની મહાનતા છે. વળી, કુસુમ અને સરસ્વતીચંદ્રને પરણાવીને પોતે બધી જ જવાબદારીથી મુકતતા ઈચ્છે છે.

મોટી બહેન કુમુદના આદેશને શિરોધાર્ય ગણતી કુસુમ અને કુમુદના ત્યાગ અને આજ્ઞા સામે નતમસ્તક બનેલ સરસ્વતીચંદ્ર બ્રહમચર્યધર્મના વ્રત સાથે જીવનમાંગલ્યને સ્વીકારે છે. અને કુસુમ સાથે પ્રભુતામાં પગલાં માંડે છે. તેમાં પણ ભવ્ય વિજય કુમુદનો જ છે, અદ્વિતીય આત્મવિલોપન છે. કુમુદનો આ ત્યાગ જ તેને મહાન બનાવે છે.

સાધ્વી એવી કુમુદે કરેલો ત્યાગ અપૂર્વ છે. સરસ્વતીચંદ્રની કલ્યાણગ્રામની યોજનામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહભાગી બને છે. અને તે જ તેના જીવનનું જાણે અંતિમ લક્ષ્ય છે. સરસ્વતીચંદ્રરૂપ આરાધ્યદેવને કુસુમરૂપી ઉત્તમ અર્ઘ્ય આપીને આ ભોળી પૂજારણ જીવન સાર્થકયની પરમતૃપ્તિ અનુભવે છે. આત્મસંયમ, પ્રસન્નચિત, સોમ્યતા અને ત્યાગના પરમ આનંદની પ્રાપ્તિ માટે સાધના કરતી કુમુદ સાથે જ મનુષ્યરૂપે સાક્ષાત દેવીનો અવતાર છે.

નવલકથાને અંતે સરસ્વતીચંદ્ર પાછળ પતિઘેલી કુસુમને જોતાં જ કુમુદ બોલી ઉઠે છે : "ઘેલી મારી કુસુમ"[૩૩] કુમુદના આનંદના અતિરેકમાં ઉચ્ચારાયેલા આ ઉદગારો તેના મનના આત્મસંતોષ અને જીવનસાફલ્યને પ્રગટાવે છે. પતિરત થેલી કુસુમને જોતાં વત્સલ કુમુદનું નિર્મળ મન અપાર શાતા અને જીવનમાં ધન્યતાનો અનુભવ કરે છે.

સંસારના દુઃખથી હારેલી, થાકેલી આ ભગ્નહૃદયા નારીના પાત્રનો જે રીતે વિકાસ સધાયો છે તે જોતાં આપતિઓ સામે ટકકર ઝીલવી આ કારુણ્યમૂર્તિ માટે ફરી લગ્ન સંભવતું જ નથી. તેના હૃદયનું મહાશલ્ય સરસ્વતીચંદ્રની નિખાલસ કબૂલાતથી દૂર થયેલું છે,

હવે તે સૌભાગ્યદેવીના નાના પુત્રનો ઉછેર, કોઈકવાર સુંદરગિરિ પર ચંદ્રાવલીનું સાનિધ્ય પામી સત્સંગ કરવો તો કોઈવાર મુંબઈ જઈ સરસ્વતીચંદ્ર–કુસુમની ખબર લઈને શેષજીવન વ્યતીત કરવાની તેની યોજના ભવ્ય લાગે છે.

સમજદાર કુમુદ જે રીતે પોતાની નાની બહેન કુસુમ સાથે સરસ્વતીચંદ્ર સાથે પરણવાનો નિર્ણય કબૂલ રખાવે છે તે નિર્ણયનો પાયો શુધ્ધ પ્રેમ અને ડહાપણ તથા સંસારના ઉચ્ચ ભાવ પર આધારિત છે. કુમુદે "સીસ્ટર ઓફ મર્સી" – યમુનામૈયા થવું અને કુસુમે તેની ગંગામૈયા થવું અને લોકકલ્યાણની ભાવનાના મહાન વિચારોના મહાસાગરમાં ભળી જવું – કેટલો ઉચિત વિચારે છે.

કુસુમને સરસ્વતીચંદ્ર સાથે પરણાવીને ભગવી કંથામાં શોભતી કુમુદમાં આર્યસ્ત્રીનું મહાત્મ્ય, પુરુષને શરમાવનાર અને નારી પ્રતિષ્ઠાને ઉચ્ચતમ બનાવનાર દેવીલક્ષણ : નારીલક્ષણ : આ સંસારમાં પ્રત્યક્ષરીતે મૂર્તિમંત થાય છે.

કુમુદના જીવનની પીડા વિશે રા.વિશ્વનાથ કહે છે કે :

"વિશેષ પીડાકારી તો પોતાની વિદ્વાતા જ થઈ પડે છે,
બિચારીને પોતાની વિદ્વાનવૃતિનો પરીક્ષક નથી મળતો
પણ તેની સાથે વિશેષ સહાયકારી તેની વિદ્વાત્તા જ થઈ
પડે છે. એ ઉચ્ચ સંસ્કારને બળે તે મહાન આત્મપ્રયાસમાં
વિજયી થાય છે."[૩૪]

આવી કુમુદસુંદરી સાધુ સ્ત્રીઓમાં પણ પોતાની સુશીલતાથી દીપે છે. સાથે જ કુમુદના ઉચ્ચ સંસ્કારો અને વિધાતા જ તેને સહાયકારી બને છે.

"કુમુદ એટલે હૃદયમાન્ય પુરુષને પરણી ન શકતી,
અસંસ્કારી પતિ જોડે લગ્નસંબંધે જોડાયેલી સુશિક્ષત,
સંસ્કારી યુવતીઓની પ્રતિનિધિ."[૩૫]

"સરસ્વતીચંદ્ર" મહાનવલની નાયિકા કુમુદસુંદરી સાચે જ ગોવર્ધનરામનું ઉત્તમ સર્જન સાબિત થાય છે. કુમુદના પાત્રનું સમગ્ર આલેખન જોતાં આપણને જણાય છે કે :–

"કન્યાઓને, વરને નહિ પણ ઘરને પરણાવવાની જૂની
પ્રથા નવા યુગમાં જે પરિવર્તન માંગતી હતી તેને લક્ષ્ય
બનાવવામાં લગ્નમાં સ્નેહને આગળ કરી તેનું મહત્વ અને
આવશયકતા સ્થાપવાનું ગોવર્ધનરામે કુમુદ અને સરસ્વતીચંદ્રની
સ્નેહકથા યોજીને કથામાં સાધ્યું છે. લગ્ન સ્ત્રી–પુરુષના
દેહના નહિ, એમનાં હૃદયનાં થયાં – હોવાં જોઈએ."
"લગ્ન સમાન શીલ અને પ્રકૃતિવાળા સુશિક્ષિત
યુવક–યુવતીઓ વચ્ચે સ્નેહસંવનની ભૂમિકાઓમાંથી
પસાર થતા અને પરિણમતા હૃદયરાગના પાયા પર જ
રચાતાં હોય તો સંસાર સ્વર્ગ બને, નહિતર મનોહારી
અને એના કાચી વયનાં પતિનાં જેવા વયનાં,
અને કુમુદ અને પ્રમાદધનનાં જેવાં સંસ્કારનાં કજોડાનો
અભિશાપ સમાજને પીડે."[૩૬]

ISBN-978-81-971187-3-9
First Edition

"કુમુદને શેકસપિયર અને ડેન્ટેના ઉત્તમ સ્ત્રીપાત્રો સાથે જરાપણ અતિ પ્રસંશા વિના મૂકી શકાય તેમ છે."[૩૭] શ્રી આનંદશંકર ધ્રુવનો આ અભિપ્રાય અત્યંત યોગ્ય છે. કુમુદના પાત્ર દ્વારા સર્જક બતાવવા માંગે છે કે :–

" મર્ત્યલોકમાં દિવ્યલોકનું દર્શન કરાવનાર –
દિવ્યતાની પ્રત્યક્ષ મૂર્તિ તે સ્ત્રી જ છે. વ્યવહાર
માટે ઘડાયેલો પુરુષજીવ ઉત્તમ સંસ્કાર છતાં વ્યવહારની
ઐતિકતામાંથી નીકળી શકતો જ નથી. એ સરસ્વતીચંદ્રના
પાત્રનો ચોથા ભાગને અંતે ફલિત થતો બોધ છે."[૩૮]

"કુમુદસુંદરી નથી સંન્યાસિની કે નથી તપસ્વિની,
પણ સંસારમાં રહેનારી, બળવાન, સંસ્કારોવાળી
તીવ્ર બુધ્ધિવેગવાળી, રસિક સ્ત્રી છે."[૩૯]

જ્ઞાનસંપત્તિ અને ગૃહશિક્ષણ દ્વારા સ્ત્રીની પાત્રતા કેવી ઉત્કૃષ્ટ અને ઉર્ધ્વગામી બને તે કુમુદના પાત્રવિકાસથી જોઈ શકાય છે. કુમુદ આર્યસંસ્કારોનું મૂર્તિમંત સ્વરૂપ છે. આર્યસંસ્કૃતિની ઝળહળતી દીપિકા છે.

પોતાની સુશીલતા અને સદવર્તનના પ્રકાશ દ્વારા સમસ્ત આર્યાવર્તને પ્રકાશિત કરે છે. ગુજરાતી સાહિત્યના સમસ્ત નારીપાત્રોમાં કુમુદસુંદરી અનન્ય અને ચિરંજીવ પાત્ર છે અને રહેશે.

## <u>સંદર્ભનોંધ</u>

૧. "સરસ્વતીચંદ્ર ભાગ–૧" ની પ્રસ્તાવનામાંથી, ગોવર્ધનરામ મા.ત્રિપાઠી, આવૃતિ–૧૯, ૧૯૮૮, પૃ.૧૦.
૨. "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ–૧, શ્રી બ.ક.ઠાકોર, પૃ.૧૪૪.
૩. –એજન– પૃ.૧૪૫
૪. "ગંધાક્ષત", અનંતરાય રાવળ, પૃ. ૯૯
૫. "સરસ્વતીચંદ્ર ભાગ–૧", ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, આવૃતિ–૧૯, ૧૯૮૮, પૃ.૧૬.
૬. –એજન– પૃ.૭૦.
૭. "ગોવર્ધનરામ શાતબ્દી ગ્રંથ", સંપાદક–ઉપેન્દ્ર છ.પંડયા. : પ્રકરણ સરસ્વતીચંદ્રનું પાત્રવિદ્વાન પ્રથમ આવૃતિ–૧૯૫૫ લેખક અનંતરાય મ.રાવળ, પૃ. ૨૫૮.
૮. "સરસ્વતીચંદ્ર ભાગ–૧" , ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, આવૃતિ–૧૯, ૧૯૮૮, પૃ. ૮૭
૯. –એજન– પૃ.૧૭૦.
૧૦. –એજન– પૃ.૧૭૦.
૧૧. –એજન– પૃ.૧૭૮.
૧૨. –એજન– પૃ.૨૪૪.
૧૩. –એજન– પૃ.૨૫૭.
૧૪. –એજન– પૃ.૨૫૮
૧૫. "સરસ્વતીચંદ્ર ભાગ–૧" , ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, આવૃતિ–૧૯, ૧૯૮૮, પૃ. ૨૫૮
૧૬. –એજન– પૃ.૨૫૯
૧૭. –એજન– પૃ. ૨૯૧

૧૮. –એજન– પૃ.૨૯૬

૧૯. –એજન– પૃ.૨૯૭

૨૦. –એજન– પૃ.૨૯૮

૨૧. –એજન– પૃ.૩૦૬

૨૨. –એજન– પૃ.૩૦૭

૨૩. –એજન– પૃ.૩૧૩

૨૪. –એજન– પૃ.૩૧૫

૨૫. –એજન– પૃ.૩૨૫

૨૬. "સરસ્વતીચંદ્ર ભાગ–૩" , ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, આવૃતિ–૧૧, ૧૯૭૩, પૃ. ૮૫

૨૭. –એજન– પૃ.૮૬

૨૮. "સરસ્વતીચંદ્ર ભાગ–૪" , ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, આવૃતિ–૯, ૧૯૬૮, પૃ. ૩૨૩

૨૯. –એજન– પૃ.૩૭૬

૩૦. –એજન– પૃ.૫૪૬

૩૧. "શ્રી ગોવર્ધનરામ શતાબ્દી સ્મારક ગ્રંથ"
સંપાદકો – શ્રી વિષ્ણુપ્રસાદ ર.ત્રિવેદી, શ્રી મગનભાઈ પ્ર.દેસાઈ, શ્રી ઉપેન્દ્ર છ. પંડયા, શ્રી યશવંત પ્રા.શુક્લ, આવૃતિ ઓકટોબર –૧૯૫૫, પ્રકરણ – ભાવનાવાદી સુધારક સ્વ. ગોવર્ધનરામ અનામી, પૃ. ૧૧૯.

૩૨. "સરસ્વતીચંદ્ર ભાગ–૪", ગોવર્ધનરામ મા. ત્રિપાઠી , આવૃતિ–૯, ૧૯૬૮, પૃ. ૮૫૪.

૩૩. –એજન– પૃ.૮૭૯

૩૪. "ગોવર્ધનરામ શતાબ્દી ગ્રંથ", સંપાદક– ઉપેન્દ્ર છ. પંડયા : ખંડ બીજો : પ્રકરણ – સરસ્વતીચંદ્રનું અવલોકન – લેખક રમણભાઈ મ. નીલકંઠ, પ્રથમ આવૃતિ, ૧૯૫૫, પૃ. ૧૩૭–૩૮.

૩૫. "ગોવર્ધનરામ શતાબ્દી ગ્રંથ", સંપાદક– ઉપેન્દ્ર છ. પંડયા પ્રકરણ – સરસ્વતીચંદ્રનું પાત્રાલેખન – લેખક અનંતરામ મ.રાવળ, પૃ. ૨૬૪.

૩૬. "ગોવર્ધાન પ્રતિભા", સંપાદક –રમણલાલ જોશી, પહેલી આવૃતિ, એપ્રિલ–૧૯૮૩, પ્રકરણ–ગોવર્ધનરામનું સંસારચિત્રણ, લેખક–અનંતરાય મ.રાવળ, પૃ.૧૨૫.

૩૭. "ગોવર્ધનરામ એક અધ્યયન", રમણલાલ જોશી, બીજ સંશોધિત આવૃતિ, ૧૯૭૮, પૃ. ૧૮૭.

૩૮. "દિગ્દર્શન", પૃ. ૧૭૭ –૭૮.

૩૯. "ગોવર્ધનરામ શતાબ્દી ગ્રંથ", સંપાદક – ઉપેન્દ્ર છ. પંડયા, આવૃતિ પહેલી, ઈ.સ.૧૯૫૫, પ્રકરણ – સરસ્વતીચંદ્રનું અવલોકન, – લેખક–રમણભાઈ મ. નીલકંઠ, પૃ.૧૩૮–૩૯.

ISBN-978-81-971187-3-9
First Edition

## પ્રકરણ – ૩

## રાજુ – વિલક્ષણ નારીપાત્ર

### પન્નાલાલ : જીવન અને કવન :–

આપણા ગુજરાતી સાહિત્યના જાનપદી નવલકથાકાર પન્નાલાલ પટેલનો જન્મ ગુજરાત–રાજસ્થાનની સરહદે આવેલા ડુંગરપુર સંસ્થાનના તદન નાના એવા માંડલી ગામે ખેડૂત કુટુંબમાં ૧૯૧૨ના મે માસની ૭ મી તારીખે થયો હતો.

એ સમયના ખેતીના વ્યવસાયમાં રોકાયેલા છતાં પન્નાલાલે અંગ્રેજી ચોથા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. પિતાની ધર્મભાવનાથી પ્રેરાઈને તેમણે તુલસીકૃત રામાયણ, ઓખાહરણ, દયારામની કવિતા, બૃહત કાવ્યદોહન જેવું ધાર્મિક સાહિત્ય વાંચેલું. તેમના જીવનમાં ઉમાશંકર જોશીની મૈત્રી તેમના માટે મોટું પ્રેરકબળ બની રહી. પન્નાલાલની સર્જકચેતનાનું મૂળ ગ્રામપરિવેશ છે.

પન્નાલાલની ગણના ગુજરાતી વાર્તા–નવલકથા પર પ્રભુત્વ ધરાવનાર અગ્રિમ પંકિતના લેખકોમાં થાય છે. એમાંયે ગુજરાતના પ્રાદેશિક જીવનને – લોકહૃદયના ધબકારને સફળતાથી આલેખનાર સર્જકોમાં પન્નાલાલ મોખરે છે. પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર અને પીતાંબર પટેલ – આ પટેલ ત્રિપુટીએ ગુજરાતી જાનપદી કથાસાહિત્યયુગને અતિ ઉજજવલતા બક્ષી છે.

માનવમનના ઊંડાણમાં વિહરનાર સર્જક તરીકે ગોવર્ધનરામ પછી જો કોઈ ગુજરાતી નવલકથાકાર હોય તો તે પન્નાલાલ છે. આથી જ શ્રી ઉમાશંકર જોશીએ કયાંક એવું કહયાનું સ્મરણમાં છે કે "ગોવર્ધનરામ ગુજરાતી સાહિત્યનું ચિરંજીવ શૃંગ છે, તો પન્નાલાલ ગુજરાતી સાહિત્યનું ચિરાંમૃત શૃંગ છે." પન્નાલાલને જે પ્રદેશનું અને જે સમાજનું નિરૂપણ કરવું છે તેની બળવત્તર અનુભૂતિ છે. અને એમાં સંવેદનાની સચ્ચાઈ ભારોભાર છે. એ સંવેદનાની અભિવ્યકિતમાંથી કલાકૃતિ સર્જાય છે.

પન્નાલાલ નવલકથાકાર તરીકે માનવજીવનના ઊંડાણમાં અવગાહન કરતાં કરતાં સહજ રીતે જ કલાકૃતિનું મોતી હસ્તગત કરે છે, એ એમની નવલકથાકાર તરીકેની અનન્ય સિધ્ધિ છે. પન્નાલાલ આજન્મ વાર્તાકાર છે ને તેમની સિધ્ધિઓ પાછળ એક Sensitive સર્જકની સહજ ઊર્મિ અને તેનો સહજ ઉદગાર અનુભવાય છે.

સાહિત્યજગતમાં પન્નાલાલને ઉમાશંકર જોશી, સુંદરમ્, ઝવેરચંદ મેઘાણી, રામનારાયણ પાઠક જેવા સર્જકોએ પ્રેરણા આપી છે. છતાં પન્નાલાલ સ્વયંભૂ સર્જક છે. સાહિત્યસર્જનમાં એમની પોતાની આગવી લાક્ષણિકતાઓ ઉપસી છે.

પન્નાાલાલની જાનપદી નવલકથાઓમાં લોકસાહિત્યમાં અનુભવવા મળતું ધરતીના ધાવણનું લક્ષણ રહેલું છે. જાનપદી પ્રજામાનસ એમની રગોમાં ધબકી રહયું છે. એમના લોહીના લયમાં ગ્રામચેતનાનું સ્ફુરણ છે. ગાંધીયુગનું – લોકસાહિત્યનો મહિમા વધારનારું વલણ જાનપદી સાહિત્યના સર્જન માટે પન્નાલાલના કિસ્સામાં ઉદીપક સાબિત થયું છે.

### કવન :–

પહેલી નવેમ્બર, ૧૯૩૬ નારોજ અમદાવાદમાં ગાંધીજીના અધ્યક્ષસ્થાને ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન મળેલું ત્યારે ઉમાશંકરે પન્નાલાલને કલમસેવનની પ્રેરણા દીધી અને માર્ગદર્શન માટે સુંદરમ્‌નો હવાલો આપ્યો અને પન્નાલાલના રૂંધાઈ રહેલા એક સર્જનનિર્ઝરને માર્ગ મળ્યો.

પન્નાલાલે સાહિત્યસર્જનનો આરંભ તો કાવ્યલેખનથી કર્યો. પણ તેમાં ઝાઝી સફળતા ન મળતાં તેઓ ટૂંકીવાર્તા તરફ વળ્યાં. બહુ ટૂંકાગાળામાં તેઓ વાર્તાલેખક તરીકે પ્રતિષ્ઠા પામ્યા. મોટા ફલકનું કથાવસ્તુ રજૂ કરવા માટે લઘુનવલ અને નવલકથા જેવાં સ્વરૂપો તેમણે સ્વીકાર્યા.

તેમની સૌપ્રથમ નવલકથા છે "ભીરુ સાથી", પરંતુ તેનું પ્રકાશન ૧૯૪૩માં થયું. તેમની મહત્વની નવલકથાઓમાં "વળામણાં" ૧૯૪૦, "મળેલાજીવ" ૧૯૪૧, "યૌવન" ૧૯૪૪, "સુરભિ" ૧૯૪૫, "માનવીની ભવાઈ" ૧૯૪૭, તેમજ માનવીની ભવાઈના અનુવર્તી ખંડો "ભાંગ્યાના ભેરું" ૧૯૫૭, અને "ધમ્મરવલોણું" ભાગ–૧ અને ૨ ૧૯૬૮, આ તેમની મહત્વની નવલકથાઓ

છે. જાનપદી : પ્રાદેશિક : સાહિત્યના સર્જક પન્નાલાલના સાહિત્યસર્જનમાં ''મળેલા જીવ'' અને ''માનવીની ભવાઈ'' તેમની યશોદાયી કૃતિઓ છે. તેમાંય ''માનવીની ભવાઈ'' માં પન્નાલાલની સ્વકીય પ્રતિભાનો ઉન્મેષ એની તમામ કળાઓ સાથે ઝળકી ઊઠયો છે.

ગુજરાતી સાહિત્યની વિશિષ્ટ સેવા બદલ ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ તરફથી ૧૯૫૦ ના વર્ષનો ''શ્રી રણજિતરામ સુવર્ણચંદ્રક'' તેમને એનાયત કરવામાં આવેલો. તેમની કેટલીય કૃતિઓ – નવલકથાઓ અને નવલિકા સંગ્રહોને રાજય સરકારનાં પારિતોષિકો પણ મળેલા છે.

આ બધા પારિતોષિકો અને ચંદ્રકો પછી ભારત સરકાર તરફથી સાહિત્ય માટે મળતો દોઢ લાખ રૂપિયાનો, ૧૯૮૫નો ૨૧મો સર્વશ્રેષ્ઠ પુરસ્કાર ''ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ'' પન્નાલાલને એમની નવલકથા ''માનીવની ભવાઈ'' માટે મળ્યો એ ગુજરાત માટે ગૌરવની ઘટના કહેવાય. પન્નાલાલ પટેલનું નામ ગુજરાતની સીમાઓ પાર કરી ભારતીય સાહિત્યના નકશામાં અગ્રિમ હરોળમાં અંકિત થયું છે.

## ''માનવીની ભાવઈ'' :–

પન્નાલાલની નવલત્રયીએ તેમની નવલકથાકાર તરીકેની ઉજજવલ કારકિર્દીનો કળશ રચ્યો છે. કેવળ પન્નાલાલના સર્જનમાં જ નહિં પરંતુ સમસ્ત ગુજરાતી સાહિત્યમાં આ કૃતિનું એકાધિક દૃષ્ટિએ અનોખું સ્થાન છે.

સવાસો કરતાંય વધુ પ્રકરણોમાં સત્તરસો જેટલાં પૃષ્ઠોની આ કથાત્રયી ''માનવીની ભાવઈ'' ૧૯૪૭ પછી, ''ભાંગ્યાના ભેરુ'' ૧૯૫૭ અને ''ઘમ્મરવલોણું ભાગ–૧ અને ૨'' ૧૯૬૮માં આગળ વિસ્તરે છે. આ ગ્રંથમાં પન્નાલાલે પોણી સદીના સમયાવધિને આવરી લીધો છે. અને ત્રણ ત્રણ પેઢીનાં–મુખ્ય તથા પોણોસો જેટલાં પાત્રોની પણ વ્યાપક સંદર્ભમાં જનસમુદાયની – મનખાવતારની ભવાઈને રૂપાયિત કરવાનો મહત્વકાંક્ષી ઉપક્રમ રાખ્યો છે. લેખક પોતે જ ધરતીના રસકસથી પોષાયા છે તે ગુજરાત–રાજસ્થાનના સરહદી ઈશાનિયા દેશની અંચલ ભૂમિને એમણે સ્વીકારી છે.

''માનવીની ભવાઈ'' માં માત્ર કાળુ–રાજુની પ્રણયકથા નથી. શ્રી વિનોદ અધ્વર્યુ અને શ્રી કનુભાઈ જાની કહે છે તેમ – ''માનવીની ભવાઈ પણ એ આવા આભને ટેકે ટકી રહેનાર ધરતીની કથા. ત્રણ તત્વોની આ કથા છે. માટીની, આભની ને એ બેની વચમાંના માનવીની. આ ત્રણેયને એક કરનાર છે ''કાળ''. આ કાળુની નહીં, કાળની કથા બનતી હોવાથી જ બૃહદતા પ્રાપ્ત કરે છે.''[૧]

તેથી જ તો પન્નાલાલ પટેલ કહે છે કે :

''દેવ દેવીને પારે મેલતાં
સૌ કો મરઘાં ને બકરાં શાં ઢોર,
પણ મારે ધરતીને ખોળે મેલવો,
મોંઘી માટીનો રમતેરો મોર.''[૨]

પન્નાલાલ પટેલ ''નિવેદન'' માં કહે છે ''માનવીની ભવાઈ'' નો વાચ્યાર્થ તો છે જ. ઉપરાંત ''ભવાઈ'' એટલે મિલકત એવો અર્થ પણ થાય છે. દા.ત. ''બે ઢોરાં ને બે છોરાં, એ આપણી ભવાઈ ''. આ સિવાય, ''ખેતી એ તો ભાઈ, :ઝાઝાં: માનવીની ભવાઈ'' – આમ પણ બોલાય છે. પછી લેખકને કહેવાનું હોય તો એટલું જ છે :

''મેલું છું ધરતીને ખોળે ખેલતો
મારી માટીનો મોંઘેરો મોર.''[૩]

''માનવીની ભવાઈ''ના નિવેદનમાં મૂકાયેલી આ પંકિતઓ સમગ્ર નવલકથાત્રયી માટે સૂચક અને યથાર્થ છે. આમાં ગુજરાતના ઈશાનિયા અંચલની માટીની કથા છે.

"માનવીની ભવાઈ" ગુજરાતી સાહિત્યની શિરમોર નવલકથા ગણાય છે. આમાં આલેખાયેલો સમાજ ગામડામાં રોજ–બરોજ આજે ય જોવા મળતો સામાન્ય ખેડૂત સમાજ છે. નવલકથામાં આલેખાયેલી સૃષ્ટિનો મોટો ભાગ રાજુ–કાળુની પ્રણયકથાની આસપાસ ગૂંથાયેલો છે. દુષ્કાળના ખપ્પરમાં હોમાતાં લોકોની ભૂખની અસહ્ય યાતનાની કથા છે, તેથીયે વધારે તો એ હૈયાની ભૂખની વેદનાને આલેખતી કથા છે. જિંદગીમાં ભૂખ ભૂંડી છે, પણ એથી વધુ ભૂંડી તો ભીખ છે અને એમાંય હૈયાની ભૂખની તો જ વાત જ ન્યારી છે. ઉમાશંકર જોશી કહે છે – "માનવીની ભવાઈ"ની કથાની નાયિકા ભૂખ છે, ભૂખ–શરીરોની અને મનની."[૪]

કાળુ અને રાજુના હૈયાની ભૂખ નિરૂપતી અને એ બંનેની પડખે છે સમસ્ત સમાજની સંવેદનાને મૂર્ત કરતી આ નવલકથા પન્નાલાલની સર્જકતાની માટીનો મોંઘેરો મોર : મોલઃ છે. અહીં સમગ્રપણે તો ગામડાની માટીમાં જન્મ લેતાં, મોટા થતાં, દુષ્કાળના ખપ્પરમાં ઝઝૂમતાં, હારતાં, જીતતાં, મરતાં અને જીવતાં કયારેક ભૂખમરાથી પીડિત મનુષ્યોની કથા છે. " આખી વાર્તાનું મુખ્ય પાત્ર જ કાળ છે જે બીજા બધાં તો એના દોરાવ્યાં દોરવાય છે."

આમ, "માનવીની ભવાઈ" કથાત્રયી માનવીય પ્રણય અને પરાક્રમની ગાથા છે.

## પન્નાલલાની પાત્રાલેખન કલા :–

પન્નાલાલ પટેલ જેટલા કુશળ વાર્તાલેખક છે, તેટલા જ કુશળ ચરિત્રોના આલેખનમાં છે. તેમની વાસ્તવગામી દ્રષ્ટિએ અનેક ચરિત્રોનું જીવંત સર્જન કર્યુ છે. પન્નાલાલે ભલે યુનિવર્સિટીનું ઉચ્ચશિક્ષણ લીધું ન હોય, પણ તેમનામાં એક સર્જકની આંતરસૂઝ છે. પન્નાલાલ સામાન્ય જનસમૂહમાં મળી આવે એવા સામાન્ય પાત્રો દ્વારા જીવનનાં ઉદાત્ત આદર્શો પ્રતીતિકર રીતે નિરૂપે છે. પુરુષપાત્રો હોય કે નારીપાત્રો એમનાં આંતરનાદને આલેખી સજીવ બનાવી દે છે. "મળેલા જીવ"ના કાનજી–જીવી કે "માનવીની ભવાઈ"ના કાળુ–રાજુ ચિરસ્મરણીય પાત્રો છે.

"માનવીની ભવાઈ" કથાત્રયીના વિશાળ પટમાં અનેક પાત્રોને સ્વાભાવિક રીતે જ લેખકે રમતાં મૂકયાં છે. પન્નાલાલનાં નારીપાત્રો પુરુષપાત્રોની તુલનામાં અધિક તેજસ્વી છે. રાજુ, કાળુ, માલી, નાનો, પ્રતાપ, ચંપા વગેરે પાત્રોમાં નિર્ભિક વ્યકિતત્વ ધરાવતી રાજુનું પાત્ર જુદું જ તરી આવે છે.

"માનવીની ભવાઈ" માં આવતાં પાત્રોની કોઈને કોઈ મુદ્રા આપણને એક યા બીજ રીતે ગમે છે. કાળુ–રાજુ બધાં સામાન્ય ગ્રામજન છે અને ગુણ–દોષથી યુકત એવાં માનવી છે. તેમાં કોઈ સંપૂર્ણ ગુણીજન નથી. આ બધાં તેજ–અંધારાનાં પૂતળાં છે. પ્રસંગ અને પરિસ્થિતિ અનુસાર તેમનું વ્યકિતત્વ ઘડાતું–બંધાતું રહે છે. કયારેક પોતાના સ્વભાવથી ભિન્ન રીતે પણ વર્તે છે. કયારેક કશુંક અનપેક્ષિત, સારૂં કે નરસું કરી બેસતાં આ પાત્રો જીવંત બન્યાં છે.

"મળેલા જીવ"ના કાનજી–જીવીના તથા "માનવીની ભવાઈ" અને "ભાંગ્યાના ભેરુ" ના કાળુ–રાજુના પાત્રો દ્વારા પન્નાલાલની પાત્રાલેખનકલાનો ખ્યાલ આવે છે. કવિશ્રી ન્હાનાલાલની માફક શ્રી પન્નાલાલ પટેલ એમના પ્રેમીઓને "સ્નેહનાં તપ" તપાવ્યા વિના મિલન–સહવાસનું સુખ આપતા નથી. મિલન કરતાં લગન, ઝંખના અને છેટે રહીને ઝૂરવામાં રહેલી મીઠાશ ઓર છે એવી એમની પ્રતીતિ હોય કે પછી પ્રેમને પ્રથમ દર્શને થતા સ્થૂલ આકર્ષણ કરતાં "જીવની સગાઈ" કે બે જીવની એક ગાંઠની સૂક્ષ્મ અને ઉચેરી ભૂમિકા પર લઈ જવા માટે એની અનિવાર્ય અગત્ય એ માનતા હોય. આવું બે પ્રેમીઓનો પ્રેમ વધવા દઈ તરત એમને સમાજબંધનો કે બીજાં માનવીઓની દુર્લીલાઈ દ્વારા તેમને વિખૂટાં પાડી એકમેક માટે ઝુરાવી તેમના પ્રેમનું તેને તેથી વધુ ઉત્કટ બનાવી પન્નાલાલ ગૌરવ કરે છે."[૫]

## રાજુ

રાજુ એ "માનવીની ભવાઈ" નવલકથાત્રયીની પ્રધાન નાયિકા છે. પન્નાલાલની નારી વિભાવના રાજુના પાત્ર દ્વારા વધારે સ્પષ્ટ બની રહે છે. "રવીન્દ્રનાથ અને શરદચંદ્રના મહાન નારીપાત્રો સમોવડ રાજુ ત્યાગ અને કરુણાની પરમમૂર્તિ છે."[૬] શરદબાબુની "શ્રીકાંત" નવલકથાની "રાજલક્ષ્મી"ની યાદ નિર્માણ કરે છે. "આપણા સાહિત્યમાં શરદચંદ્રના સાહિત્યે જે નારીગરિમા ઊભી કરી છે તેની એ :રાજુઃ પેદાશ છે."[૭]

"નાતરિયા નાતમાં તમામ અનુકુળતા હોવા છતાં સ્વેચ્છાથી સ્વીકારેલી જીવનની લક્ષ્મણરેખાને વશવર્તવામાં રાજવણ રાજુના ચારિત્ર્યનો લખલખાટ અનવદ્ય છે. કાળુની અનુકંપાના વ્યાપની સરસાઈ કરે તેવી ત્યાગભાવના એના અસ્તિત્વનો મોટો ભાગ છે. રાજુ, પારાવારા વેદનાને હૈયામાં ધરબી રાખી સ્વધર્મ આચરવામાં કૃતકૃત્યતા માણે છે."[૮] અંગત સુખ માટે નહિં પરંતુ ભાંગી પડવાની અણીએ પહોંચેલાં જનમના ભેરું કાળુનો આધાર બનીને એના જીવનમાં નવચેતન ભરે છે. જેવું એનું રૂપ અનન્ય, અસાધારણ છે એવું જ એનું શાણપણ અદકેરું છે. એવું જ એનું શીલ છે – આભિજાત્ય છે, એમ નહિ પણ ખેરખર તો "રાજુનું આ બહારનું રૂપને ડહાપણ એ તો અનેક ગુણોથી ભીતરમાં ભરેલી પેલી રાજવણ રાજુની એક છાયા સરખું જ દેખાઈ રહયું છે." રાજુ જેમ કાળુમાં પ્રાણનો સંચાર કરે છે તેમ આ નવલત્રયીમાં ચેતના પૂરે છે.

જન્માતાંવાર ઝોળીમાંથી ઝડપાઈ ગયેલી રાજુનું વૈવિશાળ વાલા ડોસાને ત્યાં સાઠમે વર્ષે થયેલા પુત્ર કાળુ સાથે થાય છે. નવલકથામાં આમ સહજ પરોક્ષ સૂચન થયા પછી, એનો વિવાહ કાળુ સાથે થયો એ વિશે માલીના રોષભર્યા બબડાટ વગેરેમાં રાજુ સૂચિત પાત્ર બની રહે છે. રાજુનો સીધો પાત્રપ્રવેશ તો નવલકથાના પૂરા સો પાના પછી થતો જોવા મળે છે. પ્રકરણ નવમાં રાજૂ અલ્લડ કન્યારૂપે પ્રવેશ પામે છે તે સમયે પણ એને પોતાના વિવાહિત પતિ કાળુ માટે ભાવ છે. નાનકડી રાજુ તેના જેવડા જ તેના વિવાહિત પતિ કાળુને જયારે જુએ છે તે સમયનું વર્ણન જુઓ :

"રાજુની નજર તો છેક પેલા વડ નીચે આવી ત્યારે જ
કાળુ ઉપર પડી. આ સાથે જ એ ટચૂકડી છતાંય અણિયાળી
આંખો હસી ઊઠી. હાસ્યનું માર્યુ એ ગોળમટોળ ને ઘઉંવર્ણુ મોં
પહોળું થઈ ગયું. મોતી સરખા યે સફેદ દાંત ચકમકાટ કરી ઊઠયા."[૯]

આમ, રાજુ અને કાળુ એકબીજા માટે જ બન્યાં હતાં તેની આછી ઝલક ઉપરના વર્ણનમાં જોવા મળે છે. છતાં ગામની ઈર્ષાળુ વ્યકિતઓમાં ખાસ કરીને માલી ડોસી, રણછોડ, નાનો વગેરે રાજુ–કાળુનો સંબંધ તોડાવવા માટે જ પ્રયત્નશીલ રહેતા હતા. રણછોડ તો રાજુના મામા મનોરને તો કહે છે પણ ખરો કે આતો "કાગડા કોટે મણિ" છે. આમ, કાળુના ઝેરીલા પિતરાઈઓ અને નાત–પંચની ખટખટને કારણે રાજુ–કાળુનો વિવાહ તૂટે છે. અબુધ રાજુ–કાળુ તો એ વખતે જાણતાં પણ નથી કે બંને એકબીજાં વગર કેવી રીતે જીવી શકશે. રાજુનાં લગ્ન જગા નરસીના માંદલાભાઈ ધનજી સાથે થયા અને કાળુના લગ્ન :રાજુની ભત્રીજીઃ જગા નરસીની છોકરી ભલી સાથે થયા. આમ, રાજુનો પ્રિયતમ કાળુ હવે તેનો ભત્રીજા જમાઈ બને છે. આમ, પિતરાઈઓના કાવાદાવાને કારણે બંને પ્રેમી જીવોના જીવતરમાં ઝેર રેડાયું.

રાજુ–કાળુનો સંબંધ તૂટી ગયો અને બંને બીજે પરણ્યા હોવા છતાં બંનેનું એકબીજાને ભૂલી શકયા નહોતા. ભૂતકાળનો સંબંધ કયારેક રાજુને માંએથી કાળુની માને માટે "સાસુ" શબ્દ ઉચ્ચારાવે છે અને એ લોકોની મશ્કરીથી વધુ પડતી સભાનતા કેળવી કાળુ–રાજુ બંને અન્યોન્યથી દૂર રહેવા પ્રયાસ કરતા જોવા મળે છે. બેઉ પોત–પોતાના મનથી રુસણાં–અબોલા લઈ બેસે છે. જો કે સમાજ તો એમના પેલા સંબંધને વિસરી ગયો હતો. રાજુનો ભાઈ કોદર કાળુનો દોસ્ત હોવાથી કાળુ એને ઘેર આવતો જતો રહેતો પણ રાજુ એની સાથે વાત કરી શકતી નહિ. જો કે એના અંતરનો સુંવાળો ખૂણો તો કાળુએ પહેલેથી જ રોકી રાખ્યો હતો.

ISBN-978-81-971187-3-9
First Edition

રાજુએ કઠોર વાસ્તવિકતા સ્વીકારી લીધી છે. છતાં તે કાળુ માટે તીવ્રતાથી ઝૂરે છે. અબલત રાજુમાં અનન્ય ધૈર્ય, સહનશીલતા અને શાણપણ છે. હૃદયનું આભિજાત્ય અને ઉમદાપણું છે. આથી જ તે કાળુ તરફના પ્રેમને અંતરમાં જ ભંડારી દે છે.

ઝાલાને મેળે જતાં નાનિયાનો સાથ છોડી રાજુ–કાળુની ટોળી સાથે થઈ જાય છે. રાજુ મનોમન ઈચ્છતી હતી કે કાળુ મેળામાંથી એને પણ કંઈક અપાવે, પણ વટે ચડેલો કાળુ વિચારે છે કે રાજુ કહે તો જ લઈ આપું. છેવટે કાળુ નમતું મૂકીને રાજુ માટે ખરીદી કરે છે. એ જોઈ રાજુ પોતાની ભત્રીજી ભલી માટે લીધું છે એમ કહીને કાળને ઝંખવાણો પાડી દે છે. આ પ્રસંગ પછીય રાજુ–કાળુના અબોલાં તૂટતા નથી.

સમય વીતતાં યુવાનીમાં પ્રવેશતી રાજુનું ચિત્ર પન્નાલાલે ''જોવનાઈના ડંખ'' પ્રકરણમાં આપ્યું છે. ''યુવાનીમાં પ્રવેશતી રાજુનું રૂપ ખીલવા લાગ્યું – જાણે ચૈત્ર–વૈશાખની હાલીફૂલી વનરાજી જોઈ લો. પેલી અણિયાળી આંખોમાં મસ્તી ભરાવા લાગી. ચાલમાં ચમક આવી, જયારે બોલીમાં તો – વાતવાતમાં ઠઠ્ઠો, વાતવાતમાં મશ્કરી.''[૧૦] રાજુ આ ઠઠ્ઠો–મશ્કરી ખાસ કરીને કાળુને ચીડવવા જ કરતી. આથી કાળુ ચીડાતો અને રાજુ વિશે શંકા–આશંકા કરીને પીડાતો. જયારે નાનિયાએ રાજુને ભારો ચડાવવામાં મદદ કરવાને બદલે તેની મશ્કરી કરી ત્યારે રાજુએ નાનિયાને તમાચો લગાવી દીધો. રાજુની આ હિંમત માટે દાદ દેવી પડે. કાળુ આ રાજુની ચારિત્ર્યશીલતા પરવારી જાય છે ને મનમાં બોલી ઊઠે છે કે : ''ધન છે રાજુડી, તારાં માતા–પિતાને. આવી તો મીં તને નતી જાણી.''[૧૧] રાજુની આવી હિંમત જોયા પછી કાળુ વધારે જીવ બાળતાં કહે છે ''અરેરે! રાજુડી સરખી ઘણિયાણી હોત..... આખો અવતાર જ ઉજળી જાત ।.... ભાળીને ભૂખ ના લાગત.....''[૧૨] આવી રાજુ વગરનું જીવન કાળુને નિરર્થક લાગે છે. અને તે રાજુને મેળવવા માટે તડપે છે. અને રાજુની ઝંખનામાં અકળાઈ ઉઠે છે. તો આ તરફ રાજુની પણ એવી જ સ્થિતિ છે. રાજુનેય એની જોવનાઈએ ડંખ દીધા છે, માટીમાં મળી ગયેલા પેલા અતીતના મનખાવતારે એની રગેરગમાં યૌવનનું ઝેર ફેલાવવા માંડયું છે. ને પરણ્યો તો માંદલો છે. આથી ઝેરનો ઉપાય નથી – ઉતાર નથી, ઉતારનાર અવતારમાંથી નથી લાધવાનો! આથી રાજુએ જીવનમાં માત્ર રડવાનું જ રહયું છે.

જયારથી રાજુએ નાનિયાને તમાચો મારેલો ત્યારથી વેરીલા–ઝેરીલા નાનિયાને બરાબર ઓળખતા કાળુને તો મનમાં એક જ ઝંખના જાગે છે કે ''રાજુડી સાસરે જતી રે તો ઉજાગરો મટે''[૧૩] આથી જ કાળુ આડકતરી રીતે રાજુને સંભળાવવા જ કોદરને કહે છે કે – ''ભર્યુંભાદર્યું ઘર ને રૂપાળો મુરતિયો હોય તો આખી દુનિયા ઘર બાંધે, પણ ગરીબ ઘર હોય તે રાંક વર હોય તો ય ઘર બાંધીને રે ત્યારે જ વડાઈ કેવાય.''[૧૪] ''રાજુ જુદા લોહીની બનેલી હતી તેને આવી શિખામણની અમસ્તી પણ જરૂર નહોતી.''[૧૫] કાળુની માની કદર જાણી ભલીનું :કાળુની વહુનું : આણું શકય બને એ હેતુથી રાજુની મા રાજુનું આણું કરાવી આપે છે. ''સાસરે જતી રાજુ, પેલા ધોધમાર રુદન વચ્ચે, આંસુની ધારા વચાળેય એ માનવમેદનીમાં કાળુને ઢૂંઢી રહી........ જોવાને તલસી રહી.''[૧૬] રાજુ કાળુનું ન આવવાનું કારણ સમજી રહી અને બંને હૈયા જાણે એકબીજાના અંતરમાં હાજરાહજૂર હોય તેમ એકબીજાને કહી રહયા : ''ગમે તેટલું રુઓ ને રુદન કરો પણ '' ગઈ ગુજરી ને પાર પડી ।'' હવે શું ?''[૧૭] આમ, બંને હૈયા મનોમન સાક્ષી હતાં, સાસરે જતી રાજુને જોઈને તો કાળુ પણ બોલી ઉઠે છે કે –

''અત્યાર લગી તો મન ભાંગ્યાતાં, આજે તન પણ ભાંગ્યાં
ને આવતી કાલે તો – ઘડકાર કરતાં કાળજાય કાંતો
ભાંગી જશે ।'' ને મનમાં બબડયો ''મારું તો ઠીક! પણ
તારું તો – તારો આખોય મનખો બાન પડયો છે । ને તેય મોતેન સાટે ।''[૧૮]

આમ, રાજુનું રોળાઈ જતું જીવતર કાળુ લાચાર બનીને જોઈ રહે છે. જો કે કાળુના જીવનમાં પણ કયાં સુખ છે ? રાજુ ''મે તો મારેય નઈને ભણાવેય નંઈ''[૧૯] એવા ઘણી ધનજીનું ઘર માંડે છે. આ પ્રસંગ રાજુના પડયું પાનુ નિભાવી લેવાનો સ્વભાવ સૂચવે છે.

સાસરે આવેલી રાજુના સાસરી પક્ષમાં બધાં જ વખાણ કરતાં કહે છે – "વઉ કેટલી બધી ડાઈ છે । ના લપ કે ના છપ । બસ ઉંઘી ઓડે – એ ભલીને એનું કામ ભલું."[૨૦] જયારે રાજુ પોતાની જેઠાણીને ભલીનું આણું કરવા સલાહ આપે છે અને પોતાની પાસેના કપડા ભલીને આણામાં આપવા તૈયાર થાય છે ત્યારે ઘરના બધાં જ ખુશ થઈ જાય છે. જેઠાણી રાજુના વખાણ કરતાં કહેવા લાગ્યા –

"કેટલી બધી સમજણી કેવાય! આવી વઉ તો ધરતીના

પડ ઉપરેય નઈ મળે........... આપણે ઘેર કોદરાનો રોટલો

ખાવો પડે છે તોય કોઈ દન એને મોં મચકોડતી જોઈ છે ?

નકર વળી ઘી–દૂધની ખાનારી કેટલા અણિયાંછણિયાં કરે ।"[૨૧]

આમ, સુખી ઘરની રાજુ સાસરીમા અનેકવિધ દુઃખો હોવા છતાં સુખી અને સંતુષ્ટ બની રહે છે. વહુ તરીકેની બધી જ ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવે છે અને ગામલોકોની – "જો રાજુડી ઘર બાંધે તો લેખ કરી આલું" આવી ભવિષ્યવાણીને ખોટી પાડી. અને છેવટે લોકોએ કબૂલ કરવું પડયું "વાત તો ખરી. રાજુાભભી જેવું ડાહયું મનેખ તો આપણા આટઆટલા ગાળામાં એકે નથી પાકયું. ઘણી ડાઈ.....ઘણી સમજણી ।"[૨૨]

લોકોની આ વાત સાચી હતી. રાજુએ પેલી યૌવનમસ્ત ઉચ્છુખલતા, ટીખળ, મસ્તી ને તોફાન બધુંય પિયરથી સાસરે આવતાં એ પાંચ ગાઉની વાટે વેરી નાખ્યું હતું । કેટલુંક આંસુ ધારાએ, જયારે થોડુંઘણું ઊંડા શ્વાસ લઈ અંતરના કોઈ અઘોર ખૂણામાં પૂરી દીધું હતું. એ ઉપર કાળુની પેલી "ભર્યુભાદર્યુ ઘર.......નિભાવે એમાં જ છે તો" શિખામણનો મણીકો પણ ચઢાવી દીધો હતો. પોતાની સગાઈ તુટવા પાછળ રાજુ પોતાની મા અને મામાને જવાબદાર માને છે.

સાસરે આવ્યા પછી રાજુની ઈચ્છા હતી કાળુને સુખી જોવાની, બને તેટલી મદદ કરવાની । તેથી રાજુ કાળુની બીમાર પડેલી માનું બહાનું આગળ ધરી ભલીનું આણું કરાવી આપવા માટે જેઠ–જેઠાણીને મનાવી લે છે. અને જાણે પોતાની મા જણીનો સારસવાસો ન કરતી હોય તેમ ગવાળામાંથી સારાં–સારાં ત્રણ કપડાં કાઢી આપે છે. આમાં રાજુનો ઉદાર સ્વભાવ પ્રગટે છે.

જયારે ભલીને આણું આપીને સાસરે વળાવવાનો સમય આવ્યો ત્યારે તો કોણ જાણે કેમ રાજુનો ઉલ્લાસ બધોય ઓસરી ગયો. અને ખુદ ભલી જ એને વેરવણ લાગવા માંડી. અને રાજુ તો જીવતરના આ કારમા વલોણા પર રડી જ પડે છે. તેનું વિલાઈ ગયેલું મોં જોઈ લોક જાણે પૂછતાં હતાં – "અલી રાજુ વઉ, ભલી સાસરે જાય છે એમાં તું કેમ વિલાઈ ગઈ છે ? તારું મુઢું તો જો ? કે પછી હાં....। સમજયાં. પેલું જૂનું સગપણ સાંભર્યુ છે, એમ જ કેને ત્યારે ........."[૨૩] પણ રાજુ આનો શો જવાબ આપે ?

પણ રાજુએ પોતાની જાતને "કરમના અધૂરિયા લેખ । " ગણી સ્વસ્થ કરી અને પેલી યાદને કલ્પનાઓ બધીય ધરાના પાણી પર વળેલી લીલની જેમ એક કોર કરી નાખી. એકવાર પોતે જેની વહુ થવાની હતી તે કાળુની સાથે જ રાજુ પોતાની ભત્રીજીનું આણું કઠણ છાતી કરીને કરાવે છે. અને પોતાના પહેલાના સગપણનું સંસ્મરણ કરીને જ તે ભલીને કાળુને ત્યાં વળાવતી વખતે, પોતે જે પ્રેમ અને લગનથી કાળુની સેવા કરત તેવા પ્રેમ અને લગનથી કાળુની સેવા કરવાની ભલીને શિખામણ આપવાનું વિચારે છે. પરંતુ તે આવી સલાહ આપી શકે તેવી સ્થિતિમાં નહોતી. પણ રાજુ, "જોટાજોટ હરજોફરજો ને ગુલતાન કરજો ।"[૨૪] એ શબ્દો ઘૂંટતાં ઘૂંટતાં જ નિશ્વાસ નાખી બેસે છે. રાજુના હૃદયમાં રહેલ પારાવાર દુઃખ આપણાં હૃદયને સ્પર્શી જાય છે.

કાળુ ભલીને તેડવા પોતાની સાસરીમાં જાય છે ત્યારે પોતાની પત્ની ભલી અને રાજુને સાથે જોતાં તેમની સરખામણી કરતાં વિચારે છે કે :–

"રાજુ વહુવારુ હતી, નવી સાસરે આવેલી હતી એટલે

એના અંગ પર નવાં કપડ્ા હતાં. ભલી પિયરમાં હતી એટલે

જૂનાં હતાં. પણ એ કપડાં અદલબદલ કરી દેવામાં આવે તોય

કાળુને ખાતરી હતી કે ભલી કરતાં રાજુ–મોં જોતાં તો
લાગે જ પણ આ પીઠ પરથીય ચડિયાતી લાગે। સાગના
સોટા સરખી રાજુની ચાલમાં કંઈક ચમક હતી. લચક હતી,
જયારે ભરેલ બદનવાળી ભલી બેઠી ચાલે જ ચાલી જતી હતી..."
"એકનું મોં–ટૂંકું કપાળ ને ગોળમટોળ, અવાજ પણ
ઘોઘરો, તો બીજીના ગળામાં તો જાણે મોરલા ટાંકયા।
મોં જરાક લાંબું, અણિયાળી આંખો ને કેસૂડાની પાંખડી
સરખું નાક!..... રાજુની જોવનાઈ લૂગડામાંય જાણે "ખળખળ" કરતી વહી રહી હતી."[૨૫]

રાજુનું પાત્રચિત્રણ આ રીતે વર્ણન દ્વારા એનું બાહય વ્યકિતત્વ પ્રગટ થાય છે. રાજુ અને ભલીની સરખામણી દ્વારા રાજુના બાહય દેખાવનો આપણને પરિચય મળે છે.

કાળુ રાજુના માંદા પતિને જોતાં જ મનમાં મનમાં બળી રહયો : "આના કરતાં તો રાજુડીને શોકયનું સાલેય સાઠ દરજજે સારું....। "[૨૬] કાળુની આ હૃદયવરાળમાં એનો રાજુ તરફનો પ્રેમ પ્રગટે છે. સાથે સાથે રાજુની દયનીય પરિસ્થિતિ પ્રગટ થાય છે. આમ છતાં રાજુએ તો આ પરિસ્થિતિ સાથે સમાધાન કરી લીધું છે. પોતાના આ લગ્નજીવનના દુઃખ સામે એણે કદીયે ફરિયાદ નથી કરી અને આ દુઃખ તે સહનીલતાપૂર્વક હસતે મોંયે સહન કરે છે. પિયરમાં ઘઉ–મકાઈ અને ઘી–દૂધનાં છળાં કરનારી છેલછબીલી રાજુ સાસરીમાં કોદરાનો રોટલો છાશમાં ચોળીને ખાય છે, અને હાડકાનાં માળખાની ધણિયાણી થઈને રહે છે.

રાજુના પિયર કરતાં સાસરીનું ઘર વધારે ગરીબ હતું. રાજુને અહીં તો કોદરા ખાવા પડતા હતા તેમ છતાં રાજ પિયર જવાનું નામ જ નહોતી લેતી, "પિયરની પાલખી કરતાંય સાસરીની શૂળી લાખ દરજજે સારી."[૨૭] આ વાત શાણી રાજુ સારી રીતે સમજે છે.

રાજુ સારી રીતે જાણતી હતી કે કાળુએ રાજુને હૃદયમાંથી ભૂલાવી નથી અને તેથી જ તે ભલીને સ્વીકારી શકતો નથી. આથી ભલીને તેડી જતા કાળુને રાજુ શિખામણ આપતાં કહે છે કે :–

"તમે તો સમજુ છો ને હું તો તમારા આગળ છોકરું છું.
પણ તોય કેવું પડે છે :આપણ ઢોર લાવીએ તો, એનેય
ગામનાં ઢોર સાથે હેડવવું પડે છે. ઘરનાં ઢોર સાથે શ્વાસ
વેરાય એમ બાંધવું પડે છે. ત્યારે આ તો મનેખ છે।
ઘરના ઢોર જ મારે, પછી ?"[૨૮]

આમ કાળુને ભલી સાથે માણસાઈથી વર્તવાનું સમજાવતી સાથે સાથે તે સાસરે આવેલી કન્યાની માનસિક સ્થિતિ અને તે નવવધૂને પારકાને પોતાના કરવા માટે શું નથી કરવું પડતું તે જણાવતાં રાજુ કહે છે –

"ઢોર તો નઈ પણ તમને આદમીને શી ખબર પડે કે
અમને બાપનું ઘર છોડતાં, પારકાં પોતાનાં કરતાં કેટકેટલું
લાગી આવતું હશે ? ને એમાંય તમારા જેવા હાડછીડ કરે, પછી ?"

અને ભલીને શિખામણ આપતાં કહે છે : "બૈરાએ જો આદમી : પતિઃ જીત્યો તો જાણે જગ જીત્યું. આખો અવતાર જીતી લીધો ...। "[૨૯]

રાજુની આ ડહાપણ અને શાકપણભરી વાતો સાંભળી કાળુને :ઘડીકમાંઃ રાજુ એને ડહાપણનો દરિયો લાગતી તો ઘડીકમાં અકાળે યૌવન ખોઈ બેઠેલી દુખિયારી દેખાતી. તો ઘડીકમાં ઘણા મોટા ગજાની, દુઃખને ધોળી–ઓગાળી પી જનાર કોક દેવીરૂપ લાગવા

ISBN-978-81-971187-3-9
First Edition

માંડતી. આવી રાજુની આ શિખામણ આપવા પાછળનો એનો હેતુ માત્ર કાળુને સુખી જોવાનો હતો. આની પાછળ એનો કાળુ માટેનો અગાધ પ્રેમ જ પ્રગટ થાય છે.

નાનો રાજુને પોતાના લૂગડાં પહેરાવવા ઉત્સુક હતો. આથી તે વડસાળિયાને રાજુ પાસે મોકલે છે. પણ રાજુ તો તેમનો ઊઘડો લઈ નાખતાં કહે છે – ''મને ભોળવવા આવ્યા છો પણ યાદ રાખો, જો તમારી આ વાત નાતમાં ન નાખું તો।''[૩૦] આમાં રાજુની હિંમતના દર્શન થાય છે.

દિવાળી પર રાજુ પિયર આવે છે, ગામને તોરણે ગયેલી ગામની સ્ત્રીઓમાં રાજુ ફાગણની ફાલીફૂલી ખાખરી જેમ આખી વનરાજીમાં તરી આવે તેમ તરી આવતી હતી. આવી રાજુ જયારે ''મનખો માણી લેજો'' નું કાળુને ચોંકાવી દેનારું ગીત ગાય છે ત્યારે કાળુને લાગે છે ચોકકસ રાજુ નાનિયાના લૂગડાં પહેરશે. આ ભેદ જાણવા કાળુ રાજુને પોતાને ત્યાં બોલાવે છે. અને જયારે કાળુ કહે છે કે ''હું તને મારી નાખીશ, પણ મારાથી નાનિયાનું પાણી ભરતી તો તને નઈ જ દીઠી જાય.''[૩૧] આ સાંભળીને ઉલટાની રાજુ તો પ્રસન્ન થાય છે. અને કાળુની આ જોહુકમી તેને ગમે છે. અંતરથી તો રાજુ એમ જ ઈચ્છે છે કે કાળુ સદાય પોતાનો બની રહે. અને જતાં જતાં કાળુને ખાતરી આપતાં રાજુ કહે છે :– ''છાનામાના કાળજું ઠેકાણે રાખીને ઊંઘજો નિરાંતે। રાજુનો કાંઈ દન નથી ઊઠયો કે બે ભવમાંથી પાછો ત્રીજો ભવ''[૩૨] – બોલીને રાજુ ભાંગેલ હૈયે ને આંસુભરી આંખે જતી રહે છે.

ઘેર જઈને પોતાની મા અને ભાભીને પણ સંભળાવી દે છે. મા અને ભાભીનું દબાણ જોતાં તો રાજુ જાણે રૌદ્ર રૂપ ધારણ કરે છે અને મા ને કહે છે ''ને તુંય મા – જો મારા આગળ આવી કાંઈ વાત કરી છે તો, બીજું તો કાંઈ નથી કેતી પણ ઘોઘળે બચકું ઘાલીશ હા.''[૩૩] અને શંકર, કાસમ ઘાંચી સાથે નાનિયાને કહેવડાવ્યું કે ''કૈયે રાજુ કે છે કે પેલી આઠ વરસ પરની પીઠી ન ઊતરી હોય તો કુવેચ ઘસકે ઊતરી જશે. ને નાક તો કેયે કોકે , ગઈ કાલે – દિવાળીને દન ભાંગી જ નાંખ્યું છે ને ?''[૩૪] આમ, રાજુ પોતાના જીવતરમાં ઝેર ઘોળનાર નાનિયાએ પરણવા તૈયાર થતી નથી અને તેનો તિરસ્કાર કરે છે. નાનિયાને મોકલેલા શંકર, કાસમ વગેરેને, નાનિયા તરફી પોતાની ભાભીને પોતાનો સ્પષ્ટ નિર્ણય હિંમતથી જણાવી દઈને, નાનિયોને તિરસ્કારીને સૌનો ખોફ વહોરી લે છે. આ કામ બહાદુર રાજુ એકલે હાથે કરે છે અને કોઈની શકિત નથી કે તેને આ નિર્ણયમાંથી ફેરવી શકે. આમાં રાજુની નિશ્ચયાત્મકતા અને હિંમતનાં દર્શન થાય છે.

આ બધું જ એ કાળુ પ્રત્યેના પ્રેમને કારણે કરે છે, સહે છે. બાલ્યાવસ્થાથી માંડીને કપરા સંજોગોમાં વહેરાતાં–ભીંસાતાં કાળુ–રાજુ પરસ્પર અનન્યપણે ચાહે છે. અને બંનેનો પરસ્પરનો આ પ્રેમ જ તેમને નાનિયા જેવા અનિષ્ટતત્વો સામે બાથ ભીડવામાં સહાયરૂપ બને છે. ભલે બંને નદીના સામ–સામે કિનારે છે છતાં બંને એકબીજાની હૂંફથી જ જીવનના કપરા દિવસો વિતાવે છે.

રાજુ વિશેષ સંયમી, દૃઢ, ટેકીલી, ધીરોદાત જણાય છે. પરણીને પારકે ઘરે જઈ સંસારના રીતરિવાજોનો અને ધર્મનું–સ્વસ્થ રીતે પાલન કરે છે. પોતાની હૈયા–દાબડીમાં સાચવેલા પ્રેમના મોતીને એ કદીય સંસારની યાતનાઓમાં વિસારતી નથી. કાળુને એ ચાહે છે, પણ પોતાના બિમાર પતિની પણ એ એટલી જ સંન્નિષ્ઠાથી સેવા કરે છે. : છપ્પનનિયાકાળ સમયે પણ એ પોતાના કુટુંબને તજી દેવા તત્પર થતી નથી. એક વ્યવહારદક્ષ નારીની જેમ સંસારના કડવા ઘૂંટ ગળતી, સમાજની કે મોતની બીક ન રાખતી રાજુ સંયમભર્યા પ્રેમનો સાચો મહિમા અહીં દર્શાવી જાય છે. આથી જ શ્રી ''દર્શક'' કહે છે તેમ ''રાજુ જેવી એ નાતમાં એકેય ન જ હોય. રાજુ તો છે આપણા સર્જકોએ શરદચંદ્રની રાજલક્ષ્મી, અલકા, ભૈરવી, અન્નદાને પારુ ને એવાં કંઈ કંઈ મહિમાવંત નારીપાત્રોના સેવન પછી ગ્રામભૂમિમાં રોપેલ બીનો છોડ એ છોડની જોડ એ ગ્રામપ્રદેશમાં ન મળે તેમાં કાંઈ કાળુનો દોષ નથી.''[૩૫]

રાજુ પોતાના માંદા પતિના ઈલાજ માટે પોતાનાં બધાં જ ઘરેણાં વેચે છે, અને છેવટે છેલ્લે પોતાના નાકનો કાંટો વેચવા તત્પર થાય છે. ગમે તે ભોગે તે પોતાના પતિ ધનજીને સાજો કરવા માંગે છે. આમાં રાજુમાં રહેલા ભારતીય નારીના ઉચ્ચ સંસ્કારો અને આદર્શોનું દર્શન થાય છે. રાજુ પણ ભારતીય નારીની જેમ ''પતિને પરમેશ્વર'' માને છે. પતિને જીવાડવાની રાજુની આ તત્પરતા

ISBN-978-81-971187-3-9
First Edition

જોઈને કાળુ રાજુને પૂછે છે, "શું સાચેસાચ તું ધાન્જીને સાજો કરવા–જિવાડવા માગે છે, રાજુ ?" આ સાંભળતાં જ રાજુના મોં પર દુઃખનું વાદળ ઊતરી આવ્યું, અને દર્દભર્યા હાસ્યથી તે બોલે છે : "શું દુઃખ છે મારે ?...... મા–બાપ સરખાં જેઠ–જેઠાણી છે, છોકરાંય બધાં મારાવગુ છે ને આદમીય"– "તમારા સરખો છેલછબીલો હોત તો દનમાં દસ–વીસ ગાળો દેત, જયારે આ તો કહયાગરો, ડગલે ને પગલે જીવ બાળે એવો ।"[૩૬] આમ કહીને જાણે રાજુ દુઃખ દેનાર ખુદ દૈવનીય ઠેકડી ન કરી રહી હોય.

આ સાંભળીને કાળુની નજરમાં રાજુનું માન ઓર વધી ગયું અને બોલી ઉઠયો : "તારા જેવી આપણી નાતમાં ઘણી ઓછી બાઈઓ હશે રાજુ... હું તો એકેય નથી જોતો ।"[૩૭]

રાજુ અને કાળુ નિકટના સગપણને લીધે એકબીજાના સતત સંપર્કમાં, સંસર્ગમાં આવ્યા કરે છે. એકબીજાની ચાહત અને જૂના સંબંધના સંસ્મરણો તેમને તડપાવ્યાં કરે છે. આ બધું હોવા છતાં પાપ યા દુરાચાર કહી શકાય એવા વ્યવહારથી બંને પ્રયત્નપૂર્વક દૂર રહે છે. પોતાની જાતને બચાવતા રહે છે. કાળુ કયારેક ભાવુક બને છે પણ મકકમ મનની રાજુ એવી ભાવુકતામાં ખેંચાતી નથી. રાજુમાં સારા–સારનો વિવેક છે. બંને એકબીજા માટે ઝૂરે છે, આંસુ પાડે છે, છતાં પોતાના પરિવાર તરફની પોતાની ફરજો કાળુ–રાજુ ચૂકતાં નથી.

કાળુ જયારે નાનપણના સંસ્મરણો યાદ કરાવે છે ત્યારે રાજુ કહે છે : "નદીમાં લાકડુ તણાઈ જતું હોય તો દોઢાતા દોડીનેય – અરે દરિયે પોંચી જઈને પાછું લઈ અવાય. પણ આતો–" "વહી ગયેલો વખત પાછો આવતો હોય તો મનેખને શું જોઈએ ?"[૩૮] રાજુ સમજે છે કે વીતી ગયેલા વખતને સંભારવાથી શું વળવાનું છે ? માટે જ તે કાળુને સમયની ગતિનું ભાન કરાવે છે.

ભૂખ, ભીખ અને મોતને વર્ણવતી આ નવલકથામાં "જીવ્યા–મર્યાના જુહાર" પ્રકરણમાં રાજુ–કાળુના સંવાદો ભાવકના પગેય જીવતરનાં પાણી ઉતરાવે એવાં છે. આ સંવાદોમાં પાત્રોનું ભીતર બરાબર પ્રગટ થયું છે. દુષ્કાળ વખતે કાળુ રાજુને છેલ્લી વાર મળવા આવે છે ત્યારે રાજુ ભૂખે ઓળખાય એવી રહી નથી. કાળુ ભૂખે, ચિંતાએ સૂકાઈ ગયેલી રાજુને પોતાની સાથે લઈ જવા કહે છે. રાજુ કહે છે : "કવણે તો આખો મલક મરશે કે હું એકલી ? પણ દુનિયા શું કે! ને દુનિયા તો મરે તો પણ જીવ તો બધાયના સરખા જ ને ?"[૩૯] અને રાજુ કાળુને સામો પ્રશ્ન કરે છે : "શું જોઈને તમે બોલો છો! "મને લઈ જવાની વાત તો તમે ભૂલી જ જજો, સમણામાંય એ નંઈ બને ।"[૪૦] દુનિયા તો મરશે–દુનિયાની મને પડી નથી – એની સામે ઉભા રહેવાની મને હિંમત છે પણ અહીં "જે બધાં છે તેના જીવ પણ મારા જેવા જ છે " આ વાકયમાં રાજુમાં રહેલું આત્મસાતપણું પ્રગટે છે. રાજુનો મકકમ નિર્ણય સાંભળી કાળુને આજે રાજુ મોટા ગજાનું માનવી લાગી. રાજુ જાણે જગદંબા સ્વરૂપ જણાઈ. રાજુ માત્ર પોતાનું સુખ નથી જોતી પણ પોતાના કુટુંબીજનોના દુઃખમાં પણ તે ભાગ પડાવે છે.

રાજુ કાળુને દેહની ભૂખ વિશે જણાવતાં કહે છે કે :

"જે દન હું શેઠને ઘેર દાણા લેવા ગઈ ને પેલા કોઠાર
ધાનથી ફાટી જતા ભાળ્યા, શેઠે મારી કાયા વખાણીને
છેડતી કરી જોઈ, એ દન ઠાલા હાથે પાછ ફરતાં મને ઘણુંય
થયુ કે જો હું આદમી હોત તો એ શાહુકારનું ખૂન કરી નાખ
ને ભૂખે મરતાં બધાંયને બોલાવી પેલા કોઠાર લૂંટાવી દેત ।"
પણ શું કરું, ભગવાને મને બૈરું ઘડી છે."[૪૧]

રાજુ ભલે સ્ત્રી છે પણ ઉપરોકત વાકયમાં રાજુનું પુરુષ સમોવડુ મનોબળ પ્રગટ થાય છે. રાજુ ધારે તો ગમે તે પુરુષને મહાત : કરી શકે તેટલું માનસિક સામર્થ્ય તેનામાં છે. રાજુ કોઈપણ અત્યાચારને મૂંગે મોઢે સહન કરે તેવી અબળા સ્ત્રી નથી – તે વાત આપણને એના ઉપરોકત વાકય પરથી જણાય છે. અને રાજુ ઘર–ખેતર વેચીને પણ દાણા મેળવવા તૈયાર છે તે કહે છે : 'જીવતાં હઈશું તો

પાદશાઈ પેદા કરીશું"[૪૨] આમાં મહેનત કશ લોકોના આત્મવિશ્વાસનો રણકો સંભળાય છે. ઘણ પછાડીને, દાંતરડાં ચલાવીને એમનામાં આત્મશ્રધ્ધા પડી હોય છે કે જેનાં બાવડા સલામત છે તેને કોણ પહોંચનાર છે ? આ વાકયમાં રાજુની કાળુ સામેની બેપરવાહી અને પોતાની મહેનત પર રહેલો આત્મવિશ્વાસ પ્રગટ થાય છે.

રાજુને સમાજની કે મોતની બીક નથી. કોઈપણ યુગના પ્રાણવાનોને એ નથી હોતી. તેથી, જ તો રાજુ કહે છે : "તમને મોતની નવાઈ છે બાકી અમને તો – જીવતરના નામનું નાઈને જ બેઠાં છીએ. આ પેલી નદીમાં અત્યારથી જ દનની ત્રણ–ચાર ચેહો ભડભડતી જોઈએ છીએ, એ ભેગી એક દન અમારીય એમાં છે શું ?"[૪૩]

રાજુ જેવા પ્રાણવાનો તો મૃત્યુના ઓવરણાં લે છે. જેમ ફૂલોને હજાર ના પાડીએ તોયે સુંગધના ફુવારા છોડયે જ જવાના તે જ રીતે પ્રાણવાનો પોતાના જીવતરની કે મોતની ખેવતા કર્યા સિવાય જેનો સાથ મળ્યો તેને પોતાની હિંમતનું દાન કર્યે જ જવાના.

આવી દુષ્કાળની પરિસ્થિતિમાં પણ રાજુ : ગાયો ન વેચવાનો આગ્રહ રાખતી હતી : ગાયોને કતલ કરાવીને દાણા મેળવવા માંગતી નથી. આ જાણતાં જ કાળુ રાજુને મનમાં વંદી રહયો : "રાજુ ! આ ભૂતમલકમાં ને ડૂહ જાતમાં તારા સરખી તે કયાં જન્મી! તારે તો કોક રાજવંશમાં કે કોક પુરાણી ભામણને ત્યાં જનમવું જોઈતુંતું...।"[૪૪] ખરેખર રાજુના ઉદાત વિચારો જાણીને આપણને પણ રાજુને વંદી રહેવાનું મન થાય તેવું છે. આ શબ્દોમાં રાજુના પાત્રની વિશેષતા અભિવ્યકત થાય છે. રાજુ આત્મશ્રધ્ધા ધરાવનારી, ગૌરવશાળી, પ્રતાપી, મહિમાવંત નારી છે.

છપ્પનિયો આથમતી પેઢીની સંભારણાની મહાઆફત હતી. રાજુ આ અણધારી મહાઆફતના પડકાર સામે પોતાની હિંમતથી પ્રત્યુતર વાળે છે. દુષ્કાળ યાતના સહન ન થતાં, સ્ત્રીએ ધણીની, મા એ દીકરાની, દીકરીએ બાપની શરમ છોડી ત્યારે રાજુ પોતે ભૂખી રહીને, જેઠ અને ધણીને દુકાળમાં ગૂમાવ્યા પછી પોતાના જેઠનાં છોકરાઓને મોખાનાં છોડાં વીણી લાવીને સાચવે છે. દુષ્કાળની કપરી પરિસ્થિતિમાં સ્ત્રીઓ પેટ ભરવા માટે પોતાની જાત વેચે છે, પણ રાજુ આ પરિસ્થિતિમાં પણ પોતાની જાતને સાચવે છે. આથી જ, કાળુ કહે છે કે : "જો સત હોય તો બેમાં જ છે : એક રાજુમાં ને બીજું મોતમાં."[૪૫] વિષમ સમાજવ્યવસ્થા, શેઠિયાઓ અને ભગવાન સામે વારેવારે ઊકળી ઉઠનાર, મગજનું સમતોલનપણું ગુમાવી બેસનાર કાળુને ધમકાવે છે. "ખબરદાર, જો હવે આવો કશો બબડાટ કર્યો છે તો । અડધા તો આમ ગણગણીને જ મરવા પડયા છે. તમારા ડિલ સામે તો જુઓ ? તમને ખબર છે ? ડાકણમાં ડાકણ કુહયું છે એ જાણો છો ?" રાજુ પ્રત્યેના અનન્ય પ્રેમને કારણે કાળુ માટે રાજુની ગાળો ગોળથી મીઠી હતી જયારે આ તો રાજુનો મીઠો ઠપકો હતો. રાજુ કહે છે "ડાકણમાં ડાકણ ચિંતા છે. માનવીના કાળજાને ખોતરી ખાય છે ।"[૪૬] કહી કાળુના ભાંગી પડતા હૈયાને ધરપત આપી આવી પડેલી મહાઆફત સામે સંધિ કરવાનો, શરણે જવાનો સ્પષ્ટ ઈન્કાર સંભળાવતાં ભૂખ સામે હારી ગયેલા કાળુને કહે છે :– "મોત સામે લઢાય તો ભૂખ સામે કેમ નાં લઢાય કાળુ ?"[૪૭] આફતની શી એવી મજાલ છે કે આપણાં હૈયાં ભાંગી શકે ? શરીર ભાંગે છે ત્યારે માણસ નથી મરતો, માણસ મરે છે આફતથી છાતી ભાંગી જાય છે ત્યારે.

છેવટે અંત પાસે આવેલો જાણી કાળુના ખોળામાં જ પોતાનું મૃત્યુ થાય એમ વાંછી બંને જણાં :રાજુ–કાળુઃ સંબંધીઓના સહવાસથી દૂર ચાલી જવા નીકળે છે, પણ કાળુ રસ્તામાં ફસડાઈ પડે છે ત્યારે એ નપાણિયા મલકમાં કાળુને ઉગારી લેવા રાજુ પોતાના વણદૂઝયાં સ્તન કાળુના મોમાં મૂકે છે. રાજુના ઉજજડ સ્તનમાંથી જાણે અમી સ્ત્રવે છે. "રાજુનાં હૈયાં દૂઝતાં હતાં કે કાળુના મોંમાંથી અમી છૂટતાં હતાં એ તો ભગવાન જાણે! બાકી ગળાના સોંસ મટયા ને કોઠો ઠંડો પડયો એટલું તો કાળુ જાણતો હતો. એ આંખોમાં ચેતન સળવળ્યું ને મોં પર હાસ્ય ફરી વળ્યું એ ખુદ રાજુએ જોયું"[૪૮] અને તરત જ વરસાદનાં અમી છાંટણાં શરૂ થાય છે. "જેણે જીવતરના પંથ ભાખ્યા..." "ઊજડ આભલે અમી વરસ્યાં..." "એ શું હવે અંધારામાં અટવાતો મેલશે ?"[૪૯] એ સૂચક શબ્દો રાજુ–કાળુના શાશ્વત મિલનને ધ્વનિત કરે છે.

ISBN-978-81-971187-3-9
First Edition

રાજુ અહીં સામાન્ય સ્ત્રી કરતાં, ધીરોદાત નાયિકા તરીકે સવિશેષ ઊપસી આવે છે. ભલી, રુખી જેવી સામાન્ય સ્ત્રીઓના વિરોધમાં રાજુને ઊપસાવીને નવલકથાકારે એક ચિરંજીવ નાયિકાનું સર્જન કર્યુ છે.

અન્યાય સામે બેહૂદી રચના, સામેનો પ્રતિકાર એ વાર્તાનું ભરતવાકય : તૃપ્તિનો ઘૂંટઃ છે અને આને સાર્થક કરવામાં રાજુ આ નવલકથાની નાયિકા તરીકે મહત્વનો ભાગ ભજવે છે. જનપદની એક નારી તરીકે રાજુનું પારદર્શક વ્યકિતત્વ આપણાં ચિત્તમાં શરદબાબુની "શ્રીકાંત" નવલકથાની રાજલક્ષ્મીની યાદ નિર્માણ કરે છે. રાજુનું પાત્ર લોકજીવનના પ્રાકૃત સ્તરમાંથી આવવા છતાં એ પાત્ર આજે પણ એટલું જ પ્રાણવાન અને હૃદયસ્પર્શી લાગે છે.

મરવાની ઘડીઓ ગણતા અને છેલ્લા શ્વાસ ભરતા કાળુ–રાજુમાં વર્ષાની અમીધારાથી નવચેતન રેડાયું. રાજુ–કાળુ સામે આખુ ગામ ડેગડિયેથી નીકળી ફરીથી પોતાના ગામ પાછું ફરે છે. રાજુ થોડા સમય માટે પોતાના પિયરમાં જ રહે છે. રાજુના પિયરપક્ષે માત્ર એક તેનો ભાઈ કોદર જીવિત છે. રાજુ કાળુને સુખી જોવા માંગે છે. સાથે સાથે દુષ્કાળ પછી વતનમાં આવેલા માનવીઓ માટે કાળુ તારણહાર તો આ વાત રાજુ જાણે છે, આથી જ તે કાળુને સમજાવતાં કહે છે કે "એક તમારા જીવ પાછળ કેટલું બધું માનવી વીંટાઈ રહયું છે એનો જરા વિચાર તો કરો ?"[૫૦] આમ, રાજુ આવી પરિસ્થિતિમાં કાળુનો જીવ સલામત રહે તેની ઘણી કાળજી રાખે છે.

જયારે રાજુના ભાઈ કોદરનું જમાદારના હાથે મૃત્યુ થાય છે ત્યારે જીવતરના ઝેર પીને થાકી ગયેલી દુખિયારી રાજુ પથ્થરહૃદય પણ પીગળી જાય એવો કરુણ વિલાપ કરે છે. અને પોતાના અવતારનો આખોય ચોપડો ઉકેલે છે. :

"નાનપણે નળાપી થઈ । .... પરભવના વેરીઓએ સોનાની
મારી થાળીને ઝૂંટવી લીધી । ... રામ મારા ।.... ગોઝારા
દૈવ ડિલ ઉપરનું છેલ્લૂં ગૈણું–બંગડીનેય ઝૂંટવી લૈ ગ્યો ।....
ને તો ય રા...મ, ભૂંડો એ દેવ તો દુખિયારી મને
તરફડતી જોતો....ને રાજી થતો હજુય છેલ્લો એક મા જણ્યો
ભાઈ.....એનેય ભરખી લીધો....। આટઆટલી વપતો છતાં
દેવ ગોઝારો મને તો જાણે.....અરેરે અભાગણીથી અભડાતો
હો....ય......એમ હજુય મને ચડતો નથી.....। ઓ રે..રા....મ ।
દુઃખના આ દરિયામાંથી હજુય મને કાળચાટીને તાણતો નથી...."[૫૧]

રાજુ કોદરની પાછળ આખા ગામને જમાડવાની કાળુ સમક્ષ ઈચ્છા વ્યકત કરે છે. પણ કાળુ જયારે શાહુકાર લોકોને બદલે નિરાધાર, ભૂખ્યા, વગડાઉ લોકોની પાછળ ધાન વાપરવાની સલાહ આપે છે ત્યારે આ વાત રાજુને ગમે છે. કાળુની આ વાત સ્વીકારવા પાછળ રાજુના દયાળુ સ્વભાવના દર્શન થાય છે.

કાળુ પોતાના મનના ભાવો રાજુ આગળ વ્યકત કરી શકે છે. જયારે રાજુ તો આંતરવ્યથાને અંતરમાં જ ઢબૂરી રાખે છે. અને વિધાતા અને નિરાધાર હોવા છતાં રાજુ બહારથી તો પ્રસન્ન દેખાવાનો જ પ્રયત્ન કરે છે. કાળુ રાજુને પોતાની બનાવવા અને પરીની જેમ આભલે ઉડાડવા માંગે છે, ઝંખે છે તેમ છતાં રાજુ ભાવમાં તણાતી નથી અને કહે છે : " એ પરીનાં આભલાં કરતાં આપણે તો ધરતી ભલી ને ધરતી ઉપર રમતી આ રાજુ ભલી ।"[૫૨] આમ, રાજુ પોતાના અંતરના ભાવને બહાર પ્રગટ થવા દેતી નથી.

આમ તો રાજુ, કાળુના જીવન સાથે વણાઈ ગઈ છે. રાજુ કાળુ માટે તો એનું જીવનબળ હતી. અને એકબીજાને સહારે તેમણે છપ્પનિયો દુષ્કાળ વટાવ્યો હતો. આથી જ કાળુ જયારે હેવાતન વિહોણી છેલછબીલી જોવનાઈવાળી, રૂપાળી રાજુને જોઈને દુઃખી થયા છે ત્યારે રાજુ કહે છે : "બસ તો! તમારે જ મોઢે ન્યાય કે જે દન તમારી આ રઢિયાળી ને છેલછબીલી રાજુ લઘરી ને જીવ વગરની થઈ ગયેલી લાગે તે દન તમે – આ ગળા સુધી ભરોસો રાખજો કે એ પહેલાં તો છેલછબીલી આ રાજુ જ – અરે ના કેશો તોય તમારા નામનું

બેડું ભરીને બેળે તમારા ઘરમાં પેસશે.''૫૩ ખુમારીવાળી રાજુ જ આવું કહી શકે. જો કાળુને એકાદ વર્ષમાં બાળક ન થાય તો પોતે કાળુના ઘરમાં બેસશે એવી કબૂલાત કરે છે. આમાં રાજુનો કાળુ માટેનો પ્રેમ અને તેનાં ક્રાંતિકારી સ્વભાવનાં દર્શન થાય છે. પોતે સમાજની અવગણના કરીને પણ કાળુને સુખી કરવા તૈયાર થાય છે.

પણ ભલીની ભૂલ રાજુ અને કાળુના સ્વપ્નો ઉપર પાણી ફેરવે છે. છતાંય રાજુ ભલી માટે જરાપણ દ્વેષ રાખ્યા વગર કાળુને પોતાનો સંસાર ભલી જોડે નવેસરથી શરૂ કરવા સમજાવે છે. અને નિરાધાર, અભાગી ભલીને પોતે જ કાળુથી રક્ષણ અપાવે છે. ભલીને મારી નાખવા તત્પર બનેલા કાળુની વચ્ચે પડીને રણચંડી શી ગર્જના કરતાં કહે છે :

'' આ તો મનેખ છે કે મનેખના ખોળિયાના રાક્ષસ કોઈ ?''૫૪ અને રાજુ કાળુ ઉપર ઘણી જ ગુસ્સે થાય છે અને ભલી બાબત કાળુને કહે છે : '' ન પાલવે તો કાંઈ નઈ, ફાડી આપો હાથછેડો કે હું મારે – આ બે છોકરા ભેગી એનેય ત્રીજી પાલવી લઈશ ?''૫૫ આ વાકયમાં રાજુની પુરુષસમી હિંમતના દર્શન થાય છે. રાજુને કાળુ માટે પ્રેમ હોવાથી જ કાળુના ભલીને મારી નાખવાના પ્રયાસને તિરસ્કારે છે અને કાળુનું આ વર્તન રાજુના હૃદયને આઘાત પહોંચાડે છે. આથી રાજુ–કાળુ પાસેથી વચન લે છે કે – ''માટે વચન આપો કે જેવી પેલી અળખામણીને માનીતી કરીને અત્યાર લગી નીભાવી, એવી જ આજથી આ અળખામણીને વળી પાછી માનીતી કરીને સંસાર માંડશો ને પેલા પારકાનેય પોતાનો ગણી લેશો ।''૫૬ આમ કાળુ ભલીના સંસારને ફરીથી શરૂ કરાવવામાં રાજુ મહત્વનો ભાગ ભજવે છે. આમાં રાજુની માણસાઈ, સંવેદનશીલતાના ગુણો પ્રગટે છે. પોતાના કાળુના ઘરમાં બેસવાના ઓરતા અધૂરા રહી જાય છે. તેનું દુઃખ ભૂલીને તે ભલી – કાળુના સંસારને સુખી બનાવવા પ્રયત્નશીલ રહે છે. પારકાનું સુખ જોઈને પોતે સુખ અનુભવે છે. આમાં રાજુના ભાવની શ્રીમંતાઈના દર્શન થાય છે. રાજુ–કાળુ પરસ્પરને ઝંખે છે પણ પોતાનું મન મનાવીને, સમાજના બંધનમાં રહીને જીવે છે. અને પોતાના કુટુંબની ફરજ બજાવે છે.

રાજુ ત્રણ વર્ષ પિયરમાં ગાળ્યાં પછી પાછી વતનમાં :સાસરેઃ જવાની તૈયારી કરે છે. આ પાછળ તેનો હેતુ એક જ હતો કે પોતાના જેઠના છોકરા મોટા થશે ને કોક એમને મેણું મારશે, આમ પેટના દીકરા જેવા આ છોકરાઓને છતી જમીને પોતાની આ ટૂંકી દાનતને લીધે છેવટ જતાં મુશ્કેલી ન પડે.

કાળુને હેવાતનવિહોણી – વિધવા રાજુ સાદામાં સાદી હોવા છતાંય બધાં રૂપમાં આગેવાન ''છેલોમાંની છેલ'' જેવી જ લાગતી હતી. આથી જ રાજુને જોતાં કાળુ બોલી ઉઠે છે : ''બીજાને તો કાજળભરી આંખોમાં કામણ જ છે જયારે આને તો કામણભરી નજરમાં બીજુંય કાંક કૌતક છે.''૫૭ દુષ્કાળ વિતાવ્યા પછી પણ રાજુનું સૌદર્ય આકર્ષક રહયું છે એનો આપણને ઉપરોકત વર્ણન પરથી ખ્યાલ આવે છે.

ગામમાં આવેલા ગોરાએ બધાને જોતાં તેની પત્ની : મેડમઃ ને પોતાની બાજુની ખુરસીમાં બેસાડી ત્યારે રાજુ કાળુને કહે છે : ''જોયું ને બેરાં મનેખનું માન–પાન.''૫૮ રાજુના આ પ્રત્યાઘાતમાં તેના મનમાં સ્ત્રી સમાનતાની વાત હોય તેમ લાગે છે. તેના આ વાકયથી રાજુ જાણે આધુનિક જમાનાની સ્ત્રી હોય તેવું લાગે છે.

રાજુ ગાણાં ગાવામાં તેમજ ગરબા કરવામાં પણ હોંશિયાર હતી. ગોરાની સામે ગરબા કરનારી બધી જ સ્ત્રીઓમાં પ્રેક્ષકોનું લક્ષ ઊંચી ને પાતળી એવી રાજુ જ બની રહે છે. પાસે પાસે રહયા કરતાં વણખીલ્યાં કમળની કળી સરખા એના બેઉ હાથ, નમણીશી ચાલ તથા તેના ટટ્ટાર થતા અંગના મરોડ સૌનું ધ્યાન આકર્ષે છે. આ દ્વારા રાજુના શારીરિક સૌંદર્યનો લેખકે પરિચય આપ્યો છે.

કાળુને ત્યાં ભાગિયા તરીકે રહેલાં મંગળિયાને ગોરા સામે મોકલવો કે કેમ તે બાબતે રાજુના અભિપ્રાયમાં રાજુના ધર્મચુસ્ત સ્વભાવનાં દર્શન થાય છે. છતાં તે મંગળિયાનું ભવિષ્ય સુધારવા બાંધ–છોડ કરવા પણ તૈયાર છે. આમ, રાજુનું વ્યકિતત્વ નિરાળું છે. એના સ્વભાવમાં જડતા નથી.

ISBN-978-81-971187-3-9
First Edition

રાજુ પોતાના વતન જવા નીકળે છે ત્યારે ભલીને શિખામણ આપે છે. અને પોતાની સાથે હળીમળી ગયેલા કાળુ–ભલીના દિકરા પ્રતાપને ખૂબ જ વહાલ કરે છે. પ્રતાપને મન રાજુ પોતાની જનેતા કરતાં પણ વિશેષ મા હતી. રાજુના અંતરમાં રહેલો વાત્સલ્યનો અભિષેક પ્રતાપ ઉપર થાય છે. આવી લાગણીશીલ, સંવેદનશીલ રાજુ પોતાના વતન પાછી જતાં નિઃસાસો નાંખતાં કહે છે : ''મા । પેલે આણે ગઈ ત્યારે તો વાલી વિદાય આપનાર મા–ભાઈ ને ભોજાઈય હતાં ને સાસરીમાંય ભાંગ્યો ભાંગ્યો તોય જીવતરનો પેલો ભેરુ હતો. પણ આ ફેરા તો.....નથી અહીં કોઈ વળાવનાર અંતરનાં સગાં કે નથી ત્યાં કોઈ.''[૫૯] તેના આ નિઃસાસામાં રાજુના મનની વેદના, હતાશા, નિરાધાર સ્થિતિ, વિષાદ પ્રગટ થાય છે.

એક–એક દિવસ કેટલા જુગનો થાય છે એ તો રાજુનું મન જ જાણે છે. તેમ છતાં રાજુ–કાળુ બંને એકબીજાની હૂંફે જીવતરના દિવસો કાઢે છે. કાળુને તો ઊંડે ઊંડે શ્રધ્ધા છે કે રાજુ અને કાળુ જીવનના અંત પહેલાં પતિ–પત્ની બનશે. રાજુ પણ કાળુને ખુશ રાખવા એની ''હા''માં ''હા'' મીલવતાં કહે છે : – ''ને કેમ જાણ્યું કે માણવાનું :જીવનઃ નંઈ લખ્યું હોય ?''[૬૦] આવી આશાના સહારે જ જીવન જીવે છે. અને રાજુ કહે છે તેમ – ''એની જ તો આપણા જીવતરમાં મીઠાશ છે.'' ''મનમાં ડૂબકી મારી કે હું ને તમે હેતનાં પાણી ઉડાડતાં સામસામે જાણે ગંગામાં જ નાવા પડયાં.''[૬૧] અર્થાત રાજુ–કાળુના તન જુદા પણ મન એક છે આથી જયારે મનમાં વિચારે કે તરત જ બંને એકબીજાની સામે જાણે હાજર થઈ જાય છે. અહીં કાળુ–રાજુના જીવ મળેલા છે.

પ્રતાપનાં લગ્ન સમયે રાજુ મોંઘામુલું મામેરું લઈને આવે છે. આ જોઈને લોકો કહેવા લાગે છે : ''કે રાજુએ એવું મોંઘુ મામેરું વોર્યુ છે કે ડેગડિયાનું મા'જનેય એનાં વખાણ કરે છે કે ખેડૂતની જાતમાં તો આવું ઊંચું મામેરું આ રાજુ જ પેલી વહોરનાર નીકળી ।''[૬૨] આમાં રાજુના હૃદયનો ઉમળકો, તેની ઉદારતા દેખાય છે. આ પ્રસંગ પાછળ રાજુનો કાળુ પ્રત્યેનો નર્યો પ્રેમ જ મેઘધનુષના રંગોની જેમ દેખાય છે. જયારે રાજુ પ્રતાપના ખોવાયાના સમાચાર સાંભળે છે ત્યારે તેને ખૂબ જ આઘાત લાગે છે.

ખોવાયેલો પ્રતાપ પાછો મળશે કે નહિ એવી શંકા રાજુના મનમાં ઊઠે છે પણ બીજી જ ક્ષણે તેના મનમાં શ્રધ્ધા પ્રગટે છે કે ''અરે । ન કેમ જડે ? એવાં તે શું અમે, ભૂખે મરતા મનેખનો કોળિયો પડાવ્યા કે પડતા ઉપર કોઈને પાટુ : લાતઃ મારવાનાં પાપ કર્યા છે તે વળી ન જડે ?''[૬૩] રાજુની આ શ્રધ્ધામાં સત્કર્મોનો સારો જ બદલો મળે છે એ ભાવના રહેલી દેખાય છે. પ્રતાપનો પતો મેળવવા પોતાના અને કાળુના દશ્મન એવા નાનાને ઘેર રાજુ જિંદગીમાં પહેલીવાર જાય છે. કાળુ માટે એ કંઈપણ કરવા તૈયાર છે. રાજુ–કાળુનો પ્રેમ ભગવાન વગર કોઈનો તોડયો તૂટે નઈને બાંધ્યો કોઈથી છૂટે નંઈ । – એવો છે.

ભલીના મૃત્યુ પછી રાજુ પડછાયાની જેમ કાળુની જોડે રહે છે અને તેની સેવા–ચાકરી કરે છે. પ્રતાપને શોધી–શોધીને થાકેલા કાળુને રાજુ ધીરજ અને સાંત્વના આપે છે. અને કાળુને હિંમત ન હારવા અને પ્રતાપને શોધવાનો પ્રયત્ન કરવા કહે છે.

રાજુએ હણહણતા વછેરા સરખી જોવનાઈમાંથી, પારકા દીકરા પોતાના કરીને દોહલી વેળાઓ વટાવી દઈ, ભર જોવનાઈમાંય વેઠેલો રંડાપો – અરે રવરવતા ઉનાળામાં પગે કાપેલી રણની પેલી કેમેય કરી ખૂંટે નંઈ એવી વેરાન વાટ પૂરી કરીને, જાણે ચારેકોર કોયલો ટહૂકતી હોય ને આંબાની મંજરીઓ સોળે કળાએ મોરી હોય એવી વેળામાં લીલી ને હરિયાળી ભોંયમાં આખાય અવતારનો થાક ઉતારતી બેઠી છે એવે વખતે રાજુ કાળુનું ઘર માંડવા તૈયાર થાય છે. એક બાજુ પોતાના જેઠના છોકરાને છોડીને જવાનો જીવ ચાલતો નથી તો બીજી બાજુ કાળુનું એકલવાયું જીવતર જોવાતું નથી. આ અવઢવમાં જ તે કાળુનું ઘર માંડવા તૈયાર થાય છે. સમજુ ભત્રીજા તરફથી રજા મળતાં રાજુ ભગવાન આગળ કૃતજ્ઞતાપૂર્વક બોલે છે : ''કોકના દીકરા તો કૂખ જ ઉજાળે, ભગવાન । પણ તારી દયાથી આણે તો મારો રંડાપો ને અડધો આ અવતારેય અજવાળી આલ્યો । જગમાં તારી નામના વધજો ને તનેય તારા સરખા સમજુ ને વહાલસોયા દીકારા હજો ।''[૬૪] આમ, અંતરના આશીર્વાદ આપીને રાજુ કાળુને ગામ જવા નીકળે છે. ભત્રીજાને આર્શીવાદ આપતાં કહે છે : ''આર્શીવાદ છે બેટા..... સંપીને રે'જો બધાં તે યાદ રાખજો કે સંપ છે ત્યાં જ જંપ છે જંપ છે એ સાચું સુખ છે બેટા''[૬૫]

ISBN-978-81-971187-3-9
First Edition

આમ, પારકા ભત્રીજાઓને શિખામણ આપે છે. વર્ષો પછી મળેલું સુખ છોડીને આવેલી રાજુને જોઈને કાળુ બોલી ઉઠે છે : "મારે તેને માનવી ગણવી કે કોઈ દેવતા લેખવી."[૬૬] કાળુના આ વાકયમાં જ રાજુની મહાનતાનો આપણને પરિચય મળી રહે છે.

રાજુ–કાળુનો પ્રેમ સદેવંત–સાવળિંગા જેવો હતો. સદેવંત સાવળિંગા પેઠે જેમને હેત હતાં ને બચપણની સગાઈથી માંડીને અત્યાર સુધી અનેક પ્રસંગે ગૂંથાઈ રહયાં હતાં. આમ જોઈએ તો બંને એક લાગતા અને આમ જોઈએ તો જેમની વચ્ચે ધરતી અને આભના જેટલું અંતર હતું. એવા આ બે જીવ લગ્ન કરીને એક થાય છે. અને જીવતરમાં સમાજ માન્ય પતિ–પત્ની બને છે.

આભ અને ધરતી જેવા છેટાવાળાં રાજુ અને કાળુ જીવતરમાં સુખદ રીતે સંધાયાં ત્યારે આયુષ્યનો પૂર્વાર્ધ તેઓ વિતાવી ચૂકયાં છે. યૌવનકાળેય એમનાં હૈયાની પ્રીત ઉત્કટ છતાં એમનું બાહય વર્તન સંયમશુધ્ધ હતું. તો પ્રૌઢ વયે થયેલા એમના મિલનમાં પણ તેમનામાં સંયમ છે. રાજુ પોતે જ કહે છે તેમ એમની વચ્ચે "જીવનની સગાઈ" છે. જેણે ફણીધરની જેમ ફૂંફાડા મારતી જોવનાઈને કરંડિયામાં પૂરી દીધી છે એ રાજુ માટે દેહની કથા તો જીવનમાં હવે રહી નથી. કાળુને ય પોતાની જેમ "ભર્યાભર્યા રેવું પણ ન ચાલ્યે જ છલકાવું" એવા થવા પ્રેરતી રાજવણ રાજુનું દર્શન તથા રાજુના વાસના વિચલિત જીવનસ્વપ્ન સાત્વિક ભૂમિકા ઉપર લઈ જાય છે. રાજુ–કાળુના પરસ્પર માટેના ઉચ્ચારાતા ઉદગાર એમની ઊંડી પ્રીતિ અને એકમેકની શકિત અને ગુણો પરની શ્રધ્ધાની જાહેરાત કરતા જ રહે છે. રાજુ કાળુની સુખદુઃખની ભાગીદાર, તેના સંદેશોને પ્રકાશમાં લાવનાર ને પોષનાર, તેના પુત્ર પ્રતાપ અંગેની બે–ત્રણ પ્રકારની ચિંતામાં તેને પણ સલાહ અને ટેકો આપનાર મિત્ર અને માર્ગદર્શક જીવનસખી બની રહે છે."[૬૭]

રાજુના પવિત્ર પગલાં કાળુના ઘરમાં પડવાથી કાળુના વર્ષો પહેલાં ખોવાયેલા પુત્ર પ્રતાપનો પતો મળે છે. કાળુ જયારે પોતાના પુત્ર પ્રતાપ બાબતે વાત કરે છે કે ભણીગણીને મનખો ઉજાળીને બેઠેલો પ્રતાપ આવા ખેડૂતના ધંધામાં કેવી રીતે રહી શકશે ત્યારે રાજુ કાળુને કહે છે :

"ગાંડા હશે બામણો કે કાશી જઈને ભણીગણીને
પાછા આ ધૂળિયા મલકમાં આવતા હશે । રે'ણા ત્યાં
ખેણા : ખાણાંઃ ને જન્મ્યા ત્યાં જાયા વળી ।"[૬૮]

અહીં રાજુના વિચાર કાળુ કરતાં વધુ વ્યવહારું દેખાય છે. ભણેલો પ્રતાપ પોતાના વતન તેમ જ પોતાના પિતાને ઉપયોગી થાય એવું રાજુ માને છે.

રાજુ કાળુને પરણ્યાં પછી કાળુના ઘરની બધી જવાબદારી ઉપાડી લઈને પારકા જણ્યા પ્રતાપની સાચી મા બની રહે છે.

કાળુ મનોમન રાજુને પોતાને બાળક જોઈએ છે કે નહિ ? એ ઈચ્છા જાણવા માંગતો હતો. પણ ત્યાર પછીના કાળુનાં વિચારોમાં જ રાજુની મહાનતાનો આપણને ખ્યાલ આવે છે. રાજુએ જેઠના દીકરાઓને પોતાના ગણીને ઉછેર્યા. પ્રતાપને તો વળી પોતાનો પેટનો હોય એમ જ માન્યો. કાળુ જયારે પૈસે ને ટકે, સગે ને વાલે નોધારો થયો ત્યારે એવી દોહયલી વેળાએ રાજુ આબરુ, ઉંમરને એક બાજુ કરીને પારકાને પોતાનાં બનાવે છે. રાજુના આ ત્યાગ ઉપરથી જ તેના વ્યકિતત્વની મહાનતાનો આપણને પરિચય મળે છે. રાજુને પોતાને સંતાન માટે કોઈ જ ઝંખના નહોતી. રાજુની એકમાત્ર ઝંખના હતી કે પ્રતાપની વહુ આવે. અને માટે જ રાજુ વારંવાર કહેતી કે ખોવાયેલો દીકરો મળ્યો પણ વહુ વગર અડધો મળ્યો છે.

રાજુના જીવનમાં કાળુને મેળવવાની ઈચ્છા ભગવાને પૂરી કરી હતી. રાજુ કાળુના પક્ષમાં લપાઈને હેવાતનથી ખચેલ હાથનો જંજીરો કાળુના ગળામાં નાંખતો કહે છે : "આનાથી વળી બીજો કયો સારો દાડો મારે જોઈતો હતો! અવતારમાં જો ઓરતા કોઈ અધૂરા હોય તો આટલાજ હતા ને એય ભગવાને."[૬૯] રાજુના આ વાકયમાં કાળુને મેળવ્યાનો સંતોષ પ્રગટે છે.

પ્રતાપની છૂટી કરેલી પત્ની ચંપાનું બીજે થયેલું સગપણ ચંપા પોતે જ તોડી નાખે છે. ત્યારે રાજુ કહે છે કે ચંપાને સગપણ તોડવા માટે પ્રતાપે કહયું હશે. ત્યારે કાળુ પૂછે છે કે તેં કેવી રીતે જાણ્યું ? ત્યારે રાજુ ટીખળ સાથે જવાબ આપે છે કે "બાપ એવા બેટા"

ISBN-978-81-971187-3-9
First Edition

રાજુનો સ્વભાવ ટીખળી છે. ગમે તે ક્ષણે તે મજાક કરીને ભારે થયેલા વાતાવરણને હળવું બનાવી દે છે. આમ, આ દ્વારા રાજુ કાળુના યુવાન વયના કારસ્તાનો તેને યાદ અપાવે છે.

પ્રતાપને મેળવવા માટેના ચંપાના પ્રયત્નો જોઈને રાજુ કહે છે. જો ચંપાએ બીજે કરેલા સગપણને તોડયું તો એમાં ખોટું શું છે? અને કહે છે : ''મન મળ્યાં હોય છે તો પૈણેતનેય પડતો મૂકે છે ને આદમીય બબ્બે ચચ્ચાર છોરાં હોય છે તોય બીજું બૈરું: કરે છે. તો આ પૈણેત હતો ને ।''[૭૦] રાજુના આ વિચારોમાં તેના સ્વભાવની મુકતતા સાથે આધુનિક નારીના દર્શન થાય છે. જેની સામે મન મળ્યાં હોય તેને જ પરણવું જોઈએ – રાજુ આ જ મતમાં માને છે. રાજુ આવતી નિરાશાને બારણામાં પ્રવેશતાં જ હાંકી કાઢતી. રાજુમાં અડગ આત્મવિશ્વાસ હતો. અને કોઈપણ પરિસ્થિતિમાં ભાંગી ન પડતાં હિંમતથી કામ લે છે. પડશે એવા દેવાશે એવું રાજુ માનતી.

રાજુ–કાળુના સુખમાં માત્ર દીકરાની વહુની જ ખામી હતી. અને આ ખામી પુરવા તે વારંવાર દીકરાને સમજાવે પણ છે.

રાજુ ગાંધી વિષે ઠીક ઠીક જાણતી હતી. અને ગાંધીજીને કોઈ દેવનો અવતાર માનતી હતી ને તેમના પ્રત્યે અહોભાવ ધરાવતી હતી. તેમ છતાં જયારે પ્રતાપ પોતે અસહકારની લડતમાં જોડાવાની ઈચ્છા વ્યકત કરે છે ત્યારે રાજુ છેડાઈ પડે છે : ''અહીં માબાપ એ કાંઈ નહિં ને ત્યાં – નહિં નાવું કે ન નિચોવવું એવો કોક ''દેશ'' ખરો ?[૭૧]

આમ ગાંધી પ્રત્યે આદરભાવ હોવા છતાં રાજુ પ્રતાપને અસહકારની લડતમાં જોડાવ માટે પરવાનગી આપતી નથી. રાજુના મતે દીકરા માટે ''દેશ''ની સેવા કરતાં પહેલાં પોતાના માતા–પિતાની સેવા કરવાની ફરજ પહેલી છે. અને સાથે સાથે પ્રતાપને શિખામણ આપતાં કહે છે કે ગાંધીજીની અસહકારની લડતમાં જોડાવા કરતાં ગામના અભણોને ભણાવવાનું કહે છે અને કહે છે : ''રાતે બે ઘડી મોટિયારોને ભણાવવાનું કર્યુ છે એ જ કરને । એમાંથીય કોક દેખતા થશે તો કાંકેય લાભ ગામને છે ।''[૭૨] આમ, રાજુ પ્રતાપને પ્રોઢ શિક્ષણ દ્વારા ગ્રામસેવા કરવાની ઉચિત સલાહ આપે છે. આ દ્વારા આપણને રાજુની સમાજસેવાની ભાવનાનો પરિચય મળે છે.

પોતાના દીકરા પ્રતાપથી છૂટી થઈ ગયેલી વહુ ચંપાએ પ્રતાપની વિરુધ્ધ જુબાની આપી હોવા છતાં રાજુ તો પ્રતાપને ચંપાની ભૂલ માફ કરીને તેને તેડી લાવવા માટે સમજાવતાં કહે છે : ''ના, એને :ચંપાનેઃ ભૂલવાની નથી, એનો વાંક ભૂલવાનો છે, ને ભૂલીને એને અહીં લાવવાની છે બેટા ।''[૭૩] અહીં રાજુના દીલની ઉદારતા અને વિશાળતાના દર્શન થાય છે. પોતાના દીકરાની વિરુધ્ધ જુબાની આપનાર વહુનો ગુનો રાજુ માફ કરે છે.

રાજુના સમજાવવા છતાં પ્રતાપ તેની વહુ ચંપાને તેડી લાવવા તૈયાર થતો નથી ત્યારે કંટાળેલી રાજુ ભગવાનને દોષ દે છે કે ''ભગવાનેય પૂરા લેખ લખતાં ચૂંક છે કે શું તે જયાં જુઓ ત્યાં અધૂરા ને અધુરા ।''[૭૪]

અંતે રાજુ પ્રતાપને તેની વહુને તેડાવવા રાજી કરી દે છે. અલબત ચંપા પોતે જ પ્રતાપ પાસે આવી પહોંચે છે. ઘરમાં વહુ આવ્યા પછી આ દંપતીનો આનંદ અને ''હાશ'' કારો સુભગ રીતે અભિવ્યકત પામ્યાં છે. રાજુ કાળુને કહે છે : ''ઊંધો હવે નિરાંતે. દીકરોય ઘેર હવે અડધો મટીને આખો થયો છે.''[૭૫] ''જિંદગીનો થાક ઉતારો ને ભગવાનનું નામ લો અત્યારથી જ.''[૭૬] રાજુના આ વાકયોમાં એના મનનો સંતોષ પ્રગટે છે.

આટલા સુખ છતાં કાળુના મનમાં પ્રતાપ બીજાનો છોકરો હોવાનું દુઃખ રહે છે. આ જાણતાં જ રાજુ કાળુને સમજાવતાં કહે છે કે : ''ભગવાનની વાત ભગવાન જાણે, બાકી મને તો ઊલટું એમ થાય છે કે આવો રૂડો દીકરો દુનિયામાં આપણો કે'વાયો એ જ ભગવાનની દયા છે....''[૭૭] રાજુના વાકયમાંથી તેની સમજદારી અને ભગવાનમાંની શ્રધ્ધા પ્રગટે છે. પ્રભુ પ્રત્યેનો કૃતજ્ઞ ભાવ પ્રગટે છે.

ત્યારપછી રાજુ અને કાળુ હરિદ્વાર જાત્રા કરી આવે છે જયાં કાળુનાં દિલનો એકમાત્ર ભાર હળવો થાય છે તથા તેના મનનું સમાધાન થતાં રાજુને પણ આનંદ થાય છે. અને પ્રતાપના ગુરુ પાસેથી ''પારકા જીવને પોતાના માનવાનું નિર્મળ વાત્સલ્ય તે દેવત્વ''

ISBN-978-81-971187-3-9
First Edition

એવી પ્રશંસા પામે છે. અને સ્વામીજીના "તમારી જોડી અખંડ રહો" એવા આર્શીવાદ "અમૃતા સફર અને ઉર્ધ્વગમન" પ્રકરણમાં રાજુ–કાળુના સહ–સ્વર્ગારોહણથી સાચા પડે છે.

પુત્ર પ્રતાપને લોક–પ્રતિષ્ઠિત પ્રધાન બનેલો જોઈ અને કોલેજમાં ભણતા પાત્રોને પણ જોઈ રાજુ અને કાળુ એકસાથે, ઘડીનાય અંતર વિના પૂરી પાકટ અવસ્થામાં જગત પરથી આંખ મીંચી એકસાથે વિદાય થાય છે. આનાથી વધુ સંતર્પક અને ચડિયાતો અંત પુણ્યશાળી પ્રેમીઓની જીવનકથાનો બીજો કયો હોઈ શકે."[૭૮]

રાજુ અને કાળુના સહ–મૃત્યુને જોઈને ફતા ડામોર કહે છે :

"બે જણ એકબીજાનો છાંયડો થઈને જીવ્યાંતાં એ ખરું પણ અચરજની વાત તો એ કે મોતેય બેઉને–"

જયારે થાવરો ભગત કહે છે :

"ઊં હું ! અચરજ બચરજ કાંઈ નીં હે હે કાકા.
અમે બધા જાત્રાએ ગયા ત્યારે જ આપણે તો પામી ગયાંતા
કે કાળુભાઈ જીવ હે ને રાજુમાં ખોળિયું હે! પછી આમ જ
થાય ને ? હાસુ જ કેવડાવો તો કાળુભાઈના જીવ
વગર રાજુમાં જો આ દુનિયામાં જીવતી હોત તો એણી સ
વાતની મને તો વળી અચરજ થતી।"[૭૯]

ગામલોકોની આવી વાતો પરથી આપણને રાજુ તથા કાળુના અનન્ય પ્રેમનો પરિચય મળી રહે છે. બંને એક જીવ અને બે ખોળિયાં હતાં. તેમને 'Made for each other' કહી શકાય. એકબીજા વગર બંને અધૂરાં હતાં. આયુષ્યનો પૂર્વાર્ધ વટાવી ચૂકેલા બંને જીવ મળે છે અને પોતાના જીવતરના અધૂરા કોડ પૂરા કરીને અંતે બંને સહ–મૃત્યુ પામે છે – આ વાત :પ્રસંગઃ જ તેમના અનન્ય પ્રેમની સાક્ષીરૂપ છે.

## <u>સંદર્ભનોંધ</u>

૧. "માયાલોક", વિનોદ અધ્વર્યુ અને કનુભાઈ જાની, પૃ. ૧૨૪
૨. "માનવીની ભવાઈ" પહેલી આવૃતિ, ૧૯૪૭
અગિયારમું પુનર્મુદ્રણ ૧૯૯૨, પૃ.૪૨, સાધના પ્રકાશન
૩. – એજન – નિવેદનમાંથી
૪. "સંસ્કૃતિ", ફેબ્રઆરી ૧૯૭૭
૫. "ધમ્મર વલોણું" ભાગ–૧, પન્નાલાલ પટેલ, પ્રથમ આવૃતિ, ૧૯૬૮, ત્રીજું પુનર્મુદ્રણ ૧૯૮૯, સાધના પ્રકાશન,
"ધરતીનો મોંઘેરો મોર", અનંતરાય રાવળ, પૃ.૧૨
૬. "જાનપદી નવલકથાકાર પન્નાલાલ", લલ્લુભાઈ બી. પટેલ, આવૃતિ ૧૯૯૧, પૃ. ૧૧૯.
૭. "તૃપ્તિનો ઘૂંટ", દર્શક : "માનવીની ભવાઈ"માં આવેલ તૃપ્તિનો ઘૂંટ : આવૃતિ ૧૯૪૭, પૃ. ૧૪.
અગિયારમું પુનર્મુદ્રણ ૧૯૯૨,
૮. "જાનપદી નવલકથાકાર પન્નાલાલ", લલ્લુભાઈ બી. પટેલ, પૃ. ૧૧૯.
૯. "માનવીની ભવાઈ", પન્નાલાલ પટેલ, પહેલી આવૃતિ ૧૯૪૭, અગિયારમું પુનર્મુદ્રણ ૧૯૯૨, પૃ.૧૦૯.
૧૦. – એજન – પૃ. ૧૬૩
૧૧. – એજન – પૃ. ૧૬૫

१२. – એજન – પૃ. ૧૬૫

१३. – એજન – પૃ. ૧૬૯

१४. ''માનવીની ભવાઈ'', પન્નાલાલ પટેલ, પહેલી આવૃતિ ૧૯૪૭, અગિયારમું પુનર્મુદ્રણ ૧૯૯૨, પૃ.૧૭૧

१५. – એજન – પૃ. ૧૪

१६. – એજન – પૃ. ૧૭૩

१७. – એજન – પૃ. ૧૭૩

१८. – એજન – પૃ. ૧૭૩

१९. – એજન – પૃ. ૧૭૫

२०. – એજન – પૃ. ૧૭૪

२१. – એજન – પૃ. ૧૭૪

२२. – એજન – પૃ. ૧૭૫

२३. – એજન – પૃ. ૧૭૭

२४. – એજન – પૃ. ૧૭૭

२५. – એજન – પૃ. ૧૯૩

२६. – એજન – પૃ. ૧૯૪

२७. – એજન – પૃ. ૨૦૨

२८. – એજન – પૃ. ૨૦૪

२९. – એજન – પૃ. ૨૦૫

३०. – એજન – પૃ. ૨૦૯

३१. – એજન – પૃ. ૨૪૦

३२. – એજન – પૃ. ૨૪૧

३३. – એજન – પૃ. ૨૪૬

३४. ''માનવીની ભવાઈ'', પન્નાલાલ પટેલ, પહેલી આવૃતિ ૧૯૪૭, અગિયારમું પુનર્મુદ્રણ ૧૯૯૨, પૃ.૨૪૮

३५. – એજન – પૃ. ૧૫

३६. – એજન – પૃ. ૨૫૬–૫૭

३७. – એજન – પૃ. ૨૫૭

३८. – એજન – પૃ. ૨૮૮

३९. – એજન – પૃ. ૩૦૦

४०. – એજન – પૃ. ૩૦૧

४१. – એજન – પૃ. ૩૦૩

४२. – એજન – પૃ. ૩૦૩

४३. – એજન – પૃ. ૩૦૪

४४. – એજન – પૃ. ૩૦૫

ISBN-978-81-971187-3-9
First Edition

૪૫. – એજન – પૃ. ૩૭૨

૪૬. – એજન – પૃ. ૩૮૨

૪૭. – એજન – પૃ. ૩૮૮

૪૮. – એજન – પૃ. ૩૯૧

૪૯. – એજન – પૃ. ૩૯૨

૫૦. ''ભાંગ્યના ભેરુ'', પન્નાલાલ પટેલ, પ્રથમ આવૃતિ ૧૯૫૭, પુનર્મુદ્રણ ૧૯૮૬, પૃ.૪૨

૫૧. – એજન – પૃ. ૬૨

૫૨. – એજન – પૃ. ૧૦૨

૫૩. ''ભાંગ્યના ભેરુ'', પન્નાલાલ પટેલ, પ્રથમ આવૃતિ ૧૯૫૭, પાંચમું પુનર્મુદ્રણ ૧૯૮૬, પૃ.૧૦૬

૫૪. – એજન – પૃ. ૧૩૦

૫૫. – એજન – પૃ. ૧૩૩

૫૬. – એજન – પૃ. ૧૩૯

૫૭. – એજન – પૃ. ૧૯૭

૫૮. – એજન – પૃ. ૨૦૦

૫૯. – એજન – પૃ. ૨૪૫

૬૦. – એજન – પૃ. ૨૪૭

૬૧. – એજન – પૃ. ૨૭૬

૬૨. – એજન – પૃ. ૨૮૯

૬૩. – એજન – પૃ. ૩૪૧

૬૪. – એજન – પૃ. ૪૦૧

૬૫. – એજન – પૃ. ૪૦૧

૬૬. – એજન – પૃ. ૪૧૨

૬૭. ''ધમ્મર વલોણું'' ભાગ–૧, પ્રથમ આવૃતિ, ૧૯૬૮, ત્રીજું પુનર્મુદ્રણ ૧૯૮૯, ''ધરતીનો મોંઘેરો મોર'', અનંતરાય રાવળ, પૃ.૧૫

૬૮. – એજન – પૃ. ૭૨

૬૯. – એજન – પૃ. ૨૬૫

૭૦. – એજન – પૃ. ૩૩૯–૪૦૦

૭૧. ''ધમ્મર વલોણું'' ભાગ–૧, પ્રથમ આવૃતિ, ૧૯૬૮, ત્રીજું પુનર્મુદ્રણ ૧૯૮૯, પૃ.૧૨૯

૭૨. – એજન – પૃ. ૧૨૯–૩૦

૭૩. – એજન – પૃ. ૧૩૧

૭૪. – એજન – પૃ. ૧૩૪

૭૫. – એજન – પૃ. ૩૬૭

૭૬. – એજન – પૃ. ૩૬૭–૬૮

ISBN-978-81-971187-3-9
First Edition

૭૭. – એજન – પૃ. ૩૯૯

૭૮. ''ધમ્મર વલોણું'' ભાગ–૧, પન્નાલાલ પટેલ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૮, ત્રીજું પુનર્મુદ્રણ ૧૯૮૯, ''ધરતીનો મોંઘેરો મોર'', અનંતરાય રાવળ, પૃ.૧૬

૭૯. ''ધમ્મર વલોણું'' ભાગ–૨, પન્નાલાલ પટેલ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૮, ત્રીજું પુનર્મુદ્રણ ૧૯૮૯, પૃ.૪૪૩.

ISBN-978-81-971187-3-9
First Edition

## પ્રકરણ – ૪

## રોહિણી – ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ

### ''દર્શક'' : જીવન અને કવન :–

મનુભાઈ પંચોળી ''દર્શક'' નો જન્મ ઈ.સ. ૧૯૧૪ની ૧૫મી ઓકટોબરે વાંકાનેર તાલુકાના પંચાશિય ગામે થયો હતો. તેમના પિતાનું નામ રાજારામભાઈ અને માતાનું નામ મોતીબાઈ.

કોઈપણ સર્જકના જીવન અને કવનને ભાગ્યે જ અલગ રીતે જોઈ શકાય. સાહિત્ય અને જીવન પરસ્પરને ઘડતાં–વિકસાવતાં રહે એ સ્વાભાવિક છે.

બ્રાહ્મણ કુટુંબ, ધર્મપરાયણતા અને શિક્ષક – આ ત્રણે પિતામાં હોવાથી મનુભાઈ માટે ઘર એ જ તેમની શાળા બની ગઈ. પિતાની સાથે સાથે સાચા અર્થમાં સો શિક્ષકની ગરજ સારે એવી માતા મોતીબાઈ તરફથી પણ મનુભાઈના ઘડતર માટે પ્રોત્સાહક વાતાવરણ ઊભું થયું હતું.

''દર્શક''ને નાનપણથી જ વાંચનનો શોખ હતો. ગોલ્ડ સ્મિથના ''ડીઝેર્ટેડ વિલેજ'' (Deserted Village) પુસ્તકે તેમના ઘડતરમાં સારો ફાળો આપ્યો છે. આ ઉપરાંત ''વીર દુર્ગાદાસ'', ''નર્મગદ્ય'', ''રામાયણ'' અને ''મહાભારત'' તેમણે વાંચેલા. તેમના કલ્પનાશીલ માનસને અનેક પ્રકારની પ્રેરણાઓ ''નર્મગદ્ય'' અને ''ઈલિયડ'' જેવાં પુસ્તકોએ આપી.

તત્કાલીન રાષ્ટ્રીય આંદોલનથી પ્રેરાઈને અભ્યાસ અધૂરો મૂકીને વિદ્યાર્થી મનુભાઈ સત્યાગ્રહના સૈનિક બન્યા હતા. મનુભાઈએ વિકટર હ્યુગોના ''લા મિઝરેબલ''નો અભ્યાસ કર્યો હતો તેથી જ જાણે તેમનામાં રહેલો સુષુપ્ત ક્રાંતિવીર જાગૃત થયો હશે.

''દર્શકે'' ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્ય, ઈતિહાસ, દર્શન, રાજનીતિ અને ધર્મવિષયક ગ્રંથોનું વાંચન–મનન અને પરિશીલન કર્યુ છે. ''દર્શક'' પર ટાગોરના સૌંદર્યબોધ અને ગાંધીજીના આચારબોધની ઊંડી અસર છે. આ ઉપરાંત શિક્ષણકાર તરીકે એમને ઘડવામાં ''દક્ષિણામૂર્તિ'' ના સ્થાપક શ્રી નાનાભાઈ ભટ્ટનો પણ મહત્વનો ફાળો છે.

આમ ''દર્શક'' ના વ્યકિત્વના ઘડતરમાં પ્રથમ માતા–પિતા અને તે સમયની રાજકીય પરિસ્થિતિ તથા મહાન વિભૂતિ એવા ગાંધીજીનો મેળાપ છે.

દર્શક પ્રકૃતિએ ચિંતક હોવાની સાથે જાગૃત કેળવણીકાર, નિર્ભીક પત્રકાર અને પીઢ સમાજસેવક છે.

### કવન :–

શ્રી મનુભાઈ પંચોળી ''દર્શક'' એક બહુમુખી પ્રતિભા ધરાવનાર વિરલ વ્યકિતત્વ છે. નવલકથા, નાટક અને નિબંધ જેવાં સાહિત્યસ્વરૂપોમાં પ્રદાન દ્વારા લબ્ધપ્રતિષ્ઠ ''દર્શક'' ની સર્જકપ્રતિભાનો સર્વોતમ આવિષ્કાર અમેની નવલકથાઓમાં જોવા મળે છે. વિશાળ વાંચનના અભ્યાસથી અને ગાંધીપ્રેરિત માનવતાવાદી અભિગમથી પ્રેરાયેલી એમની સર્જકચેતના એમની નવલકથાઓમાં વિશેષભાવે અભિવ્યકિત પામી છે.

''દર્શક'' પાસેથી પાંત્રીસ ઉપરાંત કૃતિઓ ગુજરાતી સાહિત્યને મળી છે. મનુભાઈની ''સોક્રેટીસ'' જેવી પ્રશિષ્ટ નવલકથાને સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો છે. ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' ને ૧૯૮૭માં ભારતીય મૂર્તિદેવી પુરસ્કાર મળ્યો છે. ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' અને ''સોક્રેટિસ'' જેવી નવલકથાઓએ ''દર્શક'' ને ગુજરાતી નવલકથા સાહિત્યમાં પ્રથમ હરોળનું સ્થાન અપાવ્યું છે.

''કલ્યાણયાત્રા'' અને ''બંદીઘર'' ને બાદ કરતાં ''બંધન અને મુકિત'', ''પ્રેમ અને પૂજા'', ''દીપનિર્વાણ'', ''ઝેર તો પીધાં છે જાણી જાણી'', ''સોક્રેટિસ'' – આ બધી નવલકથાઓમાં લેખકની સર્ગશકિત સોળે કળાએ ખીલી ઉઠે છે.

ISBN-978-81-971187-3-9
First Edition

સાહિત્યસર્જન એ ''દર્શક'' ના કહેવા મુજબ એક વિશિષ્ટ યોગ છે, સાધના છે. તેમનામાં સારા–નરસાની સમજ કેળવાઈ ત્યારથી ઉઘાડા આંખ–કાને જે જોયું, જાણ્યું, વાંચ્યું, વિચાર્યું, જીવ્યું, જીરવ્યું અને સાંભળ્યું – આ સઘળામાંથી એક ઉદાત માનવીની કલ્પનામૂર્તિને, એમણે સેવેલી આદર્શમૂર્તિને એક પછી એક નવલકથામાં અવતારતા રહયા છે.

''ઝેર તો પીધાં છે જાણી જાણી'' રાષ્ટ્રવાદનું ગૌરવ ગાતી નવલકથા છે. ''સરસ્વતીચંદ્ર''ની જેમ સંસ્કૃતિ–સમન્વયનો મહિમા ગાતી ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' સર્વોતમ નવલકથાઓમાં સ્થાન પામે છે. સરસ્વતીચંદ્રમાં કલ્યાણગ્રામની આદર્શ ભાવના સેવી છે, અહીં એ ભાવના સાકાર થતી જોઈ શકાય છે.

''દર્શક'' ની કલમે નવલકથા, નાટક, વિવેચન અને ચિંતન એમ ચતુર્વિધ પ્રકારમાં સાહિત્યપ્રદાન કર્યુ છે. ''દર્શક'' આપણા તેજસ્વી અને પ્રતિભાસંપન્ન ગોવર્ધનરામ, મુનશી અને પન્નાલાલ પછીના ગુજરાતી નવલકથાક્ષેત્રે સીમા ચિહ્નરુપ નવલકથાકાર છે.

## ''ઝેર તો પીધાં છે જાણી જાણી '' :–

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ''દર્શક''ની આ નવલકથા ચિરસ્મરણીય છે. આને યુગદર્શી નવલકથા કહી શકાય. ''દર્શક'' ની આ સામાજિક નવલકથા ત્રણ ભાગમાં વહેંચાયેલી છે. પ્રથમ ભાગ ભારતભૂમિ સુધી મર્યાદિત છે અને બીજા – ત્રીજા ભાગથી નવલકથા દુનિયાના પ્રવાસે નીકળી પડતી હોય તેમ વિશાળ ફલક ઉપર વિસ્તરે છે. ત્રણે ભાગ પુસ્તક આકારે પ્રગટ થયા છે. બે ભાગ પુસ્તકાકારે પ્રગટ થયા પછી ત્રીજા ભાગનું પ્રકાશન ધારાવાહી નવલકથારૂપે ઈ.સ. ૧૯૮૪માં ''જન્મભૂમિ'' માં હપ્તાવાર પ્રગટ થયું હતું. ત્યારબાદ સાડાચાર દાયકા ઉપર પથરાયેલી અને ત્રણ ભાગમાં અવતરેલી મહાનવલ ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' આખરે એક જ ગ્રંથરૂપે ઈ.સ. ૧૯૮૯માં પ્રગટ થઈ.

નવલકથાનું શીર્ષક સૂચવે છે તે પ્રમાણે આ નવલકથામાં અસદ્–અનિષ્ટની વાત છે. ''દર્શક'' ની નવલકથા સૂક્ષ્મ સંવેદનશીલતાના ધરાતલ ઉપર ઉભેલી છે. માર્દવ અને માધુર્ય, સુંદરતા અને શુચિતા, ત્યાગ અને સમર્પણ, ભવ્યતા અને તેજસ્વીતા, આત્મગૌરવ અને આત્મવિસ્તાર એકમેકની પડખે મુકાતાં જાય છે અને બધું જ નિતાંત, ભાવમય, સાત્વિકતાપૂર્ણ, રમ્ય–ભવ્ય લાગે છે. સતત પ્રવૃતિશીલ રહેલી ''દર્શક''ની સર્ગશકિત નવલકથાઓમાં અને એમાંય વિશેષ ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' માં સવિશેષ દીપી ઊઠે છે.

''સરસ્વતીચંદ્ર'' મહાનવલ ગોવર્ધનરામની કલમે નિર્માણ પામી તે પછી આપણા સમાજ, રાજય અને સંસ્કૃતિ વિષયક પ્રશ્નોની સઘન ચર્ચા આ નવલકથામાં થઈ છે. ગુજરાત, ભારત, યુરોપ અને વિશ્વ એમ ઉતરોતર વ્યાપક ફલક પર આ નવલકથા વિસ્તરી છે. મનોરમ શૈલી, કલાત્મક વસ્તુવિધાન, સ્નેહ શાંતિ અને સત્યનો સંદેશ આપતાં આદર્શ પાત્રો તેમજ આકર્ષક પાત્રાલેખન એ એની તરી આવતી લાક્ષણિકતાઓ છે. લેખકે આ નવલકથામાં આદર્શ તથા વાસ્તવનો સુમેળ સાધીને પ્રારબ્ધ અને પુરુષાર્થની વચ્ચે સેતુ બાંધ્યો છે. રોહિણી, સત્યકામ અને હેમંત જેવાં પાત્રોનાં મનોમંથન હૃદયસ્પર્શી છે. તેમાંયે શ્રુતિ, તિતિક્ષા અને ઊંડી સહાનુભૂતિવાળું રોહિણીનું પાત્ર આગવી શુધ્ધ મુદ્રા ધરાવે છે.

શ્રી ડોલરરાય માંકડ દર્શાવે છે તેમ ''મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા – એ ચાર બુધ્ધિપ્રબોધિત બ્રહમવિહારનું નિદર્શન તેનાં પાત્રો અને ઘટનાઓ દ્વારા થાય છે.''[૧]

## ''દર્શક'' ની પાત્રનિર્માણ કલા :–

''દર્શક''ની નવલકથાઓમાં સર્વોત્કૃષ્ટ સ્થાને ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' આ ગાંધીયુગની નવલકથા છે. તેને ''યુગદર્શી નવલકથા'' : પિરિયડ નોવેલ : કહી શકાય. દર્શક એક તરફ ગાંધીજી અને ગાંધીવાદી ચિંતકોથી અને બીજી તરફ ટાગોર અને શરદબાબુથી પ્રભાવિત સર્જક છે. આ પ્રભાવને લીધે એમનામાં ગાંધીવાદી મૂલ્યો પ્રત્યેનો આદર તથા જીવન અને સાહિત્ય તરફ

ભાવનાદર્શી વલણ કેળવાય છે. જીવનની વાસ્તવિકતાને તેની સંકુલતા સમેત પકડવા અને આલેખવાને બદલે પોતાના મનમાનીતા ભાવનાત્મક મૂલ્યોને નવલકથાના આકારમાં ઢાળવામાં એમને વિશેષ રસ છે.

દર્શકની સર્જકચેતનાનું અનુભૂતિકેન્દ્ર છે. સ્વભૂમિભકિત અને એને અનુરૂપ અનુપમચરિત્રની ખોજ. આમ, મૂળે જ વૈયકિતક પ્રીતિનો ઘણો મહિમા કરે છે. પરિણામે પ્રીતિનો ખ્યાલ સહાનુભૂતિ, મૈત્રી, કરુણા, સેવા, ત્યાગ, સમર્પણ, પૂજા અને ભકિત સુધી વિસ્તરેલો રહે છે. આવા ચરિત્રનિર્માણમાં એમને અનિવાર્ય જણાય છે તે સૂક્ષ્મસંવેદનશીલતા. હેમંતના આ શબ્દો : ''કોઈનું આટલું દુઃખ સાંભળીએ ને આંસુ ન આવે તો માણસ થયા શું કામના ? હૈયું આનંદથી છલકાય નહિં, શોકથી સંતપ્ત થાય નહિ, તો ઈશ્વરના એ દાનનો અર્થ શું ?'' [૨] અહીં પણ પ્રગટ થાય છે. સમસંવદેન.

''દર્શક''ની આ નવલકથા સૂક્ષ્મ સંવેદનશીલતાના ધરાતલ ઉપર ઊભી છે. રોહિણી, સત્યકામ, ગોપાળબાપા, બેરિસ્ટર વગેરેનું એક–એકથી અદકેરું મૂર્તિવિધાન થયું છે. માર્દવ અને માધુર્ય, સુંદરતા અને શુચિતા, ત્યાગ અને સમર્પણ, ભવ્યતા અને તેજસ્વિતા, આત્મગૌરવ અને આત્મવિસ્તાર એકમેકની અડખે–પડખે કે સામસામે મૂકાતાં જાય છે.

નવલકથા એ વિશાળ ફલક પર વિસ્તરેલું કલાસ્વરૂપ છે. એમાં પાત્રની કલ્પના, એનું સ્વરૂપ, એનું કાર્ય, એનો વિકાસ અને સુસંસ્કૃતિનો સમાંતરે ખ્યાલ રાખવો પડે છે. ''દર્શક''ની નવલકથામાં ચરિત્રનિર્માણનું પલ્લું વિશેષ નમેલું જોવા મળે છે. એમના પાત્રો કોઈને કોઈ ભાવના કે આદર્શને વરેલાં હોય છે. સત્યકામના સ્નેહને વરેલી રોહિણી કરુણાથી પ્રેરાઈ હેમંત સાથે લગ્ન કરે છે.

''દર્શક''નાં પાત્રો અડગ સિધ્ધાંત – નિષ્ઠાથી ધ્યાન ખેંચે છે ને ગંભીર પ્રભાવ મૂકી જાય છે. આ પાત્રો બુધ્ધિની તેજસ્વિતામાં લેશ પણ ઉતરતા ન હોવા છતાં લાગણી–ભાવનાથી એમનું સંવિદ ઘડાયેલું છે. તેથી શુષ્ક નહિ પણ સ્પર્શક્ષમ લાગે છે. એમનું આભિજાત્ય, એમની ગરવાઈ મોહિત કરે છે.

પાત્રોના વાણી, વ્યવહાર એમના ચારિત્ર્યનું સચોટ પ્રતિબિંબ પાડતાં હોય છે. દર્શકની પાત્રવિભાવના વાસ્તવલક્ષી નહિ તેટલી ભાવનાલક્ષી કે આદર્શલક્ષી જણાય છે. તેથી, એમના પાત્રોમાં સામાન્ય સ્તરથી કશુંક જદું, અળગું, ઊંચાઈયુકત દૈવત પ્રગટતું જોવા મળે છે. શબ્દશિલ્પીની અદાથી તેઓ એકેએક પાત્રની આંતર–બાહય રેખાઓ કંડારતા જાય છે. એમનું એકએક પાત્ર એક–એક આદર્શનો નમૂનો બની રહે છે. ઉદાત કથાવસ્તુને જીવી જાણતાં, ચરિતાર્થ કરતાં ''દર્શક'' નાં પાત્રો ઉછીનાં માંગીને જીવવા મન લલચાઈ જાય એવાં ઉન્નત, ઉદાત છતાં આત્મીય અનુભવાય છે.

દર્શક ગાંધીયુગના નવલકથાકાર છે. ગાંધીજીના પ્રત્યક્ષ સંપર્કમાં આવવાનું સદ્‌ભાગ્ય તેમને મળ્યું હતું. એટલે ગાંધીજીના જીવન અને કાર્યનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવાની એમને તક મળી. ગાંધીજીએ આખા દેશને અહિંસા, સત્યાગ્રહ, વિશ્વબંધુત્વ, લોકસેવા એમ અનેક જીવનમૂલ્યો શીખવ્યા હતા. સાહિત્યકારોએ ગાંધીયુગની આ ભાવનાઓને ઝીલી અને પોતાની કૃતિઓ દ્વારા તે પ્રગટ કરી. ''દર્શક'' જેવા ભાવનાશાળી લેખક પણ ગાંધીજીની આજીવન ભાવનાઓથી અંજાયા. દર્શક ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' નવલકથામાં શુધ્ધ પ્રેમ, ત્યાગ, ભાવના અને લોકસેવા ઈત્યાદિ ભાવનાઓનો ઉત્સાહપૂર્વક પરિચય કરાવ્યો છે. આ નવલકથાનાં લગભગ બધાં જ મુખ્ય પાત્રો લોકસેવાથી રંગાયેલાં છે. સત્યકામ અને રોહિણી વિખૂટાં પડતાં રોહિણી ભાંગી પડવાને બદલે સમાજસેવામાં પોતાનું જીવન સમર્પિત કરે છે.

પંડિતયુગમાં ''સરસ્વતીચંદ્ર'' અને કુમુદ ભાવનાજગતમાં અને સ્વપ્નલોકમાં વિહરતાં હતાં. એમણે કલ્યાણગ્રામનો એક આદર્શ નકકી કર્યો હતો. પરંતુ એ આદર્શ માત્ર ભાવનામાં જ રહયો. ગાંધીયુગની આ નવલકથામાં એ કલ્યાણગ્રામની યોજનાનો એટલે કે લોકસેવાની ભાવનાનો અહીં પડઘો પડે છે. પન્નાલાલે પણ ''માનવીની ભવાઈ''ના કાળુ–રાજુનાં પાત્રો દ્વારા ગ્રામસેવાની વાત કરી છે. ''દર્શક'' ની આ નવલકથામાં સમાજસેવનો ધ્વજ ફરકતો દેખાય છે. આ નવલકથા ભાવનાની દૃષ્ટિએ પ્રેરક અને આકર્ષક છે.

## રોહિણી

રોહિણી આ નવલકથાની નાયિકા છે. રોહિણી આ નવલકથાનું પ્રધાન પાત્ર છે. ''દર્શકે'' મીરાબાઈના ભજનની નીચેની પંકિતઓ ઉપરથી પોતાની નવલકથાનું શીર્ષક પ્રયોજયું છે :

''નથી રે પીધાં એ અજાણી રે,

મેવાડના રાણા, ઝેર તો પીધાં છે જાણી જાણી.''[૩]

નવલથાનું શીર્ષક રોહિણીના પાત્રમાં જ સાર્થક થાય છે. મીરાંબાઈએ કૃષ્ણની ભકિત માટે ઘણાં કષ્ટો વેઠયાં હતાં. સાસરિયાનો સિતમ સહન કર્યો હતો. ઝેરના ઘૂંટડા જાણી જાણીને પીધાં હતા. તેમ છતાં એમણે પોતાની ભકિત છોડી ન હતી. આ નવલકથામાં વાર્તાનાયિકા રોહિણીના ભાગે ઝેરના ઘૂંટ પીવાનું આવ્યું છે. રોહિણી નવલકથાનું કેન્દ્રનું પાત્ર છે.

ગોવર્ધનરામની ''સરસ્વતીચંદ્ર'' નવલકથાની કારૂણ્યમૂર્તિ કુમુદસુંદરી પછી એવી જ કારૂણ્યમૂર્તિ તરીકે રોહિણી સ્થાન પામે છે. અલબત ''માનવીની ભવાઈ'' ની રાજુનું પણ અહીં સ્મરણ કરવું ઘટે. આ વિશ્વમાં વિધાતાએ એવી વિષમ રચના કરી છે કે મોટાભાગે સંતાપ વેઠવાનો સ્ત્રીને ભાગે આવે છે અને સ્ત્રી સહનશીલતાની મૂર્તિ હોવાથી એ વેઠે છે પણ ખરી.

ગોલોક અને ગોકુળ વચ્ચેના ભેદ ભુંસી નાખનાર ગોપાળબાપાની પ્રેમાળ પુત્રી રોહિણી ત્યાગ અને સહનશીલતાની મૂર્તિ છે. રોહિણી જીવનપંથના ઝેરને જાણી જાણીને પીનારી અને જીવનારી પ્રેમાળ અને ગોવર્ધનરામની કુમુદ જેવી દુઃખીયારી સમર્પણશીલ તરુણી છે. દુઃખ અને નિરાશાની પળોમાં પણ તે કર્તવ્યચ્યૂત થતી નથી. આવી પડેલી આફતનો હસતાં–હસતાં પૂરી તાકાત અને સંયમપૂર્વક સામનો કરે છે.

રોહિણીનો પ્રવેશ સાદગીનું સૌંદર્ય ધરાવે છે. ''શેઠ કુહાડી વતી ગોરડનું જંગલ કાપતા હતા અને છોકરો ટીંબરું પર ચડીને નીચે ઉભેલી છોકરીના માથામાં ટીંબરું મારતો હતો.''[૪]

રોહિણીના પાત્રપ્રવેશનાં આરંભમાં રોહિણીને મંદિરના ગર્ભગૃહમાં ગાઈ રહેલી બતાવી છે.

જય શંકર પાર્વતી પતે

મૃડ શંભી શશિખંડમંડન

મદનાન્તક ભકતવત્સલં

પ્રિય કૈલાસ દયાસુધામ્બુધે.[૫]

એક ચૌદેક વર્ષની કન્યા શંકરને જલાભિષેક કરતી સ્ત્રોત ગાતી હતી. હાથમાં બંગડીની જગ્યાએ ફૂલનાં કંકણ પહેર્યા હતા. કાનની બુટ્ટીમાં સુંદર પીળાં ફૂલ નાંખ્યા હતાં, કપાળમાં કેસર–ચંદનની પિયળ તાણી હતી. હાથમાં ઘસી ઘસીને ઊજળો કરેલ તાંબાનો લોટો પકડી અભિષેક કરતાં કરતાં ગાઈ રહી હતી. જરઝવેરાત અને હીરામાણેકના અલંકારોથી અલંકૃત આધુનિક નારી કરતાં પુષ્પો :કુદરતી અલંકારો : થી સજજ રોહિણી પ્રકૃતિબાળા જેવી શોભતી હતી. પ્રથમ દર્શને જ રોહિણીમાં રહેલી સાદાઈ અને સુંદરતાને જોતાં જ બેરિસ્ટર બોલી ઉઠે છે કે : ''સાળું, સાદાઈમાં ય એક જાતની સુંદરતા હોય છે.''[૬]

રોહિણીની ધાર્મિકતા, મધુર કંઠ, ભજનો, સ્ત્રોતો ગાવા તરફનો લગાવ આ પ્રસંગ દ્વારા સૂચવાય છે. રોહિણી નમણી અને ઓજસપૂર્ણ છે.

રોહિણીમાં બાહય સૌંદર્યની સાથે સાથે આંતરિક સૌંદર્ય પણ રહેલું છે. અજાણ્યા પ્રદેશમાંથી આવેલ અપરિચિત મહેમાનો સાથેનો તેનો સદ્‌ભાવપૂર્ણ વ્યવહાર અને તેની અતિથ્યભાવના :આતિથ્યત્કારઃ પરથી તેનામાં રહેલા :સુ–સંસ્કારનાઃ દર્શન થાય છે. એની વાડીમાં આવેલા મહેમાનના પુત્ર હેમંતને સાપ કરડે છે, તે સમાચાર સાંભળતાં જ તેનું પર દુઃખભંજક હૃદય, તેનું ઝેર ચૂસીને તેને જીવતદાન આપવા, તત્પર બને છે. પુત્રને સાપ કરડયો છે, જાણીને તેના પિતા રડવા બેસે છે, કાકા ડોકટરની તપાસનું વિચારે છે,ત્યારે

રોહિણી આવા કટોકટીની સમયે મોહન પાસેથી છરી લઈને અંગૂઠો કાપીને દૂધ પીતી હોય તેમ ચપ લઈને અંગૂઠો મોમાં લઈને ઝેર ચુસી ચુસીને થૂંકવા માંડે છે. આ પ્રસંગમાં તેની સમયસૂચકતા, નિર્ભિકતા, ત્વરિત નિર્ણયશકિત, હિંમત અને ધીરજ જેવા ગુણો પ્રગટ થાય છે.

સેવાપરાયણ, સત્શીલ ગોપાળબાપા અને વાડીના વત્સલ, હૂંફાળા પરિવેશમાં, રોહિણીનું આનંદ અને ઉલ્લાસમય, કિલ્લોલ કરતા પંખી જેવું બાળપણ ગોપાળબાપાના મિત્રપુત્ર સત્યકામની સાથે જ વીત્યું છે. સત્યકામ અને રોહિણી બંને સાથે જ જમ્યા, રમ્યા , નાચ્યા અને કૂદયાં છે. રોહિણીની આસપાસના પરિવેશમાં વૃક્ષો, વેલીઓ, ફળની વાડીઓ, ગાયો–વાછરડા, નદી અને કોતરો તથા ખેતરો છે. કાલિદાસની શકુંતલાની જેમ જ રોહિણી પ્રકૃતિના ખોળામાં :ઉછંગેઃ ઉછરી છે. રોહિણી બાળપણથી જ સત્યકામ પોતાનું અભિન્ન અંગ હોય તેવા એકાત્મભાવે તેની સાથે હળીમળી ગઈ છે. રોહિણીના ઉજળા દાંત જોઈને સત્યકામ સહેજે તારા સામે જુએ છે – આ ક્રિયા દ્વારા એ રોહિણીને વ્યાપકતા સાથે એકરૂપ કરી આપે છે.

બેરિસ્ટર વિનાયકરાવે હેમંત માટે રોહિણીનું માગું કર્યુ છે એ જાણી સત્યકામ રિસાયો છે. એવું જાણતાં જ રોહિણી કહે છે : "રાજાના તાજની ઘણાય ભિખારીઓ માંગણી કરતા હોય છે." અને "બેરિસ્ટર એટલે મોટો ભિખારી."[૭] તેના આ કથનમાંથી તેનો સત્યકામ પ્રત્યેનો પ્રેમ દેખાય છે. રોહિણી આજના સુધરતા જતા જમાનાની માફક પતિની બાબતમાં જાતે કંઈક વિચાર કરનાર આધુનિક નારી છે. આ સંવાદમાં રોહિણીના સત્યકામ વત્સલ હૃદયનું દર્શન થાય છે. આવા તો અનેક સંવાદો કરતાં કરતાં સાથે ઉછરેલા સત્યકામ, રોહિણી યુવાનીમાં પગરણ માંડતાની સાથે પ્રણયજાળમાં ગૂંથાય છે.

એક દિવસ દામાકાકાને ત્યાં કથામાંથી સત્યકામ અને રોહિણી ઘેર આવવા નીકળે છે. રોહિણી રસ્તામાં જ નદીના પટમાં બેસી જાય છે. સત્યકામ એના ઊજળા દાંત જોઈને સહેજે આકાશના તારા સામે જુએ છે. પછી ફૂલના ઢગસમા એના મોં સામે જુએ છે અને રોહિણીમાં આવેલા પરિવર્તનને જોઈ રહે છે. તે વખતે મધ્યરાત્રિએ તારાના અપાર્થિવ તેજમાં હસતી, ધીમે ધીમે પગ વતી પાણી ઉડાડતી – આ રોહિણી રોજ કરતાં કંઈક જુદી જ લાગે છે. એના અંગમાંથી આવતી સુવાસ, એના અંબોડાની લઢણ અને આરસની ગચ્છીમાંથી જ કંડારાઈ હોય તેવી મરોડવાળી ગરદન જાણે સત્યકામ પર જાદુ કરવા લાગી. સત્યકામની માતાના "છોકરી બે વર્ષ વહેલી મોટી થાય છે." એવા કથનને પુરવાર કરતી રોહિણી લાગે છે. સત્યકામની ચેતવણી સામે "બાપા વહેલા પરણાવશે" અને "આવી સોહામણી રાત ને....... તોરલને ય છોકરાં કયાં નહોતાં ?"[૮] વગેરે ઉકિતઓમાં સ્વભાવની બિન્ધાસ્તતા, સ્વતંત્રતા દેખાય છે. બાપાને પોતાના લગ્નની તિથિ જોવરાવવાનું કહે છે, તેમાં રોહિણી તે જમાનાની શરમાળ, સ્ત્રી કરતાં આજની આધુનિક સ્ત્રી વધારે દેખાય છે.

સત્યકામને સુરગનો સાથીદાર પાછળથી મારવા જાય છે ત્યારે સત્યકામને બચાવવા જતાં પડી જતાં, પથ્થર વાગવાથી રોહિણી બેભાન બની જાય છે. અહીં તેનો સત્યકામ માટેનો પ્રેમ પ્રગટ થાય છે. તેના કરતાં તેની હિંમત વધારે અભિનંદનીય છે. સત્યકામ રોહિણીને બે હાથે ઊંચકી નદીના પટ ભણી ચાલે છે ત્યારે "એનો વીંખાયેલો અંબોડો, બુધ્ધિમતા સૂચવતું મરોડદાર નાક, ગુલાબની તાજી પાંદડી જેવા એના હોઠ."[૯] ખીલેલી ચાંદનીમાં સત્યકામને વળી વળીને ચુંબન કરવા પ્રેરે છે, તેમાં ભારતીય નારી લગ્ન પહેલાં પણ પતિની કેટલી ચિંતા કરે છે તેનું દર્શન થાય છે. ભાનમાં આવેલી રોહિણીને સત્યકામ તેડી લેવા કહે છે ત્યારે રોહિણી જવાબ આપે છે :

"વાહ! આટલે સુધી ઊંચકી તે થોડું છે ?" પછી ઘેલું કરનારું સર્વજયી મુગ્ધ, મોહભર્યુ હાસ્ય હસી કહે, "અહીં લાવતાં શું કરતા હતા ? તમારે મન તો લગ્ન થઈ ગયા, ખરું ? બહુ ડાહયા ।"[૧૦]

રોહિણીના આ શબ્દો સત્યકામને ઠપકો આપવા માટેના હોય તેના કરતાં પોતાને ચુંબન કરનાર પ્રેમી પ્રત્યેનો આનંદ વ્યકત કરનારા વધારે લાગે છે. એમના જીવનની સૌથી વધુ પ્રસન્ન અને સૌથી વધુ સુગંધિત ક્ષણ આ હતી.

રોહિણી સત્યકામની થાય તે પહેલાં નરસિંહ મહેતાએ ભાંખેલા ભવિષ્યકથન મુજબ તેના સંસારસાગરમાં તોફાન મચે છે. રોહિણી અને સત્યકામ વિખૂટા પડે છે અને "ગોપાળબાપાનું મૃત્યુ" થતાં રોહિણીના માથે આભ તૂટી પડે છે. અને હસતી, રમતી, કૂદતી રોહિણીને તેના જીવતરમાં આ ઝેરનો પ્રથમ ઘૂંટડો પીવાનો પ્રસંગ બને છે. કલ્પાંત કરતી અને નિસાસા નાંખતી રોહિણીનો આત્મા બોલી ઉઠે છે કે : "જે જીવતા છે એય ન આવ્યા, તો ગયા તેની શી આશા ?"[૧૧] આ પ્રસંગથી રોહિણીનું વિષાદમય ચિત અને આંતરવ્યથા ઉપસી આવે છે. દર્શકે જેને ઉચ્ચ આદર્શ પાત્ર લેખે આલેખ્યું છે તે રોહિણી માનવસહજ નિસાસા નાંખે છે. તેના આ નિસાસામાં અસહાય, નિરાધાર બનતાં પિતા તો નહીં પણ કયાંક સત્યકામ ફરી મળે તેવી આશા, "લાખો નિરાશામાં એક અમર આશા છૂપાયેલી છે" તેમ છૂપાયેલી છે.

ગોપાળબાપાને અગ્નિસંસ્કાર કરતાં "બાપા દાઝશે તો નહિ" એવો ભ્રમ થતાં તે અચકાય છે. આમાં રોહિણીનો ઋજુ કોમળ અને લાગણીભર સ્વભાવ જોવા મળે છે. પિતાનો અગ્નિસંસ્કાર પુત્રી કરે છે તેમાં ભારતીય પરંપરાનો છેદ ઉડાડવામાં લેખકનો અભિગમ પુત્રીને પુત્રમસોમવડી બનાવવાનો હોય તેમ લાગે છે. પિતા દાઝશે તેવા ભ્રમમાં નારીહૃદયની કોમળતાનો ખ્યાલ પણ દર્શકે રાખ્યો છે : પિતા મૃત્યુ પામ્યા છે એ વાત રોહિણીનું મન સ્વીકારી શકતું જ નથી. :પિતાની સાથે ચૌદ દિવસે માતા પણ આ જગતમાંથી વિદાય લે છે – આવા ઉપરાઉપરી આઘાતોથી રોહિણી શૂન્યમનસ્ક બની જાય છે. ખાય, પીવે, હરે, ફરે છે પણ કયાંય તેનું મન લાગતું નથી, તે મનઅંતરથી ભાંગી પડે છે.

સત્યકામના કોઈ સમાચાર ન મળતાં રોહિણીના મનમાં અનેક તર્ક–વિતર્કો ઊભા થાય છે. આવા વિચારો કરતાં તેનું હૈયું ભરાઈ આવતું અને છાતીમાં ડૂમો ભરાઈ આવતો. અગાધ સાગરમાં જાણે કોઈકે એને ફેંકી દીધી હતી. કાંઠા–કિનારા વિનાનો સાગર એને ડૂબાડતો પણ નહોતો તેમ કિનારે પણ ફેંકતો નહોતો. આમ, રોહિણી જગતથી વિખૂટી પડી ગઈ હોય તેવી દુઃખદ સ્થિતિને પામી છે.

સત્યકામનો ગોપાળબાપાના મૃત્યુ પછી હજારીબાગ સેન્ટ્રલ જેલમાંથી લખેલ પત્ર રોહિણીને મળતાં તેનામાં ચેતના આવે છે. સત્યકામ જીવે છે તે સમાચાર માત્રથી રોહિણીને લાગે છે કે તેની પાસે બધું જ છે, કંઈ ખોયું નથી. રુઠેલા દેવની પાસે આથી વિશેષ કક્ષાની અપેક્ષા તે રાખતી નથી. રોહિણી દુઃખને જીવતા અને જીવવા તૈયાર થઈ જાય છે. દામાકાકાની એક આગાહી સાચી પડેલી જાણીને સત્યકામ રોહિણીને પત્ર દ્વારા જણાવે છે કે, "થોડા દિવસના સુખને માટે થઈને તને કે મને શાશ્વત દુઃખસાગરમાં ધકેલવા જેટલો અંધ કામી હું નથી."[૧૨] આના જવાબમાં રોહિણીનો અભિગમ કંઈક જુદો જ છે અને એ જ રોહિણીને વધુ નકકર ભૂમિકાએ બેઠેલી સૂચવે છે. "મોતથી હું બીતી નથી – વિયોગથી બીઉં છુ", "હું મુકિત ન માગું – માગું જનમોજનમ અવતાર રે."[૧૩]

અહીં રોહિણી ગમે તે ભોગે પણ સત્યકામને પામવા–મેળવવા ઈચ્છે છે. સત્યકામ સાથે લગ્ન કર્યા પછી મૃત્યુ આવે તો પણ તેને મન મધમીઠું છે. તેને મન મુકિત એ ગૌણ વસ્તુ છે, ભવોભવ સત્યકામ મળે તેવી તેની મહેચ્છા છે. તેને મન સત્યકામ જ સર્વસ્વ છે. સત્યકામ વગરના જીવનની તો એ કલ્પના પણ કરી શકતી નથી. આમાં તેના અંતરનો સત્યકામ પ્રત્યેનો સાચો પ્રણય જ દૃષ્ટિગોચર થાય છે.

રોહિણીના આત્મલગ્ન સત્યકામ સાથે થઈ ગયા છે, દેહલગ્ન તુચ્છ છે તેનો પુરાવો આપતાં રોહિણીના શબ્દો નોંધનીય છે :

"બ્રાહ્મણ આવીને બે મંત્રો બોલે ત્યારે આપણાં લગ્ન
થાય ખરું ? મારે મન લગ્ન થવાનાં નથી – થયાં છે. મૃત્યુના
ભયે જિંદગીભર ભાગતા રહેવા કરતાં મૃત્યુ સાથે જ ઝઘડી
લેવું સારું, તમે ઠેરઠેર ભાણું માંડતા જિંદગી પસાર કરો
ને હું અહીં આંબાના છાંયે બેસી રહું – તેવો જુલમ તમને

ISBN-978-81-971187-3-9
First Edition

કરવો કેમ ગમે છે ? એકવાર અહીં આવો."[૧૪]

આ વાકયોમાં રોહિણીનું આક્રમક પ્રણયી સ્વરૂપ દેખાય છે. તે દૈવ સામે બાથ ભીડવા તૈયાર થઈ છે. અને તેને માટે પોતાને સાથ આપવા સત્યકામને વિનવે છે. રોહિણીને મન લગ્નની વિભાવના જ જુદી છે. રોહિણીના મનથી આત્મલગ્ન એ જ સાચા લગ્ન છે અને એ તો થઈ ગયાં છે. આ દ્વારા રોહિણી કહેવા માગે છે કે જો ભવિષ્ય સાચું પડવાનું હોત તો અત્યારે જ આપણા બે માંથી એક મૃત્યુ પામ્યું હોત.

રોહિણીની આવી વિચારસરણી હોવા છતાં ઊંડે ઊંડે તેને સત્યકામની વાત સાચી લાગે છે. આથી રોહિણીનો નિર્વ્યાજ પ્રેમ અંદરથી સત્યકામને વિધિસર લગ્ન માટે ન ખેંચવાનું કહેતો હતો અને અહીં જ તેનો સત્યકામ સાથેનો સાચો પ્રણય પ્રદર્શિત થાય છે.

કેટલાક સમય પછી રોહિણી સત્યકામ પાસે જવાનો વિચાર કરે છે, પરંતુ સુખદેવની ટપાલ દ્વારા સત્યકામના મૃત્યુના સામાચાર જાણતાં રોહિણીની છાતી અને મસ્તક સોસરવી જાણે બંદૂકની ગોળી પસાર થઈ ગઈ હોય તેમ ચતીપાટ પડી જાય છે. આ અણધાર્યા આઘાતથી તે ત્રણ–ત્રણ દિવસ સુધી બેભાન રહે છે. અચ્યુત અને તેના પિતાની સારવારથી તે ભાનમાં આવી છે. એમ જાણતાં તે ખિન્ન થઈ જાય છે. કારણ કે બદલાની અપેક્ષાએ તેણે હેમંતને જીવતદાન આપ્યું ન હતું. રોહિણી પરગજુ છે, પણ તેણે જેના પર ઉપકાર કર્યો હોય તેની પાસેથી તે બદલાની ઈચ્છા રાખતી નથી. આથી, બેરિસ્ટર અને અચ્યુતે કરેલી સેવા–સુશ્રુષાથી તે સંકોચ પામે છે. રોહિણી માત્ર આપવામાં માને છે તે કોઈ પાસેથી કશું લેવામાં માનતી નથી.

હેમંતના નાના ભાઈ અચ્યુતને રોહિણીની કાળજી લેવાનું સોંપાય છે. રોહિણી અચ્યુતને પૂછે છે કે મને સાજી કરવાની તમને સૌને આટલી બધી હોંશ શા સારુ થાય છે ? અચ્યુત જવાબ આપે છે : "તમારા જેવુ હાસ્ય કયાંય જોયું નથી, કોઈનું પણ નહિં, ને તમે મોટાભાઈને બચાવ્યા છે ને ?"[૧૫] આ જવાબથી રોહિણીના મનની શંકાનું કંઈક સમાધાન થાય છે. સત્યકામને સતત ઝંખ્યા કરતી રોહિણી તંદુરસ્તીનો સ્પર્શ થતાં જ પોતાની સેવા કરનાર અચ્યુતમાં રસ લેવા માંડે છે. તેમાં તેનો અચ્યુત પ્રત્યેનો વાત્સલ્યભાવ જોઈ શકાય છે. જેને માતાનો વાત્સ્લ્યપૂર્ણ પ્રેમ નથી મળ્યો તેવા અચ્યુતને તે વાત્સલ્યની વર્ષાથી નવરાવી દે છે.

ભારતીય સંતપરંપરામાં ઉછરેલી રોહિણી આબુથી પાછી આવ્યા પછી છાપા દ્વરા આંદોલનો વિશે જાણે છે. "લડતે વેરવિખેર ગુજરાતને એક સૂત્રે બાંધ્યું છે."[૧૬] એમ લખવાની રાષ્ટ્રીય સમજ સુધી રોહિણી પહોંચે છે.

હેમંત જેલમાંથી મહાભયંકર ચેપી એવા ક્ષય રોગનો દર્દી બનીને ઘેર આવે છે. આ જાણતાં એક વખત જીવતદાન આપીને જેને બચાવેલો તેને ફરી બચાવવાનું તેનું પરમ કર્તવ્ય છે એવી મનોકામના સાથે રોહિણી હેમંતની સેવામાં લાગી જયા છે. લોકો શું કહેશે તેની પરવા પણ તેણે કરી નથી. પોતાનું આપેલું એક વખતનું જીવતદાન એળે ન જાય એટલી જ આશાથી, રોહિણી માતાની જેમ સંભાળ લેવા હેમંતની પરિચારિકા બને છે.

એક દિવસ હેમંત ઊંઘમાં બબડીને તેનું અસંપ્રજ્ઞાત મન પ્રગટ કરી બેસે છે. મૈત્રી અને કરુણાની ભાવના સાકાર કરવા રોહિણી હેમંતને પરણવાનું નકકી કરી નાખે છે. તેમાં પ્રેરકબળ તરીકે પ્રેમ તો છે નહિં. રોહિણી હેમંતને પત્ર લખે છે :

"મારે નકકી કરવાનું હોય તો આજે જ કરું.
મડાંને વીજળીનો ભય શાનો ?"[૧૭]

"તમારે સમજી લેવું પડશે કે હું બળી ગયેલું બી છું."[૧૮]

"મારામાં કશા કોડ નથી તેમ જ નથી કોઈ ઉછાળાં.
મારી પંખી કલરવે કૂજિત વાડી વિધાતાએ એક સવારે ઉજજડ
કરી નાંખી છે, ત્યાં ફરી પારિજાતક કે બકુલના સૂંડલા
ભરી ભરી ફૂલ ઊતરે તેવી આશા નથી. એ ફૂલોની સુવાસ

મેં લીધી છે. ફરી લેવાની નથી હિંમત કે નશી આશા.''[૧૯]

રોહિણી હેમંતને પત્ર લખીને કહે છે :

''અનુભવે હું મોટી છું, દુઃખે મને ઘણુ શીખવ્યું છે. તેમાં
એક વાત શીખી છું કે સારા માણસો પરભવના પુણ્યે જ
જન્મે છે, તેમનો સંગાથ ન છોડવો.''[૨૦]

હેમંત પણ જાણે છે કે :–

''તે આવતી હતી. પણ માતાની જેમ તેની સંભાળ લેવા,
પવનથી દીવો હોલવાઈ ન જાય તેટલા સારુ આડશ થવા,
પણ તેના પર મુગ્ધ થઈ તેના તાલે નાચનારી પ્રેયસી એ નહોતી.''૨૧

આથી જ હેમંત કહે છે :

''રોહિણી દયાની મૂર્તિ હતી. જે દહાડે એ અજાણ્યો
હતો તે દહાડે એનું ઝેર ચૂસ્યું હતું, તો આજે એને ઓળખ્યા
પછી એના પર વિશેષ કરુણા ઉપજે એમાં નવાઈ શું ?''[૨૨]

આ ચેતોવિસ્તાર – મૈત્રી અને કરુણા – રોહિણીના પાત્રનું વિશિષ્ટ લક્ષણ છે.

સત્યકામ સિવાય કોઈનો વિચાર ન કરનાર રોહિણી હેમંતની સાથે લગ્ન કરવાનો નિર્ણય કરે છે તે સમયનું તેનું મનોમંથન ઉપરના શબ્દોમાં વ્યકત થાય છે. રોહિણી હેમંતના જીવનમાં આનંદની દવા પાવાથી તેનું કિંમતી જીવન બચશે તેવી આકાંક્ષાથી હેમંતની થવા તૈયાર થાય છે. હેમંત જયારે કહે છે કે : ''હું રોગી–મરણની છાયામાં બેઠેલો રોગી છું'', રોહિણી કહે છે : ''મરણ, મરણ. તે મરણ શું છે તે એક વખત જોઈ લેવું છે.''[૨૩]

આમ મૃત્યુ સામે જંગ ખેલવા તે ફરી એક વખત તૈયાર થાય છે. રોહિણી અને હેમંતના લગ્ન પછી રોહિણી બેરિસ્ટરના આશીર્વાદ લેવા જાય છે ત્યારે બેરિસ્ટરે રોહિણીના નામે એક લાખ રૂપિયા બેંકમા મૂકે છે તેની પહોંચબુક તેને આપે છે અને બાપુના આશીર્વાદની ટપાલ આપે છે. આ બેમાંથી રૂપિયા હેમંતને આપી દે છે અને બાપુના આર્શીવાદને માથે ચડાવે છે. આમાં તેની ગાંધીભાવના જણાય છે. બેરિસ્ટરે તેની રૂપિયાથી તુલના કરી તે તેને બિલકુલ ગમતું નથી. તેમાં રોહિણીના ઉચ્ચ આદર્શજીવનની ઝાંખી થાય છે.

રોહિણી હેમંત પાસેથી બેરિસ્ટરને એક રખાત છે એ વાત સાંભળતાં ચોંકી ઉઠે છે. ફૂટપાથ પર ચાલતાં ગંદકી પર પગ મૂકાઈ જતાં જેમ શરીર સંકોચાઈ જાય તેમ રોહિણીનું શરીર સંકોચાઈ ગયું. તેણે વાડીના વાતાવરણમાં આવા સંબંધો વિશે માત્ર સાંભળ્યું હતું – આથી પોતાના સસરાના આવા સંબંધ વિશે સાંભળતાં જ તે ચોંકી ઉઠે છે. જયારે રોહિણી બેરિસ્ટરને ત્યાં અમદાવાદ જાય છે ત્યારે પોતાની સાસુની દયાજનક પરિસ્થિતિ જોઈને રોહિણીને અત્યંત દુઃખ થાય છે. પોતાની પૂરેપૂરી સહાનુભૂતિ તે સાસુ તરફ પ્રગટે છે. બેરિસ્ટરની રખાત સાથેના રોહિણીના સંવાદોમાં તેનો આ પ્રકારના સંબંધો તરફનો અણગમો વ્યકત થાય છે. જયારે બેરિસ્ટરની રખાત સુશીલા રોહિણીના તિરસ્કારયુકત વાકયો સાંભળીને કહે છે કે બેરિસ્ટર પણ મને આવું સંભળાવી શકતા નથી ત્યારે રોહિણી કહે છે :

''ઈંદ્રિયાસકત કામુક પુરુષ તમને કેવી રીતે સાચી વાત સંભળાવવાનો હતો ?[૨૪]

આમાં તેનો વ્યંગ પ્રગટ થાય છે, તે બેરિસ્ટરને પણ કહેવાજોગુ કહી દે છે.

સમાજસેવિકા રોહિણીનું દર્શન તેની ગ્રામોદ્ધારની પ્રવૃતિમાં થાય છે. રોહિણી અને હેમંત જે ગામમાં રહેવા ગયા હતા તે ગામમાં બાળકો, વૃધ્ધો, સ્ત્રીઓ અને કૂતરાં સુધ્ધાંને ખસ થઈ હતી, તેમને દવા કરવાની હેમંતની પ્રવૃતિમાં સંપૂર્ણ સાથ આપે છે. આ

ભયંકર, ચેપી રોગમાંથી માનવમહેરામણને છૂટકારો અપાવે છે. પોતાના સાસરિયાના ત્રાસથી ત્રાસી ઉઠેલી મણિને સાસરિયાના ત્રાસમાંથી મુકિત અપાવે છે. અને તે તેની જાતે ભરણપોષણ કરી શકે તેવી વ્યવસ્થા કરી આપે છે. આમાં તેની સેવાવૃતિ, દયાવૃતિના દર્શન થાય છે. શીળીના વાયરા વખતે શીળીની નાના–મોટાંને સમયસર રસી મુકાવવી, સારવાર કેમ કરવી વગેરે ઘેર ઘેર ફરીને સમજાવનાર રોહિણી સાચા અર્થમાં સામાજશિક્ષિકા છે.

હેમંત સાથેના રોહિણીના લગ્નજીવનને નહીં સાંખી શકતી વિધાતા તેના જીવનમાં વિઘ્ન નાંખે છે. સત્યકામનો એક દિવસ રોહિણી પર પત્ર આવે છે અને તે વાંચીને સત્યકામ જીવે છે તે જાણતાં જ રોહિણી પ્રસન્ન થઈ શકતી નથી. તે વિચારે છે કે જયારે સત્યકામ તેના હેમંત સાથેના લગ્ન વિશે સાંભળશે ત્યારે તેના પર કેવી વીતશે ? આવા વિચારોમાં તે ખોવાયેલી રહે છે.

નંદવાયેલા હેયાવાળી રોહિણીનો આનંદ તો સત્યકામની સાથે જ ચાલ્યો ગયો હતો. સત્યકામ જીવે છે એ સામાચાર તેને વધુ વ્યથિત કરી મૂકી. હજી આ સમસ્યાનો કોઈ ઉપાય મળે તે પહેલાં તો વિધાતા તેની પર વજ્રઘાત કરે છે. વિધિ જેની પાછળ પગ દબાવતી આવતી હોય તેના જીવનમાં સુખ કયાંથી હોય ? "ઘરની દાઝી વનમાં જાય તો વનમાં પણ આગ લાગે." આ કહેવત રોહિણીને લાગુ પડે છે. એક દિવસ ગામડામાં સમાજસેવા કરી રહેલા હેમંતનું ધાડપાડુઓને હાથે મૃત્યુ થાય છે. આમ આત્મલગ્નની વિધવા થયા પછી, રોહિણી ફરી દેહલગ્નની વિધવા બને છે. આમ નસીબ તેનાથી બે ડગલાં આગળને આગળ હતું તેની આ પ્રસંગ પૂર્તિ કરે છે. આમ, એના જીવનમાં અલ્પકાલીન સુખ અને બહુધા તો દુઃખ જ છે.

આમ, આવી રહેલા એક પછી એક દુઃખ, આપત્તિમાં પણ તે ધૈર્ય ખોતી નથી, સ્થિતપ્રજ્ઞા રહે છે. સુખ અને દુઃખની પરિસ્થિતિમાં તેણે નિર્લોપભાવે જીવતા શીખી લીધું છે. જેમ સુવર્ણ અગ્નિમાં તપીને વધુ શુધ્ધ બને તેમ રોહિણી એક પછી એક ઝેરના ઘૂંટ પીને વધુ ને વધુ અડગ બને છે.

રોહિણી દુઃખના પોટલાને એક ઉપર એક ગાંઠો મારી દૂરના ખૂણામાં ફેંકીને સાસુની ચાકરીમાં લાગી જાય છે, તે પોતાના કર્તવ્યથી બેરિસ્ટરના જીવનમાં પણ સુસંસ્કારની મહેક ફેલાવવાનું કપરું કાર્ય કરે છે. દિયર અચ્યુતની માતાની જેમ સંભાળ લે છે. અચ્યુતને પરદેશ ભણવા મોકલે છે. તેમજ ઘરની સર્વ જવાબદારીઓ અદા કરે છે તેમાં તેનો કુટુંબવત્સલ ભાવ દેખાય છે. માત્ર હેમંતના ઘરની જ નહીં, સત્યકામ અને પોતાની વાડીની તથા પોતાના બાલગૃહોની જવાબદારી પણ તે હિંમત અને ખંતથી અદા કરે છે. આમ ગૃહિણી તરીકે ઉત્તમ રીતે વાચક સમક્ષ ઉપસ્થિત થાય છે.

હેમંત સાથેનાં લગ્ન અને હેમંતના મૃત્યુ પછી રોહિણીનો અચ્યુત પ્રત્યેનો વાત્સલ્યભાવ ખૂબ વધી જાય છે. અને અચ્યુતની કારકિર્દી બનાવવામાં, અચ્યુતને તેના ભાઈ હેમંત જેવો બનાવવાની આકાંક્ષામાં, અચ્યુતને પરદેશ ભણવા મોકલવામાં – આમ બધી જ રીતે સક્રીય રસ લઈને વ્યવસ્થા કરે છે. અચ્યુતને પરદેશ મોકલવા પાછળનું કારણ જણાવતાં રોહિણી કહે છે કે "હું માત્ર પૂર્વની છું, કાકાજી મોટેભાગે પશ્ચિમના છે. અમે બધાં અડધિયા છીએ. તમારા ભાઈમાં પૂર્વ–પશ્ચિમનું રસાયન થતું હતું. ને થતા થતામાં તો પાત્ર ફૂટી ગયું. હવે તમે સંપૂર્ણ થાઓ તેવી મારી ઊંડી ઈચ્છા છે."[૨૫]

અચ્યુત આશ્રમમાં રોહિણી સાથે છૂટ લે છે તે બાબતમાં રોહિણી તેને ઠપકો આપે છે. આ ઠપકામાં પણ માતાની મમતા જ જણાઈ આવે છે. રોહિણીએ પોતાના આત્મવિશ્વાસના બળે બેરિસ્ટરને દારૂ છોડાવ્યો અને રખાતના પંજામાંથી મુકત કરાવ્યા. બેરિસ્ટર રોહિણીને પૂત્રવધુ નહિ પણ દીકરો જ માને છે.

ત્યાગ, સહનશીલતા અને દયાની મૂર્તિ રોહિણી સ્વનિર્ણાયક છે. સત્યકામ સાથેના પ્રેમમાં પોતે જ પહેલ કરે છે. બેરિસ્ટરના ઘેર રહેવા જવાનો જાતે જ નિર્ણય લે છે. હેમંતને પરણવાનો નિર્ણય પણ પોતે જ કરે છે. આમ રોહિણી સાંખ્યની પ્રકૃતિની પેઠે કર્ત્રી છે. બનાવને તે ઘડે છે. તે પૂર્વના રંગે રંગાયેલી છે. પશ્ચિમ અને પૂર્વની સંસ્કૃતિનો સમન્વય થાય તે તેને ગમે છે. હેમંતમાં આ પૂર્વ –

ISBN-978-81-971187-3-9
First Edition

પશ્ચિમની સંસ્કૃતિનો સમન્વય થઈ રહયો તો અને અકાળે હેમંતને ગુમાવી બેસે છે. આથી જ અચ્યુતને વધારે અભ્યાસ અર્થે પરદેશ મોકલવાનો નિર્ણય લે છે. આમ સંસ્કૃતિ સમન્વયને ઈચ્છતી રોહિણી વિશિષ્ટ કક્ષાની આધુનિક ગુજરાતી નારી છે.

રોહિણીના મનોમંથનની પરાકાષ્ઠા તો હેમંતના મૃત્યુ પછી સત્યકામને ગાડીમાં સાંભળે છે, જુએ છે ત્યારે સર્જાય છે. ઝેરના ઘૂંટ જેવું વૈધવ્ય લઈને એ અચ્યુત જોડે આવતી હતી ત્યારે કેશવદાસ રૂપે રહેલ સત્યકામને સાંભળે છે, જુએ છે, એ દિવસે જ એને નવી જિજીવિષા આપી હતી. આ અણધાર્યા ઘડીપળના વેદનાભર્યા મિલને જ તેને જીવવાની નવી આશા આપી હતી. કેશવદાસ ગાડીમાંથી ઉતરી જાય છે ત્યારે તેનું અંતઃકરણ ચીરાઈ જાય છે અને કરુણાપૂર્વક તે ભગવાનને આજીજી કરે છે : "ભગવાન, નાનપણથી આજ સુધીમાં ઘણાંય અંધ અને અપંગની સેવા કરી છે. વધુ એકની સેવાની તક નહિ આપો ?"[૨૬] આમાં તેની હજી સત્યકામને મળવાની અને તેની સેવા કરવાની ઝંખના જણાય છે.

પ્રણયદર્દથી પિડાતી રોહિણી આઘાતોની પરંપરા ન જીરવી શકતાં હૃદયરોગની દર્દી બને છે, પરંતુ બાળવર્ગના કાળાંકૂબડાં બાળકોને પ્રેમે નવરાવતી, વાત્સલ્ય ભરી દેતી, બાળસેવામાં તન્મય થયેલી તે પોતાના હૃદયરોગના દર્દને ગણકારતી નથી અને આ બાળકોની સંભાળ લેવી તે જ તેનું કામ હતું. ગામેગામના બાળકોને ભેગા કરી, તેમની સાથે એકરૂપતા સાધવાથી તેના હૃદયને સંતોષ મળતો અને તે સમયે તે પોતાની માંદગીને પણ ભૂલી જતી. નાના રાવણહથ્થા પર કાદૂના રાસડા ગાઈ રોટલો રળતા નાના બાળકને તે પ્રેમથી તેડી લાવે છે અને લાવ્યા પછી તેને કોઈ ખીજવતું નથી ને ? કંઈ કહેતું નથી ને ? તેની સતત કાળજી રાખે છે. આમ આવા અનેક ભૂલાં પડેલાં ભૂલકાઓની માતા અને સરસ્વતીની તે આરાધક બને છે, તો બીજી તરફ પચાસેક ખેડૂતોની સહકારીમંડળી ચલાવવાનું કામ, સસરાની પાંચેક લાખની મિલ્કતનો વહીવટ કરવો તથા પિતાએ સોંપેલ અપંગાશ્રમની સંભાળ રાખવી વગેરે કામ તે એકલે હાથી પાર પાડતી હતી. કેમ કે સત્યકામ પછી તેણે પોતાનું મન આ કાર્યોમાં પરોવ્યું હતું. અને નવરા બેસીને સત્યકામ વિશેના વિચારો કરવા કરતાં આ કાર્યરત રહેવાથી તેનું મન પ્રફૂલ્લિત રહેતું હતું. છતાંય આટલા કામ વચ્ચે પણ તેને સત્યકામનો ખાલીપો વર્તાતો હતો, સાથે સાથે સત્યકામની યાદ તો તેના જીવનની સાથે અભિન્ન રીતે વણાઈ ગઈ હતી. આમ છતાં, રોહિણી ભારતીય સમાજમાં સંસારચક્રની ધુરાને ધારણ કરીને જીવનપંથ કાપી રહેલી, કરુણા અને મૈત્રી જેવા ગુણોને સાકાર કરીને મુદિતા અને ઉપેક્ષા અભિમુખ થવા પ્રયત્ન કરતી સન્નારી છે.

સત્યકામની ડાયરી રોહિણીના હાથમાં આવતાં, તેના વાચન દ્વારા તે માનસિક રીતે સત્યકામ સાથે એકાત્મભાવ અનુભવે છે. જયાં જયાં સત્યકામ ફર્યા છે ત્યાં ત્યાં પોતાના સંવેદન વડે રોહિણી ફરી વળે છે. સત્યકામની ડાયરીમાં રોહિણીને લખેલો પત્ર જે કમનસીબે રોહિણીને મળ્યો નહોતો તે પત્ર વાંચતાં જ તે રડી પડે છે અને તેનાથી હૃદયમાં શૂળ ઉપડે છે. છતાં તે કહેતી હતી, "નથી મરવું – મારે નથી મરવું – એને જોયા પહેલાં નથી મરવું."[૨૭] તેના જીવનમાં માત્ર એક જ આશા બાકી રહી છે અને તે છે સત્યકામને જોવાની મળવાની–શૂળના આંચકા અને હૃદયની ચીસો સાથે રોહિણી આ સંકલ્પથી ટકવા માંગે છે.

સામે પક્ષે સત્યકામનો પણ રોહિણી માટેનો તલસાટ તેની ડાયરી વાંચતા જણાય છે. રોહિણી સત્યકામની વાગ્દતા હતી. સત્યકામ સાજો સારો પાછો આવી ગયો હતો આ વાતથી રોહિણી ઘણી પ્રસન્ન હતી. રોહિણી ઊગેલા સૂર્ય સામે ગુલાબના પુષ્પો ધરીને કહે છે "હે સર્વ લોકના ચક્ષુ, તમારાથી કોનું અંતર,કોની ઘડીપળ અજાણી છે ? મારા પડેપડમાં જાગતાં કે ઊંઘતાં જેનું રટણ તમે સાંભળ્યું છે, તેને અક્ષત રાખજો, એને ને મને હૈયેથી અક્ષત રાખજો."[૨૮] રોહિણીની આ માંગણીમાં એની સત્યકામ તરફની અવિરત સ્નેહધારાના દર્શન થાય છે. ભલે વિધાતાએ તેમને એકબીજાથી દૂર કર્યા છે પણ તેમનું મન–અંતર એકબીજા માટે તલસી રહયું છે.

સત્યકામે નાનપણમાં જોયેલી રોહિણી એક સુંદરતાની મૂર્તિ હતી, સત્યકામના શબ્દોમાં "તે ફૂલને ય શોભા આપતો અંબોડો, સ્વર્ગગંગા જેવા પાંથી, આકાશે ઊડતી કુંજપંક્તિ જેવી ધવલદંતાવલિ, ઊઘડતા ફૂલ જેવું મોં, વહેતી નદી જેવો મલકાટ."[૨૯] એ જ વિધવા રોહિણી અત્યારે કંકણવિહીન હાથ, કપાળ કુમકુમવિહીન, મલિન સંધ્યાકાશ જેવું ને અલ્પસ્ત્રીતા અંતઃસ્ત્રોતા બની ગઈ છે."[૩૦]

ક્રિશ્નચાઈના જીવનની કપરી સ્થિતિ વાંચ્યા પછી રોહિણીના અંતરનો વલવલાટ ઓછો થાય છે. જેમ સમદુ:ખિયાની વાત સાંભળીને દુ:ખીનું દુ:ખ ઓછું થાય છે – આનો ઈશારો લેખકે રોહિણીના પાત્ર દ્વારા કરાવ્યો છે.

સત્યકામની નોંધપોથી પૂરી થયા પછી રોહિણી પોતાની કલ્પનામાં ક્રિશ્ચાઈન અને અમલાને પામવા વિશ્વદેવતાને પ્રાર્થી રહે છે અને તેને એવો આભાસ થાય છે કે –

''હું જ અમલાદીદી છું, હું જ ક્રિશ્ચાઈન છું, તે જયાં છે

ત્યાં હું છું, તેનો સ્પર્શ, તેની વાણી મારાં દશ્ય – અદશ્ય

પ્રકાશને વાયુનાં મોજાઓમાં છે. તેનો સ્પર્શ અગણિત પરમાણુઓમાં છે.''[૩૧]

અચ્યુત પરદેશ જઈને પાછો આવે છે છતાં તેને પરદેશનો રંગ ચઢયો નથી. આ માટે બેરિસ્ટર રોહિણીનો આભાર માનતાં કહે છે : ''પરદેશના આટઆટલા કાદવકીચડ વચ્ચે ય તે જળકમળવત્ રહયો છે તે તારા પ્રતાપે.''[૩૨] આમાં રોહિણીએ અચ્યુતનો જે સુસંસ્કારો દ્વારા ઉછેર અને ઘડતર કર્યુ છે તે જવાબદાર છે. આથી જ બેરિસ્ટર બધો યશ રોહિણીને આપે છે તે યોગ્ય જ છે.

ગોપાળબાપાએ કહેલાં ''ધરતીને એક કણ આપો, હજાર આપશે''[૩૩] એ ન્યાયે રોહિણી ગામડાની ભોળી પ્રજાને ખૂબ જ પ્રેમ આપે છે. રોહિણી એમ માને છે કે ''આપણે જો લોકોને ભીડ વખતે ટીપું પ્રેમ આપીએ તો એ ખોબો સ્નેહ વાળે છે.'' ગોપાળબાપાના આદર્શને રોહિણી પોતાના જીવનકાર્ય દ્વારા ચરિતાર્થ કરે છે તે તેની મહાનતા છે.

જયારે રોહિણી અચ્યુતના મુખે સત્યકામ–કેશવદાસજીના વખાણ સાંભળે છે અને અચ્યુત જયારે રોહિણીને કેશવદાસજીને મળવાનો આગ્રહ કરે છે ત્યારે પણ રોહિણી અચ્યુતને જણાવતી નથી કે એ તે જ સત્યકામ છે જેની સાથે તેના લગ્ન થવાના હતા. કેમ કે રોહિણી વિચારશીલ યુવતી છે અને આ વાત છૂપી રાખવામાં જ તેને સમજદારી જણાય છે.

આમ તો તેનું કોમાર્ય, તેની સ્વપ્નલોકિત યૌવનની સુગંધ, તેનો આમોદ–પ્રમોદ, તેના નવવધૂના કોડ તે તેના અંતરમાં સૂતેલા સત્યકામની સાથે જ નિદ્રસ્થ થઈ ગયા હતા.''[૩૪] તેમ છતાં અત્યારે રોહિણી–હેમંતની વિધવા, અચ્યુતની ભગવતી સમી ભાભી જ હતી અને તે જ બની રહેવા ઈચ્છતી હતી. આમ સત્યકામ પાસે જવાનો તેને માટે કોઈ અર્થ નહોતો. તેના એકમાત્ર પગલાથી બેરિસ્ટર, અચ્યુતની આંખમાં, હૈયામાં જે તેનું સ્થાન હતું, જે તેના માટે માન અને આદર હતા, અને માન–આદર કરતાં કરતાં તેઓ રોહિણીના ભકત બની ગયા હતા, રોહિણીને આગ્રહ કરીને બેરિસ્ટરે જ ભણાવી હતી. પુત્રવધુને તેમણે દીકરાની જેમ રાખી હતી. આવા બેરિસ્ટર અને અચ્યુત જયારે રોહિણી સત્યકામની વાત જાણે તો તેમને ભારે આઘાત લાગશે અને પોતે તેમની નજરમાંથી પડી જશે – આવા અનેક વિચારો અને મનોમંથનમાંથી રોહિણી પસાર થાય છે. અને હેમંતની વિધવા હોવાથી તેનું કર્તવ્ય બેરિસ્ટરની સેવા કરવાનું હતું. આમ કોઈપણ અનુચિત પગલું ઉપાડતા પહેલા તે વિચાર કરે છે. રોહિણીના આ વિચારો પરથી તેના સુસંસ્કારો અને નમકહલાલીનો પરિચય મળે છે. પોતાના વૃધ્ધ સસરાનો વિચાર કરી રોહિણી પોતાનો સત્યકામ સાથેનો સંબંધ અપ્રગટ રાખવાનો નિર્ણય કરે છે.

રોહિણીમાં દરેકનું મન જીતી લેવાની અજબ શકિત છે. મર્સી પણ રોહિણીના ગુણગાન ગાવા માંડે છે.

ગિરનાર ઉપર રોહિણીનું સત્યકામ સાથે મિલન સધાય છે. ત્યાં રોહિણી પર સુંદરગિરિ પરની કુમુદની જેમ શુધ્ધ, વિકારરહિત છતાં હૃદયદ્રાવક લાગે છે. સમગ્ર નવલકથા પર છાઈ જતી વિરહિણી રોહિણી અને સત્યકામ તત્વજ્ઞાનના આલાપ પછી છૂટા પડે છે. તે બતાવે છે કે રોહિણી અને સત્યકામ સ્થૂળ પ્રેમમાંથી સૂક્ષ્મ પ્રેમ તરફ આગળ વધ્યા છે.

જયારે રોહિણીને સત્યકામ જણાવે છે કે તે રોહિણીને એક પળ માટે પણ ભૂલ્યો નથી – આ સાંભળતાં જ રોહિણીના મનમાંથી બધો કલેશ, બાપાનું મૃત્યુ, પોતાની લાંબી માંદગી, અનિશ્ચિતતાનો સંતાપ, ફરી પરણ્યાનો તીવ્ર અનુતાપ, સંતપ્ત અફાટ રણસમા નિરવિધિ વિયોગની ન કહી જાય, ન સહી જાય તેવી વેદના – બધું જ મલિન તત્વની જેમ બધાં ય દુ:સત્વો જાણે સરી ગયાં – મનમાં રહી કેવળ પ્રસન્નતા, સત્યકામનો આ એકરાર જ તેના માટે તેની આ જિંદગીની સૌથી મોટી ફલશ્રુતિ બની રહે છે. તે સત્યકામ સાથે

મન મૂકીને ભજનો ગાય છે અને ભૂતકાળને વાગોળે છે. તેના જીવનમાં આવેલા દુ:ખોની પરંપરા વચ્ચે જાણે આ સમયે દુ:ખોની વણઝાર અટકી જાય છે. અને રોહિણી માટે સુખનો સૂરજ ઊગે છે.

રોહિણી પોતાની બહેન રેખાને અચ્યુત સાથે પરણાવવા માંગે છે. પણ રેખા પરણવા જ માંગતી નથી. અચ્યુત મર્સી નામની હબસી છોકરીને પરણે છે ત્યારે ઉદાર દિલની, મોટા મનવાળી રોહિણી મર્સીને સ્વીકારી લે છે. જયારે જાપાનીઓના આક્રમણ વખતે અચ્યુતના બે બાળકો :શ્રીકાંત–શ્રીલતાઃ અને મર્સીના કોઈ સમાચાર ન મળતાં તે ઘણી ચિંતિત બને છે. અચ્યુતના બંને છોકરાઓ રોહિણી પાસે સલામત રીતે પહોંચતાં તે ખૂબ જ ખુશ થાય છે. તેના આનંદનો પાર રહેતો નથી. પણ જયારે મર્સીના મૃત્યુના સમાચાર જાણે છે ત્યારે તે દુ:ખી જાય છે. પરંતુ પોતે કઠણ હૃદયની છે, અત્યાર સુધી તો તેણે આવા અનેક ઝેરના ઘૂંટ પીધા હોવાથી તેને સહન કરતાં આવડે છે. આથી તે અચ્યુતને આશ્વાસન આપતાં પત્રમાં લખે છે –

"દુ:ખને અંતરગભારામાં ગોઠવીને હું આયુષ્યભર જીવી, અને હજુ ઈશ્વર દુ:ખ આપશે તો એ જ રીતે જીવી જઈશ, પણ હું હારવાની નથી."[૩૫] આમ તેનામાં દુ:ખને સહન કરવાની અપાર શકિત આવી ગઈ છે.

રોહિણી યુધ્ધમાં ઘાયલ થયેલા દર્દીઓની સેવા પણ કરે છે. છતાં તે થાકતી નથી તેનું કારણ માત્ર એ જ છે કે તેને સત્યકામ મળ્યો હતો અને અચ્યુતના ખોવાયેલાં સંતાનો પાછા મળ્યાં હતા. આમ, હૃદય ભરીને મળેલા પ્રેમે, સ્નેહે તેના સ્વાસ્થ્યમાં "શે" પૂરી હતી! સ્ફૂર્તિ રેડી હતી.

છેવટે રોહિણી અને સત્યકામ વાડીમાં ફરીથી ભેગા મળે છે – અને જાણે તેના જીવનમાં બાળપણના દિવસો ફરી એકવાર પાછા આવે છે. સત્યકામ અને રોહિણી બંનેના મુખ પર સ્મિત–સંતોષ લહેરાતા હતા. આ બધું મેળવવા જ તો તેણે જીવતરના ઝેરના કડવા ઘુંટડા પીધા હતા. જેમ દુ:ખ પછી મળેલું સુખ વધુ આનંદ આપે છે તેમ આટલા ઝેરના ઘૂંટ પીધા પછી રોહિણીને મળેલું અમૃત તેના જીવનમાં ખુશી ભરી દે છે.

જીવતરના દુ:ખને જીરવીને, તેનો હસતા મુખે સામનો કરતી રોહિણી એક સહનશીલતા નારીનો આદર્શ પૂરો પાડે છે. પોતે ઝેર પીએ છે પણ તેના અંતરમાંથી તો બીજા માટે હંમેશાં સ્નેહની વર્ષા જ થયા કરે છે. જાણે વિધાતા પણ રોહિણી પર દુ:ખ નાખીને થાકે છે, રોહિણીની વિધાતાએ લીધેલી અગ્નિપરીક્ષામાં :રોહિણીઃ સફળ થાય છે અને અંતે સત્યકામરૂપી સરપાવ પણ પ્રાપ્ત કરે છે.

"દર્શકે" આ નવલકથાની નાયિકા રોહિણીના ચરિત્ર દ્વારા એક આદર્શ ભારતીય નારીનું ચિત્ર આપ્યું છે અને તેમાં તેઓ તેના વાણી, વર્તન અને કર્મ પરથી સફળ રહયાં છે એમ કહી શકાય. રોહિણીનું પાત્ર આપણા ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ નીવડે તેવું છે.

"ઝેર તો પીધાં છે જાણી જાણી" નવલકથાના આ પ્રધાન પાત્રમાં ઝેર પીવાની હિંમત અને તે પચવવાની જબરજસ્ત સહનશીલતા અને ઉદારતા છે. હેમંત સાથે લગ્ન કરે છે તેમાં અને બેરિસ્ટરને ઠેકાણે લાવવાનું ગંભીર છતાં વિવેક વિનયથી શોભતું કાર્ય કરે છે તેમાં પણ તેના મૈત્રી અને કરુણાના ભાવો જ મુખ્ય છે. ગોપાળબાપાના મૃત્યુ અને સત્યકામના ગયા પછી પણ તે વાડીની પૂરી વ્યવસ્થા જાળવે છે. તેમાં તેની દુઃખ અને નિરાશાની પળોમાં પણ પોતાના કર્તવ્યમાંથી મુકત નહીં થવાની અડગતા દેખાય છે. આવી પડેલી આફતને પૂરી શકિતથી તે પડકારે છે. ઝેરને પીવાનો વારો આવતાં તેનો અનાદર કરતી નથી તો કોઈના કલ્યાણ માટે જાણી જાણીને પણ ઝેર પીવા તૈયાર થાય છે. આથી જ રોહિણી આ નવલકથાનું ગૌરવવંતુ પાત્ર છે. પ્રેમ, મૈત્રી, કરુણા, આત્મસમર્પણ અને કર્મપરાયણતા, સહનશીલતા, સેવાભાવ તેના ચરિત્રના લક્ષણો છે. તેના હૃદયમાં સતત વહેતો પ્રેમ જ ઝેર જેવા દુ:ખદ પ્રસંગોએ કરુણા અને મૈત્રીમાં પરિણમે છે. તેમાં તેની મહાનતા છે. આ તપસ્યામૂર્તિના આદર્શમય જીવનને પ્રતાપે જ આ કથા બને છે. નવલકથાનું શીર્ષક રોહિણીના પાત્રમા જ સાર્થક બને છે. બલિદાનની મૂર્તિ સમી રોહિણી નવલકથાનું સ્મરણીય પાત્ર છે.

## સંદર્ભનોંધ


૧. "ઝેર તો પીધાં છે જાણી જાણી" ત્રણેય ભાગની સંયુકત પ્રથમ આવૃતિ ૧૯૮૯, મનુભાઈ પંચોળી "દર્શક" આમુખના પૃ.૧૯. ડોલરરાય માંકડ

૨. "ઝેર તો પીધાં છે જાણી જાણી" ત્રણેય ભાગની સંયુકત પ્રથમ આવૃતિ ૧૯૮૯,પૃ.૮૬

૩. – એજન – પૃ. ૨૦૬

૪. – એજન – પૃ. ૧૨

૫. – એજન – પૃ. ૧૩

૬. – એજન – પૃ. ૧૬

૭. – એજન – પૃ. ૨૭

૮. – એજન – પૃ. ૩૫–૩૬

૯. – એજન – પૃ. ૩૮

૧૦. – એજન – પૃ. ૩૮

૧૧. – એજન – પૃ. ૫૮

૧૨. – એજન – પૃ. ૬૩

૧૩. – એજન – પૃ. ૬૫

૧૪. – એજન – પૃ. ૬૬

૧૫. – એજન – પૃ. ૭૩

૧૬. – એજન – પૃ. ૮૯

૧૭. "ઝેર તો પીધાં છે જાણી જાણી" ત્રણેય ભાગની સંયુકત પ્રથમ આવૃતિ ૧૯૮૯, ભાગ–૧ પૃ.૧૦૫

૧૮. – એજન – પૃ. ૧૦૬

૧૯. – એજન – પૃ. ૧૦૬

૨૦. – એજન – પૃ. ૧૦૬

૨૧. – એજન – પૃ. ૧૦૮

૨૨. – એજન – પૃ. ૧૦૭–૧૦૮

૨૩. – એજન – પૃ. ૧૧૦

૨૪. – એજન – પૃ. ૧૨૨

૨૫. – એજન – પૃ. ૧૫૭

૨૬. – એજન – પૃ. ૧૯૯

૨૭. – એજન – પૃ. ૨૨૮

ISBN-978-81-971187-3-9
First Edition

૨૮. – એજન – પૃ. ૨૮૨

૨૯. – એજન – પૃ. ૨૮૨–૮૩

૩૦. – એજન – પૃ. ૨૮૩

૩૧. ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' ભાગ–૨ ત્રણેય ભાગની સંયુકત પ્રથમ આવૃતિ ૧૯૮૯, મનુભાઈ પંચોળી ''દર્શક'' પૃ.૩૮૫

૩૨. – એજન – પૃ. ૩૮૮

૩૩. – એજન – પૃ. ૩૮૯

૩૪. – એજન – પૃ. ૩૯૨

૩૫. ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' ભાગ–૩ ત્રણેય ભાગની સંયુકત પ્રથમ આવૃતિ ૧૯૮૯, મનુભાઈ પંચોળી ''દર્શક'' પૃ.૭૨૩.

## પ્રકરણ – ૫

## કુમુદ, રાજુ અને રોહિણીનાં પાત્રોની તુલના

આપણે અગાઉનાં ત્રણ પ્રકરણોમાં અનુક્રમે ''સરસ્વતીચંદ્ર'' નવલકથાની નાયિકા કુમુદસુંદરી, ''માનવીની ભવાઈ'' નવલકથાત્રયીની નાયિકા રાજુ અને ''ઝેર તો પીધાં છે જાણી જાણી'' નવલકથાની નાયિકા રોહિણીના પાત્રનો વિસ્તારપૂર્વક પરિચય મેળવ્યો છે.

સામાજિક વાતાવરણ, સામાજિક પરિવેશ, સર્જકનું દૃષ્ટિબિંદુ અને શિક્ષણ આદિને આધારે પાત્રો વચ્ચે સામ્ય કે ભિન્નતાઓ રહેલાં હોય છે. આપણી ત્રણ નાયિકાઓ :કુમુદસુંદરી, રાજુ અને રોહિણી જુદા જુદા સર્જકની, જુદા જુદા યુગની અને અલગ પરિવેશની નીપજ છે. તેમનામાં એક સ્ત્રીસહજ સમાનતા છે તો ભિન્નતા પણ છે. તુલનાની દૃષ્ટિએ ત્રણેય નાયિકાઓનો વિચાર કરતાં સૌપ્રથમ તો આપણે કહી શકીએ કે –

ઐતિહાસિક ક્રમાનુસાર ગોવર્ધનરામ કૃત ''સરસ્વતીચંદ્ર'' નવલકથાની નાયિકા કુમુદ પંડિતયુગનું સર્જન છે. જયારે અન્ય બે નાયિકાઓ : રાજુ અને રોહિણી ગાંધીયુગના સર્જકોની છે.

જયારે સમાજમાં સ્ત્રીકેળવણીને પ્રાધાન્ય નહોતું ત્યારે કુમુદે શિક્ષણ મેળવ્યું છે. તે સંસ્કૃત અને અંગ્રેજી ભાષાની જ્ઞાતા છે. કુમુદની આવી જ્ઞાનસમૃધ્ધિ તેના વિદ્યાપ્રિય અને શિક્ષિત કુટુંબને આભારી છે. ભદ્ર વર્ગની નાયિકા કુમુદમાં સંસ્કારોનું યોગ્ય રીતે સિંચન થયેલું છે. જયારે પન્નાલાલની નાયિકા રાજુ ભણેલી નથી, રાજુનો ઉછેર ગામડામાં થયેલો છે. જયારે રોહિણી વાચન અને પત્રલેખન કરી શકે છે. રોહિણીમાં સેવાપરાયણ અને સત્શીલ એવા ગોપાળબાપાનો વારસો છે.

ત્રણેય નાયિકાઓમાં સૌથી વધુ શિક્ષણ કુમુદે મેળવ્યું છે તેથી તે સંસ્કૃત અને અંગ્રેજી વાંચી શકે છે અને કાવ્યસર્જન પણ કરી શકે છે. રોહિણી કુમુદ જેટલું ભણેલી ન હોવાથી તે માત્ર પત્રલેખન કે વાંચન કરી શકે છે. જયારે રાજુને શિક્ષણ ન મળ્યું હોવાથી વાંચન–લેખનનો પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી.

કુમુદને કાવ્યપંક્તિઓ, શ્લોક અને ગીત વગેરે ગાવાનો તેમજ સારંગીવાદનનો શોખ છે. તો રાજુને લગ્નગીતો ગાવાનો અને રોહિણીને શિવસ્ત્રોત, ભજનો ગાવાનો શોખ છે. આમ ત્રણેય ગીતસંગીતપ્રેમી છે.

રૂપસૌંદર્યની દૃષ્ટિએ ત્રણેય નાયિકાઓ પોતપોતાને સ્થાને અપ્રતિમ છે. ગોવર્ધનરામની નાયિકા કુમુદ સર્વગુણસંપન્ન, દેખાવડી અને શિક્ષિત છે. કુમુદ નમણી, નાજુક હોવાથી તેનામાં આપણને પદ્મિની સ્ત્રીનાં લક્ષણો જણાય છે. અર્ધખીલ્યા કમળ જેવી સુંદર કુમુદ ગૌર, રૂપેરી વર્ણ ધરાવે છે. તો રાજુ પણ પાતળી, ઊંચી અને અણિયાળી આંખોવાળી છે. રોહિણી નમણી અને ઓજસપૂર્ણ છે. ત્રણેય નાયિકાઓમાં બાહયસૌંદયની સાથે સાથે સુસંસ્કારનું આત્મસૌદર્ય પણ ભરપૂર છે.

કુમુદનો સ્વભાવ શાંત અને ગંભીર છે. તે મીતભાષી છે. કોઈની સાથે વધારે વાતચીત કરવાને બદલે તે પોતાનામાં ખોવાયેલી રહે છે. તેની પ્રકૃતિ અંતર્મુખી છે. તે પોતાના અંતરના ભાવ બીજા સામે પ્રગટ કરતી નથી. જયારે રાજુનો સ્વભાવ આખાબોલો અને વિનોદી છે. તેને વાતવાતમાં મજાક કરવાની આદત છે. કાળુ જયારે મેળામાંથી રાજુ માટે કાપડાની કસો ખરીદીને આપે છે ત્યારે રાજુ આ કસો કાળુએ એની પત્ની ભલી માટે ખરીદી છે એવો વ્યંગ–કટાક્ષ કરે છે. રાજુ કુમુદના પ્રમાણમાં બહિર્મુખ છે. તો રોહિણી વિશેષ બહિર્મુખ છે. પ્રગલભતા, સ્પષ્ટવકતાપણું આદિ રોહિણીના સ્વભાવની લાક્ષણિકતા છે. રોહિણી જયારે જાણે છે કે બેરિસ્ટરે તેમના પુત્ર હેમંત માટે પોતાનું માગું કર્યુ છે ત્યારે રોહિણી કહે છે કે – ''રાજાના તાજની
ઘણાય ભિખારીઓ માંગણી કરતા હોય છે અને બેરિસ્ટર એટલે મોટો ભિખારી.''[૧] આવા વાકયો રોહિણી બોલી શકે છે. અહીં રોહિણીના સ્વભાવનું બિન્ધાસ્તપણું પ્રગટે છે. રોહિણી સત્યકામને પરણવાની પોતાની ઈચ્છા આડકતરી રીતે પોતાના પિતાને જણાવવાની હિંમત

પણ કરી શકે છે. આમ, રોહિણી કુમુદ અને રાજુ કરતાં વધારે સ્વતંત્ર વિચારોવાળી છે. રોહિણી સ્વનિર્ણાયક છે. મુનશી "દર્શક"ના પ્રિય લેખક રહયા છે. તેથી મુનશીની પ્રગલ્ભ નાયિકાઓનો પણ આ પ્રભાવ હોય.

કુમુદ, રાજુ અને રોહિણી ત્રણેય નાયિકાઓ જુદા જુદા યુગની હોવા છતાં ત્રણેયમાંથી કોઈ પરંપરાભંજક નથી. પરંતુ સામાજિક રૂઢિને વશવર્તીને ચાલવામાં માનનારી છે. કુમુદના સ્વભાવમાં વિદ્રોહની ભાવના નથી, પડયું પાનું નિભાવી લેવાનો સ્વભાવ છે. સરસ્વતીચંદ્ર કુમુદનો ત્યાગ કરે છે તો કુમુદ "દીકરીને ગાય દોરે ત્યાં જાય" એ ન્યાયે પિતાની ઈચ્છાથી પ્રમાદધનને પરણી જાય છે. અમુક અંશે રાજુ પણ સામાજિક રૂઢિને વશવર્તીને ચાલનારી છે. પણ જરૂર પડે તે પોતાના વ્યકિતત્વને પલટી શકે છે. કાળુને રાજુની જરૂર હોય છે તેવે સમયે રાજુ સમાજની રૂઢિનાં બંધનોને ફગાવીને કાળુ સાથે લગ્ન કરે છે. રોહિણીમાં પણ અમુકવાર વિદ્રોહ પ્રગટીને સમી જાય છે. જેમ કે રોહિણી અને સત્યકામ જો પરણે તો બંનેમાંથી એકનું મૃત્યુ થાય તેવા એમના યોગ છે. આથી સત્યકામ રોહિણીથી દૂર રહે છે ત્યારે રોહિણી સત્યકામને કહે છે કે "મોતથી હં બીતી નથી, વિયોગથી બીઉં છું."[२] આમ રોહિણી સત્યકામની "ના" સાંભળીને બેસી રહેતી નથી પણ સત્યકામને પામવા માટે મોત સાથે પણ બાથ ભીડવા તૈયાર થાય છે. અહીં કુમુદ અને રાજુ કરતાં રોહિણીના સ્વભાવની ભિન્નતા પ્રગટે છે. રોહિણીની હિંમત પ્રગટે છે.

ત્રણેય નાયિકાઓ ધાર્મિક છે. કુમુદ જયારે પરણ્યા પછી પણ સરસ્વતીચંદ્ર તરફ વિકાર અનુભવે છે ત્યારે પોતાને વિકારમાંથી ઉગાર્યા બદલ પોતાની માતાની સાથે ઈશ્વરનો પણ આભાર માને છે અને પોતાની રક્ષા કરવા ઈશ્વરને પ્રાર્થે છે. રાજુ પણ પોતાની ઉપર કોઈ આપતિ આવે છે ત્યારે ભગવાનની બાધા રાખે છે. રોહિણીનો તો પાત્રપ્રવેશ જ મંદિરની પુજારણરૂપે થાય છે. શિવસ્ત્રોત ગાતાં–ગાતાં તે શિવપૂજા કરતી હોય છે. આમ, ત્રણેય નાયિકાઓને ઈશ્વરમાં શ્રધ્ધા છે.

રાજુ અને કાળુ તથા રોહિણી અને સત્યકામ નાનપણથી સાથે ઉછરેલાં હોવાથી તેમની વચ્ચેની પ્રણયગાંઠ બાળપણથી રહેલી છે. અને સમય જતાં તે વધુ મજબૂત બને છે. રાજુનું તો કાળુ સાથે સગપણ પણ થયેલું. પરંતુ કુટુંબનાં સ્થાપિત હિતો તેમનાં લગ્ન થવા દેતા નથી. કુમુદની તેર–ચૌદ વર્ષની ઉંમરે તેના સરસ્વતીચંદ્ર સાથે સગપણ થયા પછી તેમની વચ્ચે પ્રેમ પ્રગટે છે અને વિધિના ક્રૂર નિયમને કારણે કુમુદનું સગપણ તૂટે છે. જયારે રોહિણી–સત્યકામનું સગપણ થાય તે પહેલાં બંને વિખૂટાં પડે છે. અહીં ત્રણેય નાયિકાઓના જીવનની કરુણતા એકસમાન છે.

ત્રણેય નાયિકાઓમાં જો કોઈ દેખીતું સામ્ય હોય તો તે એ છે કે ત્રણેય નાયિકાઓ પ્રણયવૈફલ્યનો ભોગ બનેલી છે. બીજી રીતે કહીએ તો ત્રણેય વિરહવ્યથા અનુભવે છે. એક યા બીજા કારણે પોતે જેને ચાહે છે છે તેને પામી શકતી નથી, રૂઢિનાં બંધન તોડી શકતી નથી. આમ, ત્રણેય પોતાના પ્રિયપાત્રથી દૂર છે.

ત્રણેય નાયિકાઓ પોતાના પ્રિયતમની શિખામણને અનુસરે છે. સત્યકામ રોહિણીને સમજાવે છે કે "આપણે ફટકિયાં મોતી નથી કે ઘણના ઘાથી ફૂટી જઈએ"[૩] અને જીવનને નવી રીતે ગોઠવવાની સલાહ આપે છે અને સત્યકામની સલાહ મુજબ તે સંજોગોવશાત્ હેમંતને પરણે છે. તે જ રીતે કુમુદને સરસ્વતીચંદ્ર "શશી જતાં..... ગ્રહી કર પ્રભાકરના મનમાનીતા."[૪] આ પંકિત દ્વારા કુમુદને યોગ્ય સ્થળે પરણી જવાની સલાહ આપે છે. તો રાજુને તેના માંદલા પતિ ધનજીનું ઘર વસાવવા કાળુ આડકતરી શિખામણ આપે છે કે "ભર્યુભાદર્યુ ઘર ને રૂપાળો મુરતિયો હોય તો આખી દુનિયા ઘર બાંધે, પણ ગરીબ ઘર હોય ને રાંક વર હોય તોય ઘર બાંધીને રે ત્યારે જ વડાઈ કેવાય."[૫] અને રાજુ સાસરે જવા તૈયાર થાય છે. આમ ત્રણેય નાયિકાઓને પોતાના પ્રિય પાત્ર પ્રત્યે આદર અને પ્રેમ હોવાથી તેમની સલાહ–શિખામણને અનુસરે છે. પોતાના પ્રિયપાત્ર તરફના સ્નેહ બાબત ત્રણેય નાયિકામાં સામ્ય છે.

ત્રણેય નાયિકાઓ પોતે જેને ચાહે છે તેની સાથે નહિ પરંતુ અન્ય કોઈ, અજાણી વ્યકિત સાથે નાછૂટકે લગ્નગ્રંથિથી જોડાયેલી છે. કુમુદનું પ્રમાદધન સાથે વિદ્યા અને સંસ્કારની દ્રષ્ટિએ કજોડું છે તો રાજુનું ધ્યાળજી સોથ ઉર્મિલતા અને વયનું કજોડું છે. આ જોતાં રોહિણી પ્રમાણમાં નસીબદાર છે. તેને માટે હેમંત સારો પતિ સાબિત થાય છે. અલબત, રોહિણી સત્યકામને ભૂલી શકતી નથી. રાજુનો

પતિ ઉંમરમાં મોટો છે તેમ છતાં તેને રાજુ પર પ્રેમ છે. આ દ્રષ્ટિએ જોતાં કુમુદ સૌથી વધુ દુઃખી છે. પ્રમાદધન વેશ્યાગામી એન કુસંસ્કારથી ભરેલો છે. અને છતાં કુમુદ આવા પતિ સાથે પોતાનું જીવન નિભાવે છે જે કુમુદનો સહનશીલ અને સમાધાનકારી સ્વભાવ છતો કરે છે. કુમુદને સતત પ્રેમધર્મ અને પતિવ્રતાધર્મ વચ્ચે વ્યથા પામતી બતાવી છે.

ત્રણેય નાયિકાઓના અન્ય સ્થળે લગ્ન થવા છતાં પોતાના હૃદયમાં રહેલ પ્રિયપાત્રને ભૂલી શકતી નથી. આમ છતાં પોતાના પતિને સંપૂર્ણપણે વફાદાર રહેવાનો ગુણ ત્રણેય નાયિકાઓમાં છે. જેમાં ભારતીય નારીના સંસ્કારો પ્રતિબિંબિત થાય છે. કુમુદ પોતાના સાસુ, સસરા અને નણંદ અલકકિશોરી વગેરે પ્રત્યેનું પોતાનું કર્તવ્ય યોગ્ય રીતે બજાવે છે. રાજુ પોતાની સાસુ, જેઠ–જેઠાણી અને ભત્રીજાઓ પ્રત્યેની જવાબદારી છેક સુધી નિભાવે છે. તો રોહિણી પણ પોતાના સાસુ, સસરા અને દિયર અચ્યુતની સંભાળ રાખે છે. આમ, ત્રણેય નાયિકાઓ પોતે જયાં પરણીને ગઈ છે ત્યાં સાસરામાં એક આદર્શ ગૃહિણી તરીકેની બધી જ ફરજો બજાવે છે. આથી આપણે કહી શકીએ કે ત્રણેય નાયિકાઓ गृहिणी गृहमुच्यते। ની ભાવનાને પોતાના જીવનમાં સાર્થક કરે છે.

મહાનવલ ''સરસ્વતીચંદ્ર''ની નાયિકા કુમુદ પોતાના હૃદયનાથ સરસ્વતીચંદ્રના ગૃહત્યાગ પછી માતા–પિતાના આગ્રહને વશ થઈ પ્રમાદધન સાથે લગ્ન કરે છે. ફરીથી પાછાં આ પ્રેમીપાત્રો પ્રમાદધનનાં ઘરમાં જ મળે છે. ફરી છૂટાં પડે છે. અને વળી, પાછાં ફરી સુંદરગિરિ પર સોમનસ્ય ગૂફામાં પંચરાત્રિ ગાળે છે. પરંતુ તેઓ કંચન જેવા શુધ્ધ અને વિકારરહિત રહે છે. તો રોહિણી અને સત્યકામનાં લગ્ન નકકી થયા પછી  એક રાત્રીએ ભજનમાંથી આવતાં, સુરગવાળા પ્રસંગે રોહિણી બેભાન થઈ જાય છે ત્યારે સત્યકામ બેભાન રોહિણીને ચૂમી લે છે. ભાનમાં આવતા રોહિણી સત્યકામના આ વર્તનને હળવાશથી લે છે. આમ છતાં સત્યકામ કે રોહિણી કોઈ મર્યાદાનો ભંગ કરતા નથી. જયારે રાજુનું આરંભથી જે રીતે વ્યકિતત્વ વિકસ્યું છે તે જોતાં દુષ્કાળ પછીના ''ઉજજડ આભલે અમી'' પ્રકરણમાં રાજુ જે રીતે તરસ્યા કાળુને સ્તનપાન કરાવે છે તે વર્તન રાજુના વ્યકિતત્વ સાથે બંધબેસતું નથી. અને આમ ત્રણેય નાયિકાઓમાં રાજુ વધારે બિન્ધાસ્ત સ્વભાવની દેખાય છે. રોહિણીને સત્યકામ ચૂમી લે છે તેમાં વાંધો દેખાતો નથી. પણ આ બાબતે કુમુદ જુદી જ તરી આવે છે. તે પોતાના ચારિત્ર્યનું જીવની જેમ જતન કરે છે.

સેવાભાવ અને સામાજિકતાની દ્રષ્ટિએ જોતાં ત્રણેય નાયિકાઓમાં રોહિણી પ્રમાણમાં વધુ સામાજિક છે. રોહિણીને અન્યને મદદરૂપ થવામાં કે કોઈનું દુઃખ દૂર કરવામાં જ જીવનની સાર્થકતા દેખાય છે. આથી, જ તો જીવનમાં પોતે ઝેરનાં ઘૂંટડા પીને પણ અન્યને સહાયરૂપ થાય છે. સૌપ્રથમ તેર–ચૌદ વર્ષની ઉંમરે જ વાડીમાં મહેમાનોની સાથે આવેલા હેમંતને સાપ કરડતાં તેનું ઝેર ચૂસે છે. અહીંથી રોહિણીના જીવનની પરોપકારવૃતિનો પ્રારંભ થાય છે. અને આ જ પરોપકારવૃતિથી પ્રેરાઈને રોહિણી હૃદયરોગના દર્દી બનેલા હેમંતના બૂઝાતા જીવનદીપકમાં સંજીવની પૂરવા, હેમંતની માતાની જેમ કાળજી લેવા હેમંત સાથે પરણે છે. રોહિણીમાં  ની ભાવના રહેલી છે. રોહિણી હેમંત સાથે ગ્રામોધ્ધારની પ્રવૃતિ કરે છે. રોહિણી ગાંધીજીના સાબરમતી આશ્રમમાં, વર્ધા સેવાશ્રમમાં અને પછી યુધ્ધ દરમ્યાન દીમાપુરની હોસ્પિટલ સુધી જઈ જનસેવામાં કલ્યાણયાત્રામાં જીવન ગાળે છે. રોહિણી ગમે તેવા પડકારોને ઝિલવાની માનસિક ક્ષમતા ધરાવે છે. જયારે કુમુદ ગભરુ અને એકાકી સ્વભાવની છે. તે પોતે નિર્ણય નથી લઈ શકતી. આથી જ વડીલોના નિર્ણયને અનુસરે છે. બધાથી અલિપ્ત રહેવાનું વલણ ધરાવતી હોવા છતાં કુમુદ અંતે સરસ્વતીચંદ્રને મદદરૂપ બને છે આટલે અંશે કુમુદ સામાજિક બને છે. રાજુમાં સેવાભાવ છે પણ તે પોતાના કુટુંબ સુધી સીમિત છે.

કુમુદ અને રોહિણીમાં પોતાના સંપર્કમાં આવનાર વ્યકિતનું મન મોહી લેવાની અજબ કલા છે. કુમુદ આડકતરી રીતે પોતાની પતિપરાયણતાની વાત દ્વારા પોતાની નણંદ અલકકિશોરીના ઉદ્દંડ સ્વભાવને પરિવર્તિત કરી શકે છે. કુમુદના સંસર્ગથી જ અલકકિશોરી પતિનું મહત્વ સમજે છે. અને નિર્મળ સ્વભાવની બને છે. તો રોહિણી પણ પોતાની સમજાવટથી અચ્યુત અને બેરિસ્ટર વચ્ચેનો મતભેદ અને વિચારભેદ દૂર કરે છે. અચ્યુત પોતાની રોહિણીભાભીને દેવીની જેમ પૂજે છે, જે રીતે અલકકિશોરી પોતાની કુમુદભાભીને પૂજે છે. રોહિણીના સુસંસ્કારની છાપ અચ્યુત પર પડે છે અને પરદેશ જઈ આવવા છતાં અચ્યુતને પરદેશનો રંગ ચઢતો નથી તેનો બધો જ

યશ બેરિસ્ટર રોહિણીને આપતાં કહે છે "પરદેશના આટલા કાદવ–કીચડ વચ્ચેય તે જળકમળવત રહયો છે તે તારા પ્રતાપે."[૬] આમ, રોહિણી અને કુમુદ પોતાના સુસંસ્કાર અને સદ્‌વર્તનથી બીજાના જીવનનું ઘડતર કરી શકવા સમર્થ છે. રાજુ પણ પોતાના જેઠના છોકરાઓને યોગ્ય કાળજીથી ઉછેરે છે તેથી જ બંને ભત્રીજાઓ મોટા થઈને પોતાના સંસ્કારોથી કુળદીપક બની રહે છે.

કુમુદ, રાજુ અને રોહિણીના જીવનમાં કોઈને કોઈ પ્રકારનાં દુઃખ આવ્યાં છે. તેમ છતાં રાજુ અને રોહિણી એ દુઃખનો સામનો કરવાની માનસિક તાકાત ધરાવે છે. જયારે કુમુદ શરૂઆતમાં દુઃખનો સામનો કરે છે, પણ જયારે તે પોતાના પતિના વ્યભિચાર વિશે જાણે છે અને એને લાગે છે કે પ્રમાદધનને તેની જરૂર નથી ત્યારે જીવનથી કંટાળીને આત્મહત્યા કરવાનો નિષ્ફળ પ્રયાસ કરે છે. અહીં રાજુ અને રોહિણીની તુલનાએ કુમુદનું મનોબળ નબળું છે અને તેનામાં દુઃખ સામે ઊભા રહેવાની હિંમત ઓછી છે.

રાજુએ જીવન દરમિયાન દુષ્કાળના દોહ્યલા દિવસો વિતાવવા પડયા છે. તે દરમિયાન પોતે ભૂખી રહે છે અને મોખાન છોડાં લાવીને પોતાના જેઠના છોકરાને જીવાડે છે. આવા દુઃખના દોહ્યલા દિવસો કુમુદ કે રોહિણીને નથી વેઠવા પડયાં. રાજુને જીવન–મૃત્યુ વચ્ચેનો સંઘર્ષ વેઠવો પડયો છે. આમ, રાજુને જીવવા માટે વધુ ઝઝૂમવું પડયું છે. રાજુએ જેવી ગરીબી વેઠી છે એવી કુમુદ અને રોહિણીએ નથી વેઠવી પડી.

કુમુદ, રાજુ અને રોહિણી ત્રણેય નાયિકાઓને વૈધવ્ય દુઃખ વેઠવાનું આવે છે. 'કુમુદનો પતિ પ્રમાદધન આત્મહત્યા કરે છે. રાજુનો પતિ ધ્યાળજી માંદગીમાં મૃત્યુ પામે છે. જયારે રોહિણીનો પતિ હેમંત અસામાજિક તત્વોના હાથે મૃત્યુ પામે છે. આમ ત્રણેય નાયિકાઓના જીવનમાં વૈધવ્ય આવે છે.

કુમુદ અને સરસ્વતીચંદ્ર વચ્ચે સુવર્ણપુર પછી એકાંત મિલન સુંદરીગિરિની સોમનસ્ય ગૂફામાં થાય છે. તો વિધવા રોહિણી અને સત્યકામનું વિખૂટા પડયા પછી પ્રત્યક્ષરીતે પ્રથમ મિલન ગિરનાર પર્વત પર થાય છે. કુમુદ અને સરસ્વતીચંદ્ર સોમનરસ્યગૂફામાં સહનિવાસ દરમિયાન ખૂલ્લા દિલે વાતચીત કરીને , બધી જ મનની ગાંઠો દૂર કરીને હળવાં બને છે. તે જ રીતે રોહિણી અને સત્યકામ ગિરનાર પર્વત પર ભૂતકાળને વાગોળે છે અને હ્દયના બધા જ શલ્ય દૂર કરી, તત્વજ્ઞાનનો આલાપ કરી છૂટા પડે છે. આમ, કુમુદ અને રોહિણી બંને નાયિકાઓનું પોતાના પ્રિયપાત્ર સાથે મિલન પર્વત પર જ સધાય છે. અને અહીં એકાંત મિલનમાં બંને નાયિકાઓ કંચન જેવી શુધ્ધ અને વિકારરહિત પુરવાર થાય છે. "સરસ્વતીચંદ્ર" અને "ઝેર તો પીધાં છે જાણી જાણી" બંને નવલકથાની ભાત સાથે કુમુદ અને રોહિણીનાં ચરિત્રોની નિયતિમાં પણ સમાનતા જોવા મળે છે. જયારે વિધવા થયેલી રાજુ અને કાળુનું મિલન ઉજજડ અને વેરાન ભૂમિમાં થાય છે.

ત્યાગ ભાવનાની દ્રષ્ટિએ ત્રણેય નાયિકાઓમાં કુમુદ ચઢિયાતી છે. વિધવા થયેલી કુમુદ સરસ્વતીચંદ્ર સામે પુનર્લગ્ન કરી શકે તેમ હોવા છતાં તે સમાજના રૂઢિ, રીત–રિવાજ અને બંધનોને ધ્યાનમાં રાખીને પરણતી નથી. વળી, સરસ્વતીચંદ્રની મહાનતા આગળ પોતાને તુચ્છ માને છે. સરસ્વતીચંદ્ર સાથે પોતે પુર્નલગ્ન કરવાને બદલે સરસ્વતીચંદ્રરૂપી દેવને પોતાની બહેન કુસુમરૂપી અર્ધ્ય ચઢાવે છે. જયારે વિધવા રાજુ સમાજનાં બંધનોને તોડીને વિધુર એવા કાળુ સાથે લગ્ન કરે છે. આમ, રાજુ કાળુને પોતાના જીવનમાં સંપૂર્ણપણે પ્રાપ્ત કરે છે. તો વિધવા રોહિણી અને સત્યકામને નવલકથાને અંતે વૃક્ષપલ્લીમાં હાથમાં હાથ મૂકી પ્રસન્ન ચિત્તે બેઠેલા બતાવ્યાં છે. આ રીતે રાજુ અને રોહિણી બંને પોતાના પ્રેમીપાત્રને મેળવી શકી છે. જયારે કુમુદ સરસ્વતીચંદ્રને બીજાને અર્પણ કરીને આનંદ મેળવે છે. અહીં કુમુદની મહાનતા પ્રગટે છે.

કુમુદ અને રોહિણીનો ભગિનીપ્રેમ પણ આપણને જોવા મળે છે. કુમુદ પોતાની નાની બહેન કુસુમસુંદરીને પોતાના જ ભૂતકાળના પ્રિયપાત્ર એવા સરસ્વતીચંદ્ર સાથે પરણાવે છે. તો રોહિણી પોતાની નાની બહેન રેખાને પોતાના વિધુર દિયર અચ્યુત સાથે પરણાવે છે.

કુમુદ, રાજુ અને રોહિણીને "ગંગા" નદી માટેનાં ત્રણ નામ અનુક્રમે ગંગા, ભાગીરથી અને મંદાકિની – આ ઉપમાઓ આપી શકાય. કુમુદનું ચારિત્ર્ય ગંગા જેવુ પવિત્ર છે. તે સ્વભાવે શાંત છે અને તેનાં વાણી–વર્તન સંસ્કારી છે. કુમુદને જોતાં જ આપણાં મનમાં ગંગા જેવી પવિત્રતાનો ભાવ જાગે છે. રાજુને ભાગીરથીની ઉપમા આપી શકાય."ભાગીરથી" એટલે બીજાના દુઃખમાં પોતે ભાગ પડાવીને અન્યનુ દુઃખ દૂર કરવું. રાજુ જીવનભર કાળુને ચાહવા છતાં પોતાના પતિની સાચા મનથી સેવા કરે છે. અને જયારે વિધાવ એવી રાજુના જીવનમાં સુખના દિવસો આવે છે ત્યારે તે દુઃખી, એકલા–અટૂલા અને વિધુર કાળુનું દુઃખ દૂર કરવા ધસી જાય છે. રોહિણીને "મંદાકિની" ની ઉપમા આપી શકાય. જેમ મંદાકિનીના પાણીના સ્પર્શે સર્વ પાપ ધોવાઈ જાય તેમ રોહિણીના સંસર્ગે સર્વ દુઃખ દૂર થાય છે. તેના જીવનનું લક્ષ્ય બીજાનાં દુઃખ દૂર કરવાનું છે. રોહિણીના સંપર્કમાં આવેલા બધાને તે કોઈને કોઈ રીતે મદદરૂપ બની છે.

કુમુદ ચંદ્રાવલીમૈયાના સાન્નિધ્યમાં ભગવી કંથા ધારણ કરીને થોડો સમય સાધ્વી પણ બને છે. કુમુદના આ સાધ્વીજીવનથી તેનામાં રાજુ અને રોહિણી કરતાં આધ્યાત્મિકતાનો વિકાસ વધુ થયેલો છે. અને તેથી જ કુમુદ અને સરસ્વતીચંદ્ર વચ્ચેનો પ્રણય સ્થૂળમાંથી સૂક્ષ્મ સુધી વિકસે છે. દૈહિકથી આધ્યાત્મિકતા તરફ કુમુદ વળે છે. જયારે રાજુ અને રોહિણી સંસારીજીવ છે અને અંત સુધી સંસારી જ બની રહે છે.

કુમુદને સરસ્વતીચંદ્ર જેવી સંસ્કારી ધારે છે, હૃદયથી પારખે છે તેવી જ કુમુદ નીવડે છે. અંત સુધી તે એવા જ પવિત્ર હૃદયવાળી બની રહે છે. તો કાળુ રાજુ માટે અને સત્યકામ રોહિણી માટે જે ઊંચા અભિપ્રાય બાંધે છે તે પ્રમાણે અંત સુધી રાજુ અને રોહિણી એવા જ બની રહે છે. આમ, આ નાયિકાઓમાં ગુણની એકસૂત્રતા કાયમ માટે જળવાઈ રહે છે. કોઈપણ જાતની કસોટીમાંથી તેઓ હેમખેમ પાર ઊતરે છે.

ત્રણેય નાયિકાઓમાં કુમુદ, રોહિણી અને તેમના નાયકો અંત સુધી જીવિત છે. જયારે રાજુ અંતે પોતાના પતિ કાળુની સાથે જ મૃત્યુ પામે છે. રાજુ કાળુ સાથે જીવે છે અને કાળુ સાથે મૃત્યુ પામે છે. આમ, રાજુ અને કાળુનું દાંપત્યજીવન સારસ–બેલડી જેવું છે તે દર્શાવાયું છે.

રોહિણીના ચરિત્રનિર્માણના મૂળમાં જેમ કુમુદ છે, તેમ બંગાળી સાહિત્યના શરદચંદ્રની નારી પણ છે. શરદચંદ્રની નારી "સમર્પણશીલા" હોય છે. શરદબાબુની "બડી દિદિ" ની નાયિકા બાળવિધવા માધવીમાં આપણને સમર્પણશીલ નારીની તસ્વીર મળે છે. તો આપણી નાયિકા રોહિણીમાં પણ સેવા–સમર્પણ, વિનમ્રતા અને સહનશીલતાના ગુણો છે. તો રાજુ રવીન્દ્રનાથનાં નારીચરિત્રોમાં આવતી પ્રેયસી અને શ્રેયસી નારી જેવી દેખાય છે.

કુમુદ, રાજુ અને રોહિણીને આપણે ગુજરાતી સાહિત્યની અન્ય નાયિકાઓ સાથે સરખાવી શકીએ.

ગોવર્ધનરામની કુમુદ, પન્નાલાલની રાજુ અને "દર્શક"ની રોહિણી મુનશીની નવલકથાની નાયિકાઓ કરતાં વિચાર અને વર્તનમાં સ્પષ્ટ કરીતે જુદી જ તરી આવે છે. જોકે "સરસ્વતીચંદ્ર" ની નાયિકા કુમુદસુંદરી મુનશીની "ગુજરાતનો નાથ"ની નાયિકાની જેમ જ "સરસ્વતીનો અવતાર" છે. મંજરીને પોતાના રૂપ અને જ્ઞાનનો ગર્વ છે. મુનશીની મંજરી, મીનળદેવી, મૃણાલ વગેરે નાયિકાઓ શરૂઆતમાં પુરુષને તુચ્છ માને છે. પણ અંતે તો પુરુષના ચરણમાં જ શરણ શોધે છે. આ રીતનું ગર્વિષ્ઠપણું કુમુદ, રાજુમાં છે રોહિણીમાં નથી. ત્રણેય નાયિકાઓ પુરુષ કરતાં પોતાને ચઢિયાતી માનતી નથી અને પતિને દેવની જેમ પૂજે છે.

પન્નાલાલની "માનવીની ભવાઈ" નવલથાત્રયીની નાયિકા રાજુ અને "મળેલા જીવ" નવલકથાની નાયિકા જીવી બંનેને સરખાવતાં આપણે કહી શકીએ કે – રાજુ અને જીવી બંને પોતાના મનના માનેલા માણિગરને ન મેળવી શકવા બદલ જે વિરહવ્યથા અને વિયોગી કારુણ્ય અનુભવે છે તેમાં સામ્ય છે. પન્નાલાલ પોતાની બંને નાયિકાઓને વિરહના અગ્નિમાં તપાવ્યા પછી જ તેમને,

તેમના પ્રિયપાત્ર સાથે મેળવી આપે છે. "જીવીની તુલનામાં રાજુ જરા વધારે Sophesticated લાગે છે. રાજુને પોતાના સ્તને પોતાના પ્રેમીને લઈને અમૃત પિવડાવતી બતાવીને પન્નાલાલે નારીના વિરાટ રૂપનો એક રીતે મહિમા કર્યો છે."[૭]

પન્નાલાલની રાજુ અને જીવી જેવી જ વિરહવ્યથા કુમુદ અને રોહિણી પણ અનુભવે છે. રાજુ અને જીવીની જેમ કુમુદ અને રોહિણી પણ પોતાના આત્મલગ્નના સ્વામી માટે ઝૂરે છે. બધી જ નાયિકાઓની વિરહવ્યથા સમાન છે.

આમ, આપણે જોઈ શકીએ છીએ કે ગોવર્ધનરામ, પન્નાલાલ અને "દર્શક" વગેરેની નાયિકાઓને મહદઅંશે આદર્શરૂપ બતાવવામાં આવી છે. "નારીની દર્શનની વિભાવના મુજબ સ્ત્રી નિઃસ્વાર્થપણે માલિકીની ભાવના વિના પ્રેમ કરે છે. એ બીજા માટે જ જીવે છે અને આપત્તિઓને હસતે મોઢે સહન કરે છે."[૮]

કુમુદ, રાજુ અને રોહિણીના આદર્શ જીવનમાં આપણને ભારતીય હિંદુ નારીનાં દર્શન થાય છે. ત્રણેય સર્જકોએ ભારતીય આદર્શો અને પરંપરાને જાણ્યે–અજાણ્યે વશવર્તીને ચાલવાનું સ્વીકાર્યુ છે. ભલે ત્રણેય સર્જકોનો યુગસંદર્ભ નોખો હોય પણ કલેવરભેદે ત્રણેય સર્જકોએ લગભગ એક જ પ્રકારની નાયિકાનું નિર્માણ કર્યુ હોવાની છાપ પડે છે.

## સંદર્ભનોંધ

૧. "ઝેર તો પીધાં છે જાણી જાણી" ખંડ–૧, મનમુભાઈ પંચોળી "દર્શક", "ત્રણેય ભાગની સંયુકત પ્રથમ આવૃતિ : ઓકટોબર–૧૯૮૯ પ્રકાશન– આર.આર.શેઠની કંપની, પૃ.૨૭

૨. – એજન – પૃ. ૬૫

૩. – એજન – પૃ. ૬૪

૪. "સરસ્વતીચંદ્ર" ભાગ–૧, ગોવર્ધનરામ મા.ત્રિપાઠી, આવૃતિ–૧૯, ૧૯૮૮ પ્રકાશન–એન.એમ.ત્રિપાઠી પ્રા.લિ.પૃ. ૧૬

૫. "માનવીની ભાવઈ", પન્નાલાલ પટેલ, પહેલી આવૃતિ, ૧૯૪૭ અગિયારમું પુનર્મુદ્રણ–૧૯૯૨, સાધના પ્રકાશન, પૃ.૧૭૧

૬. "ઝેર તો પીધાં છે જાણી જાણી" ખંડ–૧, મનમુભાઈ પંચોળી "દર્શક", "ત્રણેય ભાગની સંયુકત પ્રથમ આવૃતિ : ઓકટોબર–૧૯૮૯ પ્રકાશન– આર.આર.શેઠની કંપની, પૃ.૩૮૮

૭. "માનુષી :સાહિત્યમાં નારી", અનિલા દલાલ, પ્રથમ આવૃતિ – ઓગષ્ટ ૧૯૯૨, સમ્યક પ્રકાશન, ક્રમ–આધુનિક બંગાળી અને ગુજરાતી સાહિત્યમાં નારી, પૃ.૮૯

૮. "ગોવર્ધનરામ કેટલાંક સમાશાસ્ત્રીય પાસાંઓ", "સરસ્વતીચંદ્ર" ભાગ–૧ની શતાબ્દી નિમિતે આયોજિત પરિસંવાદ", લેખ–ગોવર્ધનરામની નારી વિભાવના, સોનલ શુકલ, પ્રકાશન – સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત પૃ.૨૭.

ISBN-978-81-971187-3-9
First Edition

## સંદર્ભ સૂચિ – ૧


| | | | |
|---|---|---|---|
| ૧. | "સરસ્વતીચંદ્ર" ભાગ–૧ | : | ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, આવૃતિ–૧૯, ૧૯૮૮<br>પ્રકાશન–એન.એમ.ત્રિપાઠી પ્રા.લિ. |
| ૨. | "સરસ્વતીચંદ્ર" ભાગ–૨ | : | ગોવર્ધનરામ મા. ત્રિપાઠી, આવૃતિ–૧૫, ૧૯૮૫<br>પ્રકાશન–એન.એમ.ત્રિપાઠી પ્રા.લિ. |
| ૩. | "સરસ્વતીચંદ્ર" ભાગ–૩ | : | આવૃતિ–૧૧, ૧૯૭૩ |
| ૪. | "સરસ્વતીચંદ્ર" ભાગ–૪ | : | આવૃતિ–૧૧, ૧૯૬૮ |
| ૫. | "ગોવર્ધનરામ એક અધ્યયન" | : | રમણલાલ જોશી<br>બીજી સંશોધિત આવૃતિ, ૧૯૭૮<br>પ્રકાશન–એન.એમ.ત્રિપાઠી પ્રા.લિ. |
| ૬. | "ગોવર્ધનરામ શતાબ્દી ગ્રંથ" | : | સંપાદક – ઉપેન્દ્ર છ. પંડયા પહેલીવાર ઈ.સ. ૧૯૫૫ |
| ૭. | "ગોવર્ધનરામ પ્રતિભા" | : | સંપાદક – રમણલાલ જોશી, પહેલી આવૃતિ ૧૯૮૩ |
| ૮. | "શ્રી ગોવર્ધનરામ શતાબ્દી સ્મારક ગ્રંથ | : | સંપાદકો<br>– શ્રી વિષ્ણુપ્રસાદ ર.ત્રિવેદી<br>– શ્રી મગનભાઈ પ્ર.દેસાઈ<br>– શ્રી ઉપેન્દ્ર છ. પંડયા<br>– શ્રી યશવંત પ્રા.શુકલ<br>આવૃતિ ઓકટોબર ૧૯૫૫. |


## સંદર્ભ સૂચિ – ૨


| | | | |
|---|---|---|---|
| ૧. | "માનવીની ભવાઈ" | : | પન્નાલાલ પટેલ<br>પહેલી આવૃતિ, ૧૯૪૭<br>અગિયારમું પુનર્મુદ્રણ ૧૯૯૨, સાધના પ્રકાશન |
| ૨. | "ભાંગ્યાના ભેરું" | : | પન્નાલાલ પટેલ<br>પ્રથમ આવૃતિ, ૧૯૫૭<br>પાંચમું પુનર્મુદ્રણ ૧૯૮૬, સાધના પ્રકાશન |
| ૩. | "ઘમ્મર વલોણું" ભાગ–૧ અને ૨ | : | પન્નાલાલ પટેલ<br>પ્રથમ આવૃતિ, ૧૯૬૮<br>ત્રીજું પુનર્મુદ્રણ ૧૯૮૯, સાધના પ્રકાશન |
| ૪. | "જાનપદી નવલકથાકાર પન્નાલાલ" | : | લલ્લુભાઈ બી. પટેલ<br>પ્રથમ આવૃતિ, ૧૯૯૧<br>પૂર્વી પુસ્તક ભંડાર |

ISBN-978-81-971187-3-9
First Edition

૫. "પન્નાલાલ પટેલ" : પ્રમોદકુમાર પટેલ
ગુજરાતી ગ્રંથકાર શ્રેણી–૩૪.

## સંદર્ભ સૂચિ – ૩

૧. "ઝેર તો પીધાં છે જાણી જાણી" : મનુભાઈ પંચોળી "દર્શક"
ત્રણેય ભાગની સંયુકત પ્રથમ આવૃતિ, ઓકટોબર ૧૯૮૯
પ્રકાશન – આર.આર.શેઠની કંપની

૨. "દર્શક અધ્યયન ગ્રંથ" : રમેશ ર. દવે
પ્રથમ આવૃતિ, ડિસેમ્બર ૧૯૮૪
બાલગોવિંદ પ્રકાશન

૩. "દર્શકના દેશમાં" : રઘુવીર ચૌધરી
પ્રથમ આવૃતિ, એપ્રિલ ૧૯૮૦
પ્રકાશન – આર.આર. શેઠની કંપની

૪. "નવલકથાકાર દર્શક" : રમેશ ર. દવે
પ્રથમ આવૃતિ, માર્ચ ૧૯૮૯
બાલગોવિંદ પ્રકાશન

## સંદર્ભ સૂચિ – ૪

૧. "ગોવર્ધનરામ : કેટલાક સમાજશાસ્ત્રીય પાસાંઓ" : સંપાદક
:સરસ્વતીચંદ્ર ભાગ–૧ની શતાબ્દી નિમિતે સુધીર ચંદ્ર
આયોજિત પરિસંવાદ : પ્રકાશન–સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત.

૨. "સરસ્વતીચંદ્ર" : ડો. રામચંદ્ર પંડયા

૩. "વાગીશ્વરીનાં કર્ણફૂલો" : મનુભાઈ પંચોળી

૪. "ગુજરાતી નવલકથા" : લેખકો –
રઘુવીર ચૌધરી
રાધેશ્યામ શર્મા
ત્રીજી સંવર્ધિત આવૃતિ ૧૯૯૧
પ્રકાશન – યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

૫. "કથોપકથન" : ૧૯૬૯ : સુરેશ હ.જોષી

૬. "નવલકથા" : ડો. શિરીષ પંચાલ

૭. "કથાવિશ્વ" : સંપાદક –
બાબુ દાવલપુરા
નરેશ વૈદ્ય

૮. "મુનશીનાં સ્ત્રીપાત્રો" : લીના પરીખ

| | | | |
|---|---|---|---|
| ૯. | ''પરબ–નારીવાદ વિશેષાંક'' | : | સંપાદક<br>ચંદ્રકાન્ત ટોપીવાળા<br>વર્ષ–૩૧, અંક–૭, જુલાઈ ૧૯૯૦<br>પ્રકાશન – ગુજરાતી સાહિત્ય પરિષદ |
| ૧૦. | ''માનુષી : સાહિત્યમાં નારી'' | : | અનિલા દલાલ<br>પ્રથમ આવૃતિ : ઓગષ્ટ, ૧૯૯૨<br>સમ્યક પ્રકાશન |
| ૧૧. | ''ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ–૪'' | : | સંપાદકો<br>ઉમાશંકર જોશી<br>અનંતરાય રાવળ<br>યશવંશ શુકલ<br>પ્રથમ આવૃતિ ૧૯૮૧<br>પ્રકાશન – ગુજરાતી સાહિત્ય પરિષદ |
| ૧૨. | ''માયાલોક'' | : | વિનોદ અધ્વર્યુ અને કનુભાઈ જાની |
| ૧૩. | ''સદ્‌ભિ : સંગ'' | : | મનુભાઈ પંચોળી ''દર્શક''<br>પ્રથમ આવૃતિ, એપ્રિલ – ૧૯૮૯<br>આર.આર.શેઠની કંપની |
| ૧૪. | ''ગુજરાતી સાહિત્યકોશ''<br>ખંડ–૨ : અર્વાચીન કાળ | : | સંપાદક<br>રમેશ ર. દવે<br>રમણ સોની<br>પ્રકાશન : ગુજરાતી સાહિત્ય પરિષદ. |